અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૧૩

વર્ષ : ૧૭
અંક : ૮૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**દેશમાં એક એવી તાકાત છે, જેણે વોટિંગ સિસ્ટમને હાઇજેક કરી વોટ ડિલીટ કરી દીધા છે, નવા વોટ ઉમેરાઈ રહ્યા છે : દેશની લોકશાહી હાઇજેક થઈ ગઈ છે : રાહુલ**

## દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોના રક્ષક બની ગયા છે



। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૮ ।

રાહુલ ગાંધીએ વોટ ચોરી મુદ્દે વધુ એક સનસનીખેજ આક્ષેપ કર્યો છે. તેમણે ફરી એકવાર પ્રેસ કોન્ફરન્સ યોજીને વોટ ચોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ દરમિયાન તેમણે કેટલાક પુરાવા રજૂ કરીને દાવો કર્યો હતો કે, 'દેશમાં એક એવી તાકાત છે, જેણે વોટિંગ સિસ્ટમને હાઈજેક કરી વોટ ડિલીટ કરી દીધા છે, નવા વોટ ઉમેરાઈ રહ્યા છે. દેશની લોકશાહી હાઈજેક થઈ ગઈ છે. દેશના વોટ ચોરોને મુખ્ય ઈલેક્શન કમિશર જ છાવરી રહ્યા છે, જેના મારી પાસે સચોટ પુરાવા છે. હવે હું વોટ ચોરી મુદ્દે ટૂંક સમયમાં જ હાઈડ્રોજન બોમ્બ ફોડવાનો છું.' નોંધનીય છે કે, હાલમાં જ રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા પૂર્ણ થઈ છે. આ અંગે વધુ વાત કરતાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, મારું કામ લોકશાહી પદ્ધતિમાં ભાગ લેવાનો છે. તેની સુરક્ષા કરવાનું નથી. ભારતના ઈન્સ્ટિટ્યુશન્સ આ કામ કરી રહ્યા નથી. તેથી હું તેમનું કામ કરી રહ્યો છું. મારું કામ સત્ય બહાર લાવવાનું છે. ભારતની લોકશાહી હાઈજેક થઈ ગઈ છે. તેને દેશના લોકો જ બચાવી શકશે. મહારાષ્ટ્રનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, મહારાષ્ટ્રની રજોરા વિધાનસભા બેઠકમાં ઓનલાઈન વોટ ઉમેરવામાં આવ્યા હતા. કર્ણાટક સીઆઈડીએ ચૂંટણી પંચ પાસે માર્ચ મહિનામાં વોટ ચોરી મામલે માહિતી મગાવી હતી, જેમાં જેની જરૂર હતી તે સિવાય અન્ય તમામ વિગતો સીઆઈડીને આપી. સીઆઈડીએ આ મામલે ચૂંટણી પંચને ૧૮ રિમાન્ડર પત્રો લખ્યા. ચૂંટણી પંચના કમિશ્નર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોને છાવરી રહ્યા છે. અમારી માગ છે કે, જ્ઞાનેશ કુમાર કર્ણાટકની સીઆઈડીને એક સપ્તાહની અંદર તમામ પુરાવા આપો. રાહુલ ગાંધીએ સનસનીખેજ આક્ષેપો કરતાં કહ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોને બચાવી રહ્યા છે. આ દાવાના મારી પાસે પુરાવા છે, જેને નકારી શકાય નહીં. આ પુરાવા બ્લેક એન્ડ વ્હાઈટ છે. અમારી પાસે પુરાવા છે કે દેશભરમાં લઘુમતી, દલિતો, આદિવાસી અને ઓબીસીના લાખો વોટ કાઢી નંખાયા છે. આ ખાલી વિપક્ષના વોટ કાપવાની ટ્રીક છે. કર્ણાટકની આલંદ વિધાનસભા બેઠકનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં અહીં ૬૦૧૮ મતો કાઢી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે એક બીએલઓએ જોયું કે તેમના કાકાનો વોટ જ કાઢી નાખવામાં આવ્યો છે. જાણવા મળ્યું કે આ એક પાડોશીના નંબર પરથી થયું છે. જ્યારે તેમણે પાડોશી સાથે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે તેમને ખબર પણ નથી કે કેવી રીતે કાઢી નાખવામાં આવ્યું. રાહુલ ગાંધીએ કહ્યું કે અન્ય રાજ્યોના મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને ઓનલાઈન ફોર્મ સબમિટ કરવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીએ ગોદા બાઈ નામની એક મહિલાનું ઉદાહરણ પણ આપ્યું. તેમના નંબર પરથી કુલ ૧૨ વોટ ડિલીટ કરાયા હતા અને તેમને તેની જાણ પણ નહોતી. તેમણે સૂર્યકાંત નામના બીજા વ્યક્તિના નામે ૧૨ લોકોના નામ ડિલીટ થવાનું ઉદાહરણ પણ આપ્યું. રાહુલ ગાંધીએ કહ્યું કે માત્ર ૩૬ સેકન્ડમાં બે ફોર્મ ભરાઈ ગયા. આટલા ઓછા સમયમાં બે ફોર્મ કેવી રીતે ભરાઈ શકે? વધુમાં, આ સમય પણ સવારે ૪:૦૭ વાગ્યાનો હતો. રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં મતદાર ગોડાબાઈનો વીડિયો બતાવી વોટ ચોરી મુદ્દે વાત શરુ કરી હતી. તેમણે કહ્યું કે, હું પુરાવા સાથે મારી વાત કહી રહ્યો છું. દેશના દલિત અને ઓબીસી ટાર્ગેટમાં છે. હું આપણા દેશ અને બંધારણને પ્રેમ કરું છું. હું બંધારણની રક્ષા કરીશ. કર્ણાટકના આલંદમાં ૬૦૧૮ મતદારોના નામ દૂર કરી દેવામાં આવ્યા.

### અમેરિકન ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો જાહેર કર્યો



। વોશિંગ્ટન, તા.૧૮ ।

અમેરિકન ફેડરલ રિઝર્વે બુધવારે વ્યાજના દરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો જાહેર કર્યો છે. આ સાથે અમેરિકામાં બેન્ચમાર્ક રેટ ૪.૨૫ ટકાથી ઘટીને ૪ ટકા થઈ ગયા છે. ડિસેમ્બર ૨૦૨૪ પછીથી ફેડરલ રિઝર્વે સૌપ્રથમવાર વ્યાજદરમાં ઘટાડો કર્યો છે. આ સાથે ફેડરલ રિઝર્વે ચાલુ વર્ષે વધુ બે રેટ કટની સંભાવના પણ દર્શાવી છે જેને પગલે ડાઉ જોન્સ ઈન્ડેક્સ ૪૫૦ પોઈન્ટ જેવો ઉછળી ગયો હતો. જોકે ત્યાર બાદ રેટ કટની અસર ઓસરી ગઈ હતી અને ડાઉ ૧૫૦ વધતો જોવાયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા પછીથી પ્રથમ રેટ કટ છે. ફેડરલ રિઝર્વની ઓપન માર્કેટ કમિટીની મીટિંગ ૧૬-૧૭ના રોજ યોજાઈ હતી, જેના અંતે વ્યાજદરમાં ઘટાડાનો નિર્ણય લેવાયો હતો. ફુગાવાની ચિંતા વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું દબાણ કામ કરી ગયું તેમ નિષ્ણાતો માને છે. જોકે ફેડની કમિટીએ આ નિર્ણય ૧૧ વિરુદ્ધ ૧થી લીધો હતો, જે દર્શાવે છે કે વ્યાજદર ઘટાડા અંગે મોટાભાગે નિર્ણય સંમતિથી લેવાયો છે. કમિટીએ સ્ટેટમેન્ટમાં કહ્યું કે 'આર્થિક આઉટલૂક અંગે અનિશ્ચિતતા વધી છે'.ગત સપ્તાહે બેરોજગારીના ડેટા ખરાબ આવ્યા હતા જેણે લેબર માર્કેટમાં નરમાઈનો સંકેત આપ્યો હતો.

**પૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે ઘુસણખોરોનું રાજકારણ એ રાહુલ ગાંધીનો એકમાત્ર એજન્ડા છે**

## ભારતમાં બાંગ્લાદેશ અને નેપાળ જેવી સ્થિતિ પેદા કરવા માંગે છે રાહુલ ગાંધી

### ૨૦૨૩માં આલંદ વિધાનસભા મતવિસ્તારમાંથી નામ દૂર કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર પર વોટ ચોરીના આરોપોની ભાજપના નેતાઓ દ્વારા ટીકા કરવામાં આવી છે. ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના વોટ ચોરીના આરોપો પર વળતો પ્રહાર કર્યો છે. કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે રાહુલ ગાંધીના "વોટ ચોરી"ના આરોપોની ટીકા કરતા ઠાકુરે કહ્યું કે રાહુલ ગાંધી ભારતમાં બાંગ્લાદેશ અને નેપાળ જેવી પરિસ્થિતિ ઊભી કરવા માંગે છે. ભારતનું ચૂંટણી પંચ કોઈપણ પક્ષપાત વિના કામ કરી રહ્યું છે. રાહુલ ગાંધી લોકશાહીને નબળી પાડી, નાગરિકોને ગેરમાર્ગે દોરવા અને બાંગ્લાદેશ અને નેપાળ જેવી પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ કરવામાં વ્યસ્ત છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે ઘુસણખોરોનું રાજકારણ એ રાહુલ ગાંધીનો એકમાત્ર એજન્ડા છે. તેમણે કહ્યું કે જો ગેરકાયદેસર મતદારોને બચાવવાના કોંગ્રેસના કથિત એજન્ડાને પ્રોત્સાહન આપીએ તો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના હિતોને સૌથી વધુ નુકસાન થશે. ચીફ ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમારની વારંવાર ટીકા બાદ ચૂંટણી પંચનો બચાવ કરતાં ભાજપના નેતાએ યુપીએ સરકારમાં મંત્રી તરીકે સેવા આપનારા ભૂતપૂર્વ ચીફ ઈલેક્શન કમિશનર એમએસ ગિલ અને કોંગ્રેસની ટિકિટ પર લોકસભા ચૂંટણી લડનારા ટીએન શેષનના સંબંધોનો ઉલ્લેખ કરતાં વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે, ૨૦૨૩ માં આલંદ વિધાનસભા મતવિસ્તારમાંથી નામ દૂર કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. ચૂંટણી પંચે પોતે જ આ સંદર્ભમાં FIR નોંધવાનો આદેશ આપ્યો હતો. ચૂંટણી પંચે પહેલાથી જ મોબાઈલ નંબર અને IP એડ્રેસ આપ્યા હતા. તેમ છતાં કોંગ્રેસ શાસિત કર્ણાટકની CIDએ અત્યાર સુધી શું કર્યું? રેકોર્ડ મુજબ, કોંગ્રેસના ઉમેદવાર આલંદ વિધાનસભા મતવિસ્તાર જીત્યા હતા. તો, શું કોંગ્રેસ મત ચોરી કરીને જીતી? રાહુલ ગાંધીએ પોતે તેમની પ્રેસ કોન્ફરન્સમાં સ્વીકાર્યું કે તેઓ લોકશાહી બચાવવા માટે અહીં આવ્યા નથી. જો તેઓ બચાવવા માટે નથી આવ્યો તો શું તેમનો હેતુ તેનો નાશ કરવાનો છે? ટૂલકીટની મદદથી, તેઓ સતત આપણી બંધારણીય સંસ્થાઓ પર સવાલ ઉઠાવી રહ્યા છે.



**ચૂંટણી પંચે મત ચોરીના મુદ્દા પર જવાબ આપ્યો**

### કોઈપણ સામાન્ય નાગરિક ઓનલાઈન મત ડિલીટ ન કરી શકે

લોકસભામાં નેતા વિપક્ષ અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ગુરૂવાર (૧૮ સપ્ટેમ્બર) એ પત્રકાર પરિષદ દરમિયાન ચૂંટણી પંચ પર વોટ ચોરીને લઈને ગંભીર આરોપ લગાવ્યા હતા. આ મામલે ચૂંટણી પંચનો જવાબ આવ્યો છે. ચૂંટણી પંચે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા રાહુલ ગાંધીના બધા આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. રાહુલે કહ્યુ હતુ કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોને બચાવી રહ્યાં છે. ચૂંટણી પંચે રાહુલ ગાંધીની પત્રકાર પૂર્ણ થયા બાદ તેનો જવાબ આપ્યો છે. ચૂંટણી પંચે એક્સ પર પોસ્ટ શેર કરતા લખ્યું- રાહુલ ગાંધીના આરોપ ખોટા અને પાયાવિહોણા છે. ચૂંટણી પંચે પોતાના જવાબમાં આ વાત કહી, - કોઈપણ સામાન્ય નાગરિક ઓનલાઈન મત ડિલીટ ન કરી શકે. રાહુલ ગાંધીએ આ મુદ્દે ખોટી જાણકારી આપી છે. - વોટ ડિલીટ કરતા પહેલા પ્રભાવિત વ્યક્તિને સુનાવણીની તક આપવામાં આવે છે. - ૨૦૨૩મા અલંદ વિધાનસભા ક્ષેત્રમાં વોટર ડિલીટ કરવાનો નિષ્ફળ પ્રયાસ થયો હતો, જેના પર ચૂંટણી પંચે ખુદ FIR નોંધાવી હતી. ચૂંટણી પરિણામઃ અલંદ વિધાનસભાથી ૨૦૧૮મા ભાજપના સુબુધ ગુટ્ટેદાર જીત્યા, જ્યારે ૨૦૨૩મા કોંગ્રેસના બી.આર પાટિલ જીત્યા. રાહુલ ગાંધીએ પત્રકાર પરિષદ દરમિયાન કહ્યુ- કર્ણાટકના અલંદમાં વોટ ચોરી થી. અમે ચોરી પકડી લીધી. BLO એ જોયું કે તેના પરિવારજનોના મત ડિલીટ કરી દેવામાં આવ્યા હતા.

**શાંતિ સ્થાપનામાં ભારતનો પૂર્ણ સહયોગ**

### નેપાળના વચગાળાના પ્રમુખ સુશીલા કાર્કી સાથે પીએમ મોદીની વાતચીત

। (એજન્સી) નવીદિલ્હી, તા.૩ ।

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળની વચગાળાની સરકારના વડાપ્રધાન સુશીલા કાર્કી સાથે ટેલિફોનિક વાતચીતના માધ્યમથી Gen Z આંદોલન દરમિયાન થયેલા જાનમાલના નુકસાન પર સંવેદના વ્યક્ત કરી છે. આ અંગે વડાપ્રધાન મોદીએ પોતે જાણકારી આપી હતી. પીએમ મોદીએ X પર પોસ્ટ કરતાં લખ્યું કે, નેપાળની વચગાળાની સરકારના વડાપ્રધાન સુશીલા કાર્કી સાથે ટેલિફોનિક વાતચીત કરી. હાલમાં જ થયેલા જાનમાલ નુકસાન પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમજ શાંતિ અને સ્થિરતા સ્થાપિત કરવાના પ્રયાસો માટે ભારતનું દ્રઢ સમર્થન હોવાની ખાતરી આપી હતી. તેમજ મેં તેમને અને નેપાળના લોકોને તેમના રાષ્ટ્રીય દિવસ (૧૯ સપ્ટેમ્બર) પર હાર્દિક શુભકામના પણ પાઠવી છે. ઉલ્લેખનીય છે, નેપાળમાં ૨૦૧૫ના રોજ નવા બંધારણની જાહેરાતના ભાગરૂપે નેપાળી કેલેન્ડર અનુસાર, અહોજ ૩ (આ વર્ષે ૧૯ સપ્ટેમ્બરે)ના રોજ બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. નેપાળમાં યુવાનોએ સોશિયલ મીડિયા પ્રતિબંધ વિરૂદ્ધ સરકાર વિરૂદ્ધ Gen Z આંદોલન છેડ્યું હતું. જે બાદમાં ભ્રષ્ટાચાર, અસમાનતામાં તબદીલ થયુ હતું.

**શંકાસ્પદનું એન્કાઉન્ટર કરાયું**

### અમેરિકાના પેન્સિલવેનિયામાં અંધાધૂંધ ગોળીબારમાં 3 પોલીસકર્મીની હત્યા

। (એજન્સી) વોશિગ્ટન, તા.૧૮ ।

અમેરિકાના પેન્સિલવેનિયામાં પોલીસ અને એક બંદૂકધારી વચ્ચે થયેલી અથડામણમાં ત્રણ પોલીસ અધિકારીઓ શહીદ મૃત્યુ પામ્યા છે, જ્યારે અન્ય બે ઘાયલ થયા છે. આ ઘટના કોડોરસ ટાઉનશીપમાં બની હતી.રાજ્ય પોલીસ કમિશનરે જણાવ્યું કે, 'પોલીસે ઘરેલુ ઝઘડાની તપાસ માટે કાર્યવાહી હાથ ધરી હતી, તે દરમિયાન અચાનક બંદૂકધારીએ પોલીસ પર ગોળીબાર શરૂ કરી દીધો. પોલીસે પણ જવાબી કાર્યવાહી કરી જેમાં બંદૂકધારી માર્યો ગયો.'ઘાયલ થયેલા બે અધિકારીઓને હેલિકોપ્ટર દ્વારા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેમની હાલત ગંભીર છે. અધિકારીઓએ હુમલાખોરની ઓળખ જાહેર કરી નથી, કે ન તો મૃત્યુ પામેલા પોલીસ અધિકારીઓ કઈ એજન્સીના હતા તે જણાવ્યું છે. એટર્ની જનરલ પામેલા બોન્ડીએ આ ઘટનાની નિંદા કરી છે અને તેને સમાજ માટે શ્રાપ ગણાવી છે.

**પાકિસ્તાની પીએમઓ દ્વારા નિવેદન જાહેર**

### પાકિસ્તાન-સાઉદી વચ્ચે NATO દેશો જેવી મોટી ડીલ, કોઈ એક પર એટેક બંને પર હુમલો ગણાશે

। (એજન્સી) રિયાધ, તા.૧૮ ।

જ્યારથી ઈઝરાયલે કતાર પર હુમલો કર્યો છે ત્યારથી સમગ્ર મુસ્લિમ દેશોમાં ફફડાટની સ્થિતિ જોવા મળી રહી છે. આ દરમિયાન ઈઝરાયલ સામે કાર્યવાહી કરવી એ પણ તેમની સામે એક મોટો પડકાર છે. આ સૌની વચ્ચે મુસ્લિમ દેશો એકજૂટ થઈને NATO જેવી સેના ઊભી કરવાના પ્રયાસો કરી રહ્યા છે. આ દિશામાં સાઉદી અરબ પાકિસ્તાને સાથે મળીને એક મોટું પગલું ભર્યુ છે. માહિતી અનુસાર પાકિસ્તાન અને સાઉદી અરબે એક મહત્ત્વપૂર્ણ ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા. જે કરારનું નામ સ્ટ્રેટજિક મ્યુચ્યુઅલ ડિફેન્સ એગ્રીમેન્ટ રખાયું છે. આ ડીલ હેઠળ નક્કી થયું છે કે જો કોઈ એક દેશ પર હુમલો થશે તો તે બંને દેશો પર હુમલો ગણાશે. આ સમજૂતી પાક. પીએમ શાહબાઝ શરીફની સાઉદીની યાત્રા દરમિયાન થઈ હતી. સાઉદી અરબમાં અલ યમામા પેલેસ ખાતે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું. પાકિસ્તાની મીડિયાના અહેવાલો અનુસાર પાકિસ્તાની પીએમઓ અનુસાર એક નિવેદન જાહેર કરાયું હતું જેમાં કહેવાયું હતું કે આ સમજૂતી બંને દેશોની લગભગ આઠ દાયકા જૂની ભાગીદારી પર આધારિત છે જેને ભાઈચારા, ઈસ્લામિક એકજૂટતા અને સંયુક્ત વ્યૂહાત્મક હીતોએ મજબૂત બનાવ્યા છે.



### ચાર મહિનાથી પરિવાર સાથે નથી થઈ કોઈ વાત

# દીકરો તુષાર રાણપરા વિદેશમાં નોકરીની લાલચે ફસાઈ ગયો

## છેલ્લા ૪ મહિનાથી તુષાર સાથે કોઈ વાતચીત ન થતા તેનો પરિવાર ભારે આક્રંદ સાથે પોલીસ સ્ટેશન પહોંચ્યો

। (એજન્સી) વડોદરા, તા.૧૮ ।

પૈસા કમાવવાની લાલચમાં વિદેશ જતા યુવાનો માટે ચેતવણીરૂપ કિસ્સો હાલ વડોદરામાંથી સામે આવ્યો છે. જ્યાં વડોદરાનો રાણપરા પરિવારનો એકનો એક દીકરો ૨૭ વર્ષીય યુવાન તુષાર રાણપરા વર્ષ ૨૦૨૪માં દુબઈમાં નોકરી કરવા ગયો હતો, ત્યાંથી અન્ય જગ્યાએ પૈસા કમામવાની લાલચ આપી અન્ય એજન્ટની જાળમાં કે ફસાઈ ગયો છે. છેલ્લા ૬ મહિનાથી તેનો કોઈ પત્તો નથી, જેથી તેનો પરિવાર ભારે આક્રંદ કરી રહ્યો છે. ત્યારે આ મામલે તુષારના પિતા નાગર રાણપરાએ સમા પોલીસ મથકે એજન્ટો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તુષાર રાણપરા, પિતા નાગરભાઈના એક મિત્ર(એજન્ટ)ની મદદથી ૧.૫ વર્ષ પહેલા દુબઈ પહોંચ્યો હતો. જ્યાં દુબઈમાં તેણે ૬ મહિના નોકરી કરી હતી. ત્યાર બાદ તેને બીજા એજન્ટે વધુ સારી નોકરીની લાલચ આપીને બેંગકોક (થાઈલેન્ડ) કે કંબોડિયા તરફ લઈ જવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. જોકે તુષાર સાથે તેના માતા-પિતાએ ૪ મહિના પહેલાં છેલ્લી વાતચીત કરી હતી, જ્યારે તુષારે તેની માતાને કહ્યું હતું કે, "મમ્મી તમે ચિંતા ન કરતા, હું અહીં સલામત છું." ત્યાર બાદથી તેનો કોઈ સંપર્ક થઈ રહ્યો નથી.

આ અંગે વધુ માહિતી આપતા તુષારના પિતા નાગરભાઈ રાણપરાએ જણાવ્યું, કે "મારો એકમાત્ર દીકરો તુષાર ૨૭ વર્ષનો છે. પૈસા કમાવવાના ચક્કરમાં મારા જ મિત્ર (એજન્ટ)ની મદદથી તે દુબઈ ગયો હતો. ત્યાં તેને ૬ મહિના કામ કર્યું અને પછી તેને બીજો એજન્ટ મળ્યો હતો, આ બીજા એજન્ટે તેને બેંગકોક કે કંબોડિયામાં વધુ પગારની લાલચે નોકરી આપવાનું કહ્યું હતું, શરૂઆતમાં તુષાર વીડિયો કોલ કરીને લોકેશન બતાવતો હતો, જેમાં ચારેય બાજુ પહાડી વિસ્તાર અને એક મોટું બૌદ્ધ મંદિર દેખાતું હતું. જેથી તે લોકેશન કોઈ રહેઠાણ વિસ્તારમાં નહોતો લાગતો, હાલ મને લાગે છે કે, તેને કોઈએ બંધક બનાવીને રાખ્યો છે અને તે કોઈ ફ્રોડ કંપનીનો શિકાર બન્યો છે."

જ્યારે ભારે આક્રંદ સાથે તુષારના માતા નીતા રાણપરાએ રડતાં-રડતાં કહ્યું કે, "આજથી ૧.૫ વર્ષ પહેલાં તુષાર પૈસા કમાવવા દુબઈ ગયો હતો. ત્યાં ૬ મહિના નોકરી કરી અને પછી અન્ય એજન્ટની મદદથી કોઈ અન્ય જગ્યાએ પહોંચ્યો હતો. ત્યારે તેણે ૪ મહિના પહેલા મારી સાથે વાતચીત કરી હતી. જોકે તે બાદથી જ તેનો કોઈ અતોપતો નથી. જેથી મને લાગે છે કે, તેને કોઈએ ફસાવ્યો છે અને તે હાલ મુશ્કેલીમાં છે. ત્યારે અમે સરકાર અને પોલીસ પાસે હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે મારા દીકરાને પરત લાવી આપો."

### બિહાર ઉપાડી લઇ જઇ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી

# વાપીમાં કિશોરી સાથે દુષ્કર્મ આચરનાર આરોપીને ૨૦ વર્ષની કેદ

## વર્ષ ૨૦૧૮માં કિશોરીના માતા-પિતા વતન ગયા તે વેળા આરોપીએ ગંભીર કૃત્ય કર્યું હતું

। (એજન્સી) વાપી, તા.૧૮ ।

વાપીના ચણોદ વિસ્તારમાં રહેતા પરિવારની કિશોરી સાથે દુષ્કર્મ કરવાના કેસમાં વાપી એડિશનલ એન્ડ સેશન્સ કોર્ટે આરોપીને ૨૦ વર્ષની કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે. વર્ષ ૨૦૧૮માં કિશોરીના માતા-પિતા વતન ગયા તે વેળા આરોપીએ ગંભીર કૃત્ય કર્યું હતું. કેસની વિગત એવી છે કે વાપીના ચણોદ ગામે પરિવાર રહે છે. ગત તા.૦૭-૦૬-૨૦૧૮ના રોજ દંપતિ માદરે વતન ભાવનગર ગયું હતું. દંપતિને સગીર વયની પુત્રી કામીની (નામ બદલ્યું છે) ને બિલ્ડિંગમાં જ રહેતા સંબંધીને ત્યાં મુકી ગયા હતા. ગત તા.૦૮-૦૬-૨૦૧૮ના રોજ બિલ્ડિંગમાં જ રહેતા અનિકેત હરેન્દ્ર સિંધે કામીનીને ઈસારો કરી બોલાવી રૂમમાં લઇ ગયો હતો. બાદમાં દરવાજો બંધ કરી અનિકેતે કામીનીનું શારીરિક શોષણ કર્યુ હતું. એટલું જ નહી પણ અનિકેતે આ વાત કોઈને કરશે તો બિહાર ઉપાડી લઈ જઈ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. કામીની માતા વતનથી આવ્યા બાદ આખી બીના જણાવી હતી. અનિકેતના ગંભીર કૃત્ય અંગે માતાએ પોલીસમાં ફરિયાદ કરાયા બાદ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી પાડયો હતો. પોલીસે કોર્ટમાં ચાર્જશીટ પણ દાખલ કરી હતી.

### ભરૂચ પોલીસે પીછો કરતા બિયરનો જથ્થો ભરેલી કાર છોડી ચાલક ફરાર

। (એજન્સી) ભરૂચ, તા.૧૮ ।

વાલીયા પોલીસે વાંદરિયાગામ ખાતેથી બિયરનો જથ્થો ભરેલી કાર ઝડપી રૂ. ૧.૬૩ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી ચાલકને ફરાર જાહેર કર્યો હતો. વાલીયા પોલીસ ટીમને બાતમી મળી હતી કે, દારૂનો જથ્થો ભરેલ લાલ કલરની કાર લઈ ગુંદીયા ગામનો વિશાલ અજીતભાઈ વસાવા ગુંદીયાગામથી જંબુગામ થઈ વાલીયા તરફ જવાનો છે. જેથી પોલીસે જંબુગામ પાટીયા પાસે વોચ ગોઠવી હતી. અને બાતમી મુજબની કારને રોકવાનો પ્રયાસ કરતા તેણે ઉભી ન રાખી વાંદરીયા ગામ તરફ કાર હંકારી હતી. પોલીસે પીછો કરતા કાર ચાલક નદી કિનારે કાર મૂકી નાસી છૂટ્યો હતો.

### ગીર સોમનાથમાં વીજકર્મી પર હુમલાના કેસમાં ફરિયાદ નોંધાઈ

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૧૮ ।

ગીર સોમનાથમા હુમલામાં વીજ કંપનીના ૨ કર્મચારીઓને થઈ હતી ઈજા અને ઈજાગ્રસ્ત ઈજનેર પ્રતિક કટારીયાએ નોંધાવી ફરિયાદ, સુત્રાપાડાના કણજોતર ગામે વીજ ચેકિંગ ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો, સુત્રાપાડા પોલીસે ૨ મહિલા સહિત ૦૪ વિરુદ્ધ નોંધી ફ્રીંઈ, ઈજાગ્રસ્ત પ્રભાસ પાટણના જુ.ઈજનેર પ્રતીક કટારીયા છે, વીજ ચેકિંગ માટે ગયેલ ટીમ પર કર્યો હતો હુમલો, ૦૨ કર્મચારીઓ બન્યા હતા ઈજાગ્રસ્ત. સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૭ જેટલી અલગ-અલગ ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ વિજ ટીમ સુત્રાપાડાના રાખેજ ગામેથી કણજોતર ગામે પ્રવેશતાની સાથે જ ગામના મહિલા અને પુરુષોના ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

### મહિલાઓની સુરક્ષા પર પોલીસ આપશે વધુ ધ્યાન

# અમદાવાદમાં ગરબા માટે ૧૨ વાગ્યા સુધીની જ મંજૂરી આપવામાં આવશે

## એસજી હાઈવે-સિંધુ ભવન રોડ પર બંદોબસ્ત ગોઠવાશે અને ટ્રાફિકની સમસ્યા નિવારવા પોલીસ કાર્યરત રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં ગરબા માટે ૧૨ વાગ્યા સુધીની જ મંજૂરી આપવામાં આવશે. નવરાત્રી દરમિયાન રાતભર પોલીસ તૈનાત રહેશે. મહિલાઓની સુરક્ષા પર અમદાવાદ પોલીસ વધુ ધ્યાન આપશે. નવરાત્રીમાં બંદોબસ્તને લઈ અમદાવાદ પોલીસે એકશન પ્લાન બનાવ્યો હતો. નવરાત્રિના નવ દિવસ ખેલૈયાઓ ઉત્સાહભેર ગરબાની રમઝટ બોલાવશે. જેમાં અમદાવાદ સહિતના મોટા શહેરોમાં વિવિધ પાર્ટી પ્લોટ, સોસાયટીઓમાં ગરબાનું આયોજન કરવામાં આવે છે. નવરાત્રી દરમિયાન અમદાવાદમાં ગરબા દાંડિયાને લઈ અનેક મોટા આયોજનો થઈ રહ્યા છે. કેટલાક આયોજકો સૂર્યાસ્તથી લઈ સૂર્યોદય સુધી ગરબાના આયોજન કર્યાનો પ્રચાર- પ્રસાર પણ શરૂ કરી દીધો છે. આ તમામની વચ્ચે રાજ્યના સૌથી મોટા એવા આ શહેરમાં ગરબા ઉત્સવ દરમિયાન કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય અને કાયદો વ્યવસ્થા જળવાય તે માટે એકશન પ્લાન તૈયાર કરી દેવાયો છે. નવરાત્રીની રાત્રીઓમાં મોડી સાંજ સુધી ઠેર- ઠેર બંદોબસ્ત ગોઠવવાની સાથેસાથે મહિલાઓની સુરક્ષા પર ખાસ ભાર આપવાની પોલીસની રણનીતિ છે. સાથે જ ટ્રાફિક વ્યવસ્થા સૂચારૂ રૂપે ચાલે તેવું પણ આયોજન છે. ખાસ કરીને એસજી હાઈવેથી એસપી રિંગ રોડ વચ્ચેના બેલ્ટ પર અનેક મોટા આયોજનો થઈ રહ્યા છે ત્યારે આ વિસ્તારોમાં ટ્રાફિકને લઈ ખાસ પ્લાન તૈયાર કરાયો છે. કેમ કે કેટલાક આયોજકો રાતભર ગરબાના આયોજનની વાતો કરે છે ત્યારે ક્રાઈમ કોન્ફરન્સ બાદ અમદાવાદ શહેર પોલીસ કમિશનરે સમય મર્યાદાને લઈ સ્પષ્ટતા કરી હતી. કેમ કે રાત્રી દરમિયાન લાઉડ સ્પીકર વગાડવાને લઈ અદાલતના આદેશ પ્રમાણે સમય મર્યાદાનું પાલન કરવાનું હોય છે ત્યારે પોલીસ કમિશનર જી.એસ.મલિકની આ સ્પષ્ટતા ઘણી સૂચક છે.

### સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત રિજનમાં આગાહી, અત્યાર સુધી રાજ્યમાં ૨૯% જેટલો વધુ વરસાદ નોંધાયો

# આગામી 3 દિવસ કેટલાક જિલ્લામાં ભારે વરસાદને લઈ એલર્ટ જાહેર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાતમાં ચોમાસું સત્તાવાર રીતે વિદાય લેવાની તૈયારીમાં છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૩ દિવસ સુધી રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત રિજનમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલ રાજ્યમાં મોનસુન ટ્રફ સક્રિય હોવાના કારણે દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી છે. આ સમય દરમિયાન પવનની ગતિ ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. જોકે અત્યાર સુધી રાજ્યમાં ૨૯% જેટલો વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં આગામી ત્રણ દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી વરસાદમાં રાહત જોવા મળી રહી છે. જોકે, આ રાહત ફક્ત થોડા સમય પૂરતી જ રહેશે. કારણ કે, હવામાન વિભાગે ફરી નવી આગાહી કરી છે. રાજ્યના અમુક ભાગોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. રાજસ્થાનમાંથી ચોમાસાની વિદાય શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં પણ ઉત્તર ભાગમાંથી ચોમાસું વિદાય લઈ રહ્યું છે. પરંતુ કેટલાક ભાગોમાં હજુ પણ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગામી નવરાત્રિના તહેવાર દરમિયાન પણ હળવા વરસાદની શક્યતા રહેલી છે, જે ખેલૈયાઓની મજા બગાડી શકે છે. દક્ષિણ ગુજરાતમાં સક્રિય ચોમાસાને કારણે ભારે વરસાદ પડી શકે છે. આ વિસ્તારોમાં યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં મુખ્યત્વે વલસાડ, નવસારી, તાપી, ડાંગ, દમણ અને દાદરા અને નગર હવેલીનો સમાવેશ થાય છે. અહીંના વાતાવરણમાં અસ્થિરતાને કારણે છૂટાછવાયા વિસ્તારોમાં જોરદાર વરસાદ જોવા મળી શકે છે. બંગાળની ખાડીમાં સર્જાયેલ સિસ્ટમ ગુજરાતમાં પણ ૧૭ સુપ્ટેમ્બર બાદ વરસાદ લાવે તેવી શકયતાં છે. બંગાળની ખાડીમાં વધુ એક સિસ્ટમ આકાર લેતાં ફરી ગુજરાતમાં ભારે વરસાદનું અનુમાન છે. આ સિસ્ટમના કારણે ખાસ કરી દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ વરસશે. મેઘરાજાએ રાજ્યમાં જોરદાર બેટિંગ કર્યા બાદ હાલ મોટાભાગના વિસ્તારમાં વરસાદે લગભગ વિરામ લીધો છે. બંગાળની ખાડીમાં સર્જાયેલ સિસ્ટમ ગુજરાતમાં પણ ૧૭ સુપ્ટેમ્બર બાદ વરસાદ લાવે તેવી શકયતાં છે. બંગાળની ખાડીમાં વધુ એક સિસ્ટમ આકાર લેતાં ફરી ગુજરાતમાં ભારે વરસાદનું અનુમાન છે. આ સિસ્ટમના કારણે ખાસ કરી દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ વરસશે. મેઘરાજાએ રાજ્યમાં જોરદાર બેટિંગ કર્યા બાદ હાલ મોટાભાગના વિસ્તારમાં વરસાદે લગભગ વિરામ લીધો છે.

### મહેસાણાના વિસનગરમાં લુખ્ખા તત્વો બેફામ થયા, વિસનગરમાં લુખ્ખા તત્વો બેફામ

। (એજન્સી) મહેસાણા, તા.૧૮ ।

મહેસાણાના વિસનગરમાં લુખ્ખા તત્વો બેફામ થયા છે, જાણે પોલીસનો અને કાયદાનો ડર રહ્યો ના હોય એમ યુવકને બેફામ માર મારવામાં આવી રહ્યો છે, વિસનગરના ગેલેકસી માર્કેટ પાસે આ ઘટના બની હોવાની વાત સામે આવી છે, પોલીસે સમગ્ર કેસમાં ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે અને પાંચ આરોપીની ધરપકડ કરી છે. મહેસાણાના વિસનગરમાં ગેલેકસી માર્કેટ પાસે યુવક પર હુમલો કરવામાં આવ્યો છે, જેમાં યુવકને પાંચ લોકો ધોળા દિવસે ગડદાપાટુનો માર મારીને ઢીબી નાખે છે, લોખંડની પાઈપ અને ગડદાપાટુનો માર મારવામાં આવ્યો છે અને લોકો તમાશો જોઈ રહ્યાં છે, રાવત ચંદ્રપ્રકાશ ઉર્ફે ભુરા સહિત પાંચની ધરપકડ કરવામાં આવી છે, કઈ બાબતે યુવકને માર મારવામાં આવ્યો છે તેની માહિતી સામે આવી નથી. વિસનગર પોલીસ આવા લુખ્ખાઓનું સરઘસ કાઢે તે જરૂરી બન્યું છે. યુવકને ધોળા દિવસે માર મારવામાં આવી રહ્યો છે, અને લોકો જોઈને તમાશો જોતા હતા, યુવકને કોઈ છોડાઈ પણ રહ્યું ન હતુ, ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે અને વિસનગર પોલીસ આવા લુખ્ખાઓની શાન ઠેકાણે લાવે તે જરૂરી બન્યું છે,

### આમોદ પાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરનું સફાઈનું નાટક

। (એજન્સી) ભરૂચ, તા.૧૮ ।

ભરૂચની આમોદ નગર પાલિકામાં 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમના નામે ફક્ત દેખાવો કર્યો હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાનો એક વીડિયો તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. જેમાં આમોદ નગર પાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરે સફાઈનું નાટક કરતા જોવા મળે છે. જેને લઈને સ્થાનિક નાગરિકો અને સફાઈ કામદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે આમોદ નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસર સહિત કેટલાક લોકો હાથમાં સાવરણી અને ડોલ લઈને એકઠા થયા છે. આ દરમિયાન વાતચીત વખતે એક વ્યક્તિ ગુસ્સામાં કહે છે, 'આ તો ચીટિંગ કહેવાય... ડોલનો કચરો લાવીને બહાર નખાય.' ડોલમાં ભરેલો કચરો જાણી જોઈને જાહેરમાં ફેંકી દીધો હતો, જેનાથી સ્થાનિકો નારાજ થયા હતા.આ વીડિયો શૂટ થઈ રહ્યો હતો ત્યારે પાછળથી એક પીડિત વ્યક્તિએ દુઃખ સાથે કહ્યું, 'મારા રામ, મારા ભગવાન, આવતા જન્મમાં કલ્પેશભાઈને વાલ્મીકિ સમાજમાં અવતાર આપે.' આ વાક્ય સફાઈ કામદારોની વેદના અને અસંતોષને ઉજાગર કરે છે.

**વિશેષ**

### ૪૩૦૦ ચોરસ મિટર વિસ્તારમાં આયુર્વેદિક વૃક્ષો સહિત ૧૪ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરાશે

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાન અંતર્ગત સાબરમતી વોર્ડ ખાતે વૃક્ષારોપણ કર્યું

## અમદાવાદ મહાનગર પાલિકાના મિશન ફોર મિલિયન ટ્રીઝ-૨૦૨૫માં અત્યાર સુધીમાં ૪૦.૮૦ લાખ રોપાઓનું વાવેતર પૂર્ણ







। (માહિતી બ્યુરો) અમદાવાદ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાન અંતર્ગત રાણીપ વોર્ડમાં સાબરમતી જેલ પાછળના ગાર્ડનમાં આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમમાં પદાધિકારીઓ સાથે સામુહિક વૃક્ષારોપણ કર્યું હતું.તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'એક પેડ માં કે નામ' અને 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાનમાં વૃક્ષારોપણ કરીને હરિત ગુજરાતનો સંદેશ આપ્યો હતો, સાથે સાથે નાગરિકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા, તેમનું સંરક્ષણ કરવા અને હરિયાળું ગુજરાત બનાવવામાં સહભાગી થવા માટે આહ્વાન કર્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરનું ગ્રીન કવર વધારવાના ઉમદા આશય સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત મોટી સંખ્યામાં વૃક્ષો વાવવાનું લક્ષ્ય નક્કી કરાયું છે. આ વર્ષે ફોર મિલિયન ટ્રીઝ અભિયાન માટે કરવામાં આવેલ સચોટ સૂક્ષ્મ આયોજન અને તે મુજબની વાસ્તવિક અમલવારીના કારણે તારીખ ૭ સપ્ટેમ્બર સુધીમાં ૪૦ લાખ ૮૦ હજાર ૧૮૦ રોપાનું વાવેતર પૂર્ણ થયું છે. એટલું જ નહિ, પવિત્ર શ્રાવણ માસના ચાર સોમવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ઝોનમાં કુલ ૫૪,૮૮૩ તુલસીનું વિતરણ-વાવેતર કરવામાં આવ્યું હતું. શ્રાવણ માસમાં આવતી અગિયારસના દિવસે તમામ ઝોનમાં ધાર્મિક મહત્વ ધરાવતા કદમ, પીપળો, સમી, સેવન, સીતાઅશોક અને બીલી જેવા વૃક્ષો મળી કુલ ૪૯૧ વૃક્ષોનું વિતરણ-વાવેતર કરવામાં આવેલું હતું. વડાપ્રધાનશ્રીના જન્મદિન ૧૭મી સપ્ટેમ્બરે અમદાવાદ શહેરના દરેક વોર્ડમાં એક ધાર્મિક સ્થળે તુલસી વિતરણના કાર્યક્રમ દ્વારા ૧૨,૮૨૦ તુલસીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ મિશન ૪ મિલિયન ટ્રીઝ અંતર્ગત વૃક્ષારોપણ માટેના સ્થળો ગુગલ મેપથી શોધવામાં આવે છે આ ઉપરાંત દરેક વાવેતર સ્થળનું જીઓ ટેગિંગ કરવામાં આવ્યું છે અને ેંહૃછઈ સર્વે ટેકનોલોજી દ્વારા વૃક્ષોની વૃદ્ધિ અને સર્વાઈવલ રેટનું મોનિટરીંગ પણ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પુત્રજીવા વૃક્ષનું વાવેતર સાથે રાણીપ વોર્ડમાં સાબરમતી જેલ પાછળના ગાર્ડનમાં ગુરૂવારે યોજવામાં આવેલા આ વૃક્ષારોપણ કાર્યક્રમ અન્વયે આ વિસ્તારમાં મિયાવાંકી પદ્ધતિથી ૪૩૦૦ ચોરસ મીટરમાં આર્યુવેદીક સહિત ૧૪ હજાર જેટલા વૃક્ષોના વાવેતરનું આયોજન છે, આ ઉપરાંત સેવા સપ્તાહ અંતર્ગત આ કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ અને સોસાયટીઓ પણ જોડાઈ હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યૂઝ બ્રિફ

### અમારી ચિંતા ના કરશો, મજાકથી ફરક નથી પડતો



। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

ફિલ્મ Jolly LLB 3 માટે બોમ્બે હાઈકોર્ટ દ્વારા મોટી રાહત મળ્યાના સમાચાર આવ્યા છે. બોમ્બે હાઈકોર્ટ એ જાહેર હીતની અરજીની સુનાવણી કરી હતી, જેમાં અપકમિંગ ફિલ્મ Jolly LLB 3ની રિલીઝ પર પ્રતિબંધ લગાવવાની માંગ કરવામાં આવી હતી. અરજીકર્તાનું કહેવું છે કે, ફિલ્મમાં ન્યાયપાલિકાની મજાક ઉડાવવામાં આવી છે. પરંતુ કોર્ટે અરજીની સુનવણી કરતાં કહ્યું હતું કે, ચિંતા ન કરશો, ઘણીવાર અમારી મજાક ઉડાવવામાં આવે છે, તેનાથી અમને કોઈ ફરક નથી પડતો. આ ફિલ્મ દેશભરના સિનેમાઘરોમાં ૧૯ સપ્ટેમ્બરની રોજ રિલીઝ થવાની છે. Jolly LLB 3 નું નિર્દેશન સુભાષ કપૂર દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મમાં અક્ષય કુમાર, અરશદ વારસી, સૌરભ શુક્લા, અમૃતા રાવ અને હુમા કુરેશીનો અભિનય જોવા મળશે. આ ફિલ્મનું ટ્રેલર સાત દિવસ પહેલા આવ્યું હતું અને અત્યાર સુધી ૨ કરોડથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે.

### ૨૫ વર્ષ સુધી સ્કૂલે ગયા વિના શિક્ષક દંપતીએ મોટો સરકારી પગાર લીધો




। (એજન્સી) બારાં, તા.૧૮ ।

રાજસ્થાનના બારાં જિલ્લામાં શિક્ષક પતિ-પત્ની ૨૫ વર્ષથી શાળાએ નથી ગયા તેમ છતા બંનેને શિક્ષક તરીકેનો પગાર મળતો રહ્યો. મામલો સામે આવ્યા બાદ સરકાર હવે આ બંને શિક્ષક પતિ-પત્ની પાસેથી ૯ કરોડ ૩૧ લાખ ૫૦ હજાર રૂપિયા વસુલવાની તૈયારીમાં છે. જોકે આટલી રકમ પરત મળશે કે કેમ તેને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે.રાજસ્થાનના શિક્ષણ મંત્રી મદન, દિલાવરના આદેશ પર વિભાગે દંપતીને અંતિમ જાહેર નોટિસ મોકલી છે. નોટિસ મળવા છતા પણ જો તેઓ હાજર નહીં રહે તો તેમની સંપત્તિની હરાજી કરવામાં આવી શકે છે. પ્રાપ્ત માહિતી અનુસાર દંપતી વિષ્ણુ ગર્ગ અને તેમની પત્ની અંજૂ ગર્ગ છેલ્લા ૨૫ વર્ષથી બારાનો રાજપુરા, પ્રાથમિક સ્કૂલમાં તૈનાત હતા. દંપતી છેલ્લા ૨૦ વર્ષથી પોતાની જગ્યાએ ડમી શિક્ષકોને સ્કૂલમાં બાળકોને ભણાવવા માટે મોકલતા રહ્યા. શિક્ષણ વિભાગના અધિકારીઓની સાથે મિલીભગત કરીને પતિ-પત્નીએ ખુદના સ્થાને ૧૫-૧૫ હજાર રૂપિયામાં ત્રણ ડમી શિક્ષકો રાખી લીધા હતા જ્યારે પોતે મોટો સરકારી પગાર ખાતા રહ્યા.જે ડમી શિક્ષક તરીકે ત્રણ લોકોને પસંદ કરાયા હતા તેઓ બેરોજગાર હતા તેથી આટલા પગારમાં પણ શિક્ષકનું કામ કરવા તૈયાર થઈ ગયા હતા. જિલ્લા શિક્ષણ અધિકારીની ફરિયાદ પર બારાં પોલીસ સ્ટેશનમાં દંપતી અને ત્રણેય ડમી શિક્ષકોની સામે ફરિયાદ દાખલ કરાવી હતી.

### મૃત્યુ બાદ પણ આવતા રહ્યાં સ્કેમર્સના મેસેજ

# ડિજિટલ અરેસ્ટ બાદ વૃદ્ધ મહિલાનું મોત, ત્રણ દિવસમાં ૬.૬ લાખની છેતરપિંડી

। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૮ ।

હૈદરાબાદમાં સાયબર ક્રાઈમની એક ડરામણી ઘટના સામે આવી છે. અહીં સાયબર ગુનેગારોએ ૭૬ વર્ષીય નિવૃત્ત સરકારી ડોક્ટરને ત્રણ દિવસ ડિજિટલ અરેસ્ટ રાખ્યા. આ ગુનેગારોએ સરકારી અધિકારી બની ડોક્ટરને કોલ કર્યો અને ડિજિટલ અરેસ્ટ રાખવા દરમિયાન ૬.૬ લાખની છેતરપિંડી કરી. તેનાથી પરેશાન પીડિતાને હાર્ટ એટેક આવી ગયો અને તેનું મોત થઈ ગયું. ગુનેગારોએ પીડિતાના મોત બાદ પણ મેસેજ મોકલવાનું યથાવત રાખ્યું હતું. રિપોર્ટ્સ પ્રમાણે ૫ સપ્ટેમ્બરે પીડિતાની પાસે વોટ્સએપ પર વીડિયો કોલ આવે છે. કોલરે પ્રોફાઈલ પિક્ચર તરીકે બેંગલુરૂ પોલીસનો લોગો લગાવ્યો હતો.



કોલ કરનારે મહિલાને ડરાવવા માટે સુપ્રીમ કોર્ટ, ઈડી અને આરબીઆઈની મંજૂરીવાળા ડોક્યુમેન્ટ પણ દેખાડ્યા હતા. સ્કેમર્સે મહિલાને જણાવ્યું કે માનવ તસ્કરીના એક મામલામાં તેનું નામ આવ્યું છે જો તે પૈસા નહીં આપે તો તેની ધરપકડ કરવામાં આવશે.

ધરપકડના ડરથી મહિલાએ પોતાના પેન્શન એકાઉન્ટમાંથી ૬.૬ લાખ રૂપિયા સ્કેમર્સના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા. સ્કેમર્સ અહીં અટક્યા નહીં અને સતત મહિલાને વીડિયો કોલ અને મેસેજ દ્વારા ધરપકડની ધમકી આપતા રહ્યાં. ૮ સપ્ટેમ્બરે આશરે ૭૦ કલાકના ડિજિટલ અરેસ્ટ બાદ પીડિતાને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. ત્યારબાદ વૃદ્ધાને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા પરંતુ તેમનો જીવ બચી શક્યો નહીં. પરિવારજનોને ૯ સપ્ટેમ્બરે અંતિમ સંસ્કાર કર્યા બાદ મહિલા ડિજિટલ અરેસ્ટ હોવાની જાણકારી મળી હતી.

આવા કૌભાંડોથી પોતાને કેવી રીતે બચાવશો?

યાદ રાખો કે ભારતીય કાયદામાં ડિજિટલ ધરપકડ માટે કોઈ જોગવાઈ નથી. તેથી, જો કોઈ તમને ડિજિટલ ધરપકડ કરવાની વાત કરી રહ્યું છે, તો સાવચેત રહો.

### જોર્જિયા મેલોનીએ સ્પેશિયલ તસવીર શેર કરી

# દુનિયાભરના નેતાઓ તરફથી પીએમ મોદીને જન્મદિવસની શુભકામનાઓ મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

પ્રધાનમંત્રી મોદીના જન્મદિવસ પર ઢગલાબંધ શુભેચ્છા સંદેશ મળી રહ્યા છે. દેશમાં તેમના જન્મદિવસ પર અલગ અલગ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે અને શુભકામનાઓ મળી રહી છે. તો વળી દુનિયાભરના નેતાઓ તરફથી પણ તેમને શુભકામનાઓ મળી રહી છે. સોશિયલ મીડિયા પર અલગ અલગ દેશોના લીડર્સ તરફથી પીએમ મોદીને શુભેચ્છાઓ આપી રહ્યા છે.

આમ તો ભારત-અમેરિકા વચ્ચે તણાવનો માહોલ છે, પણ પીએમ મોદીને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સૌથી પહેલા શુભકામનાઓ આપી હતી. તેમણે સોશિયલ મીડિયા



પર પીએમ મોદીને શુભકામનાઓ આપી, કહ્યું કે મોદી શાનદાર કામ કરી રહ્યા છે, તેમણે મોદીને દોસ્ત કહ્યા અને ભારત-અમેરિકા સંબંધોના વખાણ પણ કર્યા હતા.

ઈઝરાયલી પીએમ નેતન્યાહૂએ વીડિયો મેસેજ દ્વારા તેમને શુભકામના આપી છે. તેમણે કહ્યું કે, પીએમ મોદી, મારા ખાસ દોસ્ત નરેન્દ્ર, આપને જન્મદિવસની શુભકામનાઓ, તમે ભારત માટે ઘણું બધું પ્રાપ્ત કર્યું છે અને આપણે સાથે મળીને ઘણું સારું કામ કર્યું છે, તેમણે ભારત-ઈઝરાયલ મિત્રતાને નવી ઊંચાઈ સુધી લઈ જવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

ઓસ્ટ્રેલિયાના પીએમ અલ્બનીઝે એક્સ પર પોસ્ટ કરી પીએમને જન્મદિવસની શુભકામનાઓ આપી છે. તેમણે લખ્યું કે ઓસ્ટ્રેલિયા ભારતની સાથે સાથે મજબૂત દોસ્તી પર ગર્વ કરે છે અને ભારતીય સમુદાયના યોગદાનને બિરદાવે છે.

ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને વીડિયો મેસેજમાં શુભકામના આપી. મોદીની નેતૃત્વ ક્ષમતા બિરદાવી અને ભારત-ન્યૂઝીલેન્ડ સંબંધોને મજબૂત બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી.



આસામના ગોલાઘાટ જિલ્લામાં ભારે વરસાદને કારણે એક ગામ પાણીમાં ડૂબી ગયું.

### ઝેલેન્સ્કીને પણ આપી ચેતવણી

# રશિયાથી ઓઈલ ખરીદવા મુદ્દે ભારત બાદ યુરોપ પર ગુસ્સે ભરાયા ટ્રમ્પ



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।

રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો પર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સતત કડક વલણ અપનાવી રહ્યા છે. રશિયા પાસેથી તેલ ખરીદવા બાબતે ટ્રમ્પે મંગળવારે યુરોપને આકરી ચેતવણી આપતા કહ્યું કે, યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષના પ્રયાસો માટે રશિયાની રાજધાની મોસ્કોને મળતા ફાઈનાન્સને રોકવા માટે રશિયન તેલની ખરીદી તરત જ બંધ કરી દે. યુરોપ મારો મિત્ર છે, પરંતુ યુરોપ રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યું છે. હું નથી ઈચ્છતો કે તેઓ તેલ ખરીદે અને તેઓ જે પ્રતિબંધો લગાવી રહ્યા છે, તે પૂરતા નથી.

પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે, યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવા માટે એક કરાર કરવો જોઈએ. તેમણે આગળ વધવું પડશે અને એક કરાર કરવો પડશે. ઝેલેન્સકીએ કરાર કરવો પડશે અને યુરોપે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવું પડશે. તેઓ વાતો તો કરે છે, પરંતુ તેમને રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવું પડશે.

રશિયા-યુક્રેન યુદ્ધ વિશે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે, આવું યુદ્ધ ક્યારેય થવું નહોતું જોઈતું. આ માટે તેમણે સંઘર્ષમાં સામેલ બંને દેશોના નેતાઓ વચ્ચે દુશ્મનીને જવાબદાર ગણાવી. તેમણે કહ્યું કે, દેશ સંકટમાં છે, પરંતુ હું તેને અટકાવીને રહીશ. મેં ૮ મહિનામાં ૭ યુદ્ધો અટકાવ્યા છે. મને લાગ્યું હતું કે આ સૌથી સરળ હશે, પણ એવું નથી. ઝેલેન્સકી અને પુતિન વચ્ચે ગજબની નફરત છે. પરંતુ અમે તેને અટકાવીને રહીશું.

તાજેતરમાં, ટ્રમ્પે નાટો અને યુરોપિયન દેશોને રશિયા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે આહ્વાન કર્યું હતું. ટ્રમ્પે કહ્યું કે, તેઓ કામ કરી રહ્યા નથી. નાટોને એક થવું પડશે.

યુરોપને એક થવું પડશે. હું પ્રતિબંધો લગાવવા માટે તૈયાર છું, પરંતુ તેમને મારા પગલાં અનુસાર તેમના પ્રતિબંધો વધુ કડક કરવા પડશે. સ્પષ્ટ છે કે જ્યાં સુધી નાટો આગળ નહીં વધે, તમે આગળ નહીં વધો. હું આગળ વધવા માટે તૈયાર છું, પરંતુ તેમને તેમ કરવું પડશે. પરંતુ અત્યારે તેઓ માત્ર વાતો જ કરે છે, આવું કરી નથી રહ્યા.

### ચૂંટણી પંચની મોટી જાહેરાત

# હવે EVMમાં ઉમેદવારોનો રંગીન ફોટો આવશે, સીરિયલ નંબર પણ ક્લિયર દેખાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

બિહારમાં ટૂંક સમયમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન થશે. ચૂંટણી પંચે હજુ સુધી તારીખો જાહેર કરી નથી. જોકે, મતદાનની તારીખોની જાહેરાત પહેલા નવી માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. પંચ બિહારમાં એક નવો પ્રયોગ શરૂ કરી રહ્યું છે, જે હેઠળ EVM મતપત્રોમાં હવે ઉમેદવારોના કલર ફોટો હશે. પહેલાં આ બ્લેક એન્ડ વ્હાઈટ હતા.

ચૂંટણી પંચે માર્ગદર્શિકા જારી કરી છે જેના હેઠળ ઉમેદવારોના ફોટા હવે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) મતપત્રો પર કલર ફોટો છાપવામાં આવશે. આ પ્રયોગ શરૂઆતમાં બિહારમાં હાથ ધરવામાં આવી રહ્યો છે, અને પછીથી અન્ય રાજ્યોમાં લાગુ કરવામાં આવશે. નવા ફેરફાર હેઠળ ઉમેદવારનો ચહેરો મતપત્રના ત્રણ ચતુર્થાંશ ભાગ પર હશે. જે મતદાતા ઓળખને સરળ બનાવશે. વધુમાં હવે સીરીયલ નંબરને વધુ મહત્વ આપવામાં આવશે. ચૂંટણીમાં પારદર્શિતાને પ્રોત્સાહન આપવા અને મતદાતાઓની સુવિધાને સરળ બનાવવા માટે આ પહેલ કરવામાં આવી છે. આ નવા ફેરફારો ચૂંટણી પ્રક્રિયાને વધુ લોકશાહી,



ન્યાયી અને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. બિહારથી શરૂ થતા આ સુધારાઓ ટૂંક સમયમાં સમગ્ર ભારતમાં લાગુ કરવાની યોજના છે, જે સમગ્ર દેશમાં ચૂંટણીની ગુણવત્તા અને વિશ્વસનીયતામાં સુધારો કરશે.

EVMએ એક મશીન છે જેનો ઉપયોગ ચૂંટણીમાં મતદાન કરવા માટે થાય છે. મતદાતાઓ ફક્ત તેમના મનપસંદ ઉમેદવારને મત આપવા માટે એક બટન દબાવતા હોય છે અને આ મત સીધો મશીનમાં નોંધાય છે. પ્રથમ વખત ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં ભારતભરની બધી બેઠકો પર ઈફસ્નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### તમામ રાજકીય પક્ષો ટેન્શનમાં

# બિહારમાં ૨૪૩ બેઠક પર શંકરાચાર્ય ઉતારશે "ગૌભક્ત" ઉમેદવાર

। (એજન્સી) પટણા, તા.૧૮ ।

બિહાર વિધાસભા ચૂંટણી ૨૦૨૫થી રાજકારણ ગરમાયું છે. સનાતન ધર્મ અને ગૌ રક્ષા મુદ્દે ફરી એકવાર વિવાદ સર્જાયો છે. આ વિવાદ વચ્ચે જ્યોતિષ પીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી રાજકારણમાં ઝંપલાવી રહ્યા છે. તેમણે જાહેરાત કરી છે કે, તેમની આગેવાની હેઠળ બિહારની તમામ ૨૪૩ વિધાનસભા બેઠક પર ગૌ ભક્ત ઉમેદવારને ચૂંટણીના મેદાનમાં ઉતારશે. તેમણે આ જાહેરાત ગૌ મતદાતા સંકલ્પ યાત્રા દરમિયાન કરી હતી. તેમણે ફારબિસગંજના લક્ષ્મી નારાયણ ઠાકુરવાડીમાં ગૌ રક્ષકો અને સનાતન ભક્તોની ભીડ વચ્ચે સ્પષ્ટ જાહેરાત કરી હતી કે, ગાયનું સંરક્ષણ જ સનાતન ધર્મ અને ભારતીય સમાજની વાસ્તવિક રક્ષા છે. વર્તમાન રાજકીય પક્ષ માત્ર વેશભૂષામાં સનાતની હોવાનું નાટક કરે છે. પરંતુ વાસ્તવમાં તેમના કાર્યોમાં ગૌ માતા કે સનાતન ધર્મની ચિંતા જોવા મળતી નથી. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે જણાવ્યું હતું કે, મેં તમામ રાષ્ટ્રીય પક્ષો સાથે મુલાકાત લીધી છે, અને સંસદમાં 'ગૌ માતાને રાષ્ટ્ર માતા' જાહેર કરવાની માગ કરી છે, પરંતુ અત્યારસુધી કોઈ પ



ક્ષે સ્પષ્ટ સમર્થન આપ્યું નથી. ધર્મ અને ગૌ સંરક્ષણ માટે હવે અમારૂ સંગઠન ચૂંટણીના મેદાનમાં ઉતરશે. વધુમાં તેમણે કહ્યું કે, અમે તમામ ઉમેદવારોના પક્ષમાં ચૂંટણી પ્રચાર કરીશું અને સનાતની મતદાતાઓને આહ્વાન કરીશું કે, તેઓ ગૌ ભક્ત ઉમેદવારની પસંદગી કરે. ફારબિસગંજમાં હજારો સનાતન ધર્મ પ્રેમીઓને ગૌ માતા અને સનાતન ધર્મની રક્ષા માટે મતદાન કરવા શપથ લેવડાવ્યા હતા. શંકરાચાર્યે બિહારમાં સતત વધતી પશુ વધશાળાઓ અને ગૌ હત્યા પર પણ રાજ્ય સરકારની નીતિઓ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, ગાયની રક્ષા પર આજ સુધી કોઈપણ સરકારે આકરી નીતિ લીધી નથી. સરકારે માત્ર રાજકારણ કર્યું છે. પરંતુ સનાતન ધર્મનું અપમાન ચૂપચાપ સહન કર્યું છે. બિહારના ચૂંટણી માહોલમાં શંકરાચાર્યની આ પહેલ સનાતન રાજનીતિનો નવો મોરચો જોવા મળ્યો છે.

### કોંગ્રેસને પટણા હાઈકોર્ટનો આદેશ

# PM મોદીના માતાનો AI વીડિયો દરેક પ્લેટફોર્મથી હટાવો

## હાલમાં જ કોંગ્રેસે વડાપ્રધાન અને તેમની દિવંગત માતા હીરાબાનો એઆઈ વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો

। (એજન્સી) પટણા, તા.૧૮ ।

પટણા હાઈકોર્ટે બિહાર કોંગ્રેસને મોટો ઝટકો આપ્યો છે. હાઈકોર્ટે કોંગ્રેસને એઆઈથી મદદથી બનાવવામાં આવેલો વડાપ્રધાન મોદી અને તેમની માતાનો વીડિયો ડિલિટ કરવા નિર્દેશ આપ્યો છે. હાલમાં જ કોંગ્રેસે વડાપ્રધાન મોદી અને તેમની દિવંગત માતા હીરાબાનો એઆઈ વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. આ મામલે સુનાવણી કરતાં આજે ૧૭ સપ્ટેમ્બરે પટણા હાઈકોર્ટે કોંગ્રેસની ઝાટકણી



કાઢતા મુખ્ય કાર્યકારી ન્યાયાધીશે કોંગ્રેસને સોશિયલ મીડિયા પરથી આ વીડિયો ડિલિટ કરવા આદેશ આપ્યો છે. બિહાર કોંગ્રેસે સોશિયલ મીડિયા ઠ પર એક વીડિયો રજૂ કર્યો હતો. જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે, વડાપ્રધાન મોદી સપનામાં પોતાની દિવંગત માતાને જુએ છે, તેમના માતા બિહારમાં પીએમ મોદીની રાજનીતિની ટીકા કરતાં સલાહ આપતા જોવા મળે છે. વીડિયો વાઈરલ થતાં ભાજપે કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. ભાજપે તેને શરમજનક ગણાવ્યું હતું. આ મામલે કોંગ્રેસે સ્પષ્ટતા આપી હતી કે, વીડિયોમાં વડાપ્રધાન કે તેમની માતા પ્રત્યે કોઈ અનાદર કે અપમાનજનક ટિપ્પણી કરવામાં આવી નથી. કોંગ્રેસ નેતા પવન ખેડાએ જણાવ્યું હતું કે, તમને શું આપત્તિ છે?

### કોંગ્રેસના મુખ્યમંત્રીએ જ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરાવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

કોંગ્રેસના મુખ્યમંત્રીએ જ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરાવ્યું હોવાના દિગ્ગજ નેતાના આરોપથી દક્ષિણ રાજ્યમાં ખળભળાટ મચ્યો છે. બીઆરએસ ધારાસભ્ય કૌશિક રેડ્ડીએ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ક્રોસ વોટિંગ મુદ્દે ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે આરોપ મૂક્યો છે કે, તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના કહેવા પર તેલંગાણાના આઠ કોંગ્રેસ સાંસદોએ એનડીએ ઉમેદવારના પક્ષમાં મત આપ્યો હતો. તેલંગાણા ભવનમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં આ દાવો કરવામાં આવ્યો હતો. કે. ચંદ્રશેખર રાવના પક્ષ બીઆરએસના ધારાસભ્ય કૌશિક રેડ્ડીએ જણાવ્યું કે, I.N.D.I.A ગઠબંધનમાંથી કુલ ૧૫ મત મળ્યા હતા.

# ખૂંખાર માઓવાદી સંગઠને ૪૦ વર્ષે હથિયાર નાંખ્યા

। (એજન્સી) રાયપુર,તા.૧૮ ।

દેશભરમાં સુરક્ષા દળો દ્વારા સતત અને સઘન કાર્યવાહી હાથ ધરાતાં ચાર દાયકા સુધી હથિયારોની તાકાત પર ક્રાંતિનો દાવો કરનારા નક્સલવાદી જૂથે હથિયાર ફેંક્યા છે. છેલ્લા ૧૮ માસમાં ૫૦૦થી વધુ માઓવાદીઓ માર્યા ગયા છે. જેમાં ૧૩ કેન્દ્રીય સમિતિ સ્તરના ટોચના નેતા પણ સામેલ છે. માત્ર છત્તીસગઢમાં જ ટોચના કમાન્ડર બસવ રાજુ, ચલપતિ, સુધાકર, અને મોડેમ બાલકૃષ્ણ ઠાર થયા છે. આશરે ૨,૦૦૦ કેડર અને સમર્થકોએ આત્મસમર્પણ કર્યું છે. આ દબાણ વચ્ચે માઓવાદી જૂથે પ્રથમ વખત હથિયાર મૂકી શાંતિ વાર્તા કરવાની પહેલ કરી છે. કેન્દ્ર સરકારના નક્સલવાદ ખતમ કરવાના મિશન પર સુરક્ષા દળો દ્વારા મોટાપાયે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માઓવાદી જૂથોના વડાઓ ઠાર થયા બાદ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ માઓવાદી જૂથ અભયના નામથી એક પત્ર મળ્યો હતો. જેમાં માઓવાદી જૂથે સંઘર્ષ વિરામની જાહેરાત કરતાં કહ્યું હતું કે, અમે લોકશાહી પ્રક્રિયામાં સામેલ થઈ જનતાની સમસ્યાઓનો ઉકેલ ઈચ્છીએ છીએ. આ પત્રમાં જૂથના સત્તાવાર ફેસબુક એકાઉન્ટ, ઈમેઈલ એકાઉન્ટ અને અભયની તસવીર જાહેર કરવામાં આવી હતી. સુરક્ષા નિષ્ણાત આ ઈમેઈલને બે દ્રષ્ટિકોણથી જોઈ રહ્યા છે, એક શાંતિ પ્રક્રિયાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું અને બીજુ આ શંકાસ્પદ પણ છે. અત્યારસુધી માઓવાદીના લીડરે ક્યારે પણ પોતાની તસવીર રજૂ કરી ન હતી. પત્રમાં આપવામાં આવેલા ઈમેઈલ અને ફેસબુક એકાઉન્ટ સુરક્ષા એજન્સીઓના જૂથના નેટવર્ક અને હેન્ડલર્સ સુધી પહોંચવાનો માર્ગ બની શકે છે. જેથી ગૃહમંત્રી વિજય શર્માએ પત્રની ચકાસણી કરવા નિર્દેશ આપ્યો છે.માઓવાદી જૂથે છેલ્લા દસ મહિનામાં છઠ્ઠી વખત સરકાર સાથે સંવાદ કરવાની અપીલ કરી છે. જો કે, તેના અગાઉના પ્રયાસ હિંસા અને સુરક્ષા દળો પર હુમલાઓના કારણે નિષ્ફળ રહ્યા હતા. સરકાર સતત કહેતી રહી છે કે, હથિયારોની સાથે કોઈપણ પ્રકારની વાતચીત સંભવ નથી. જેથી આ વખતે માઓવાદીઓએ ઉલ્લેખ કર્યો છે કે, અમે શાંતિ વાર્તા પર સહમત કેડર ઉપરાંત જેલમાં કેદ સભ્યો અને અન્ય રાજ્યોમાં સક્રિય નેતાઓની ભલામણ પર ધ્યાન આપીશું. જેના માટે એક મહિનાનો સંઘર્ષવિરામ માગ્યો છે. જેથી સચોટ વાતચીત થઈ શકે.છત્તીસગઢ, મહારાષ્ટ્ર, તેલંગાણા, અને ઝારખંડમાં ચાલી રહેલા સંયુક્ત ઓપરેશને માઓવાદીઓને ભયભીત કર્યા છે.

## તંત્રી લેખ...

# ભારત બંગાળની ખાડીમાં વધુ એક મિસાઇલ પરીક્ષણની તૈયારીમાં

ભારત ૨૪ અને ૨૫ સપ્ટેમ્બર દરમિયાન બંગાળની ખાડીમાં એક વ્યૂહાત્મક મિસાઈલ પરીક્ષણની તૈયારી કરી રહ્યું છે. આ માટે NOTAM (નોટિસ ટુ એરમેન) જાહેર કરીને બંગાળની ખાડીના એક ભાગને નો-ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યો છે. ઓડિશાના અબ્દુલ કલામ ટાપુ પરથી થનારું આ પરીક્ષણ ૧૪૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવતી શક્તિશાળી અને લાંબા અંતરની મિસાઈલનું હોઈ શકે છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એક મોટા મિસાઈલ પરીક્ષણની તૈયારી કરી રહ્યું છે, જે અગ્નિ-પ્રાઇમ (Agni-P) હોઈ શકે છે. આ નવી પેઢીની મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઈલ છે, જેની રેન્જ ૧૦૦૦ થી ૨૦૦૦ કિલોમીટર સુધીની છે. ર્ંછસ્માં દર્શાવેલ ૧૪૦૦ કિલોમીટરથી વધુના અંતરના કારણે, એવું માનવામાં આવે છે કે આ એક અત્યંત વ્યૂહાત્મક અને શક્તિશાળી મિસાઈલનું પરીક્ષણ છે. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ, આ પગલું ભારતની સુરક્ષાને વધુ મજબૂત બનાવવામાં DRDOનું એક મોટું યોગદાન છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં DRDOએ લાંબા અંતરની બેલિસ્ટિક અને ક્રુઝ મિસાઈલોના વિકાસમાં જબરદસ્ત પ્રગતિ કરી છે. આનાથી ભારતની પ્રાદેશિક શક્તિ અને સૈન્ય ક્ષમતા મજબૂત થઈ છે. એક અન્ય સૂત્રએ જણાવ્યું કે આવનારા અઠવાડિયામાં ઘણા વધુ મિસાઈલ પરીક્ષણો થવાના છે. આમાં જુદી જુદી વ્યૂહાત્મક ભૂમિકાઓ માટે મિસાઈલોનો સમાવેશ થાય છે. ભારતની આસપાસ સુરક્ષા પડકારો વધી રહ્યા છે. પાડોશી દેશોની સૈન્ય ગતિવિધિઓ અને વૈશ્વિક તણાવ વચ્ચે ભારતે તેની સંરક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવી જરૂરી છે. અગ્નિ-પ્રાઇમ અને અન્ય મિસાઈલો ભારતને વ્યૂહાત્મક શક્તિ પ્રદાન કરે છે, જેનાથી તે કોઈપણ ખતરાનો જવાબ આપી શકે છે. આ પરીક્ષણો ભારતના આત્મનિર્ભર સંરક્ષણ કાર્યક્રમનો એક ભાગ છે, જે સ્વદેશી ટેકનોલોજી પર ભાર મૂકે છે. પરીક્ષણ માટે તમામ જરૂરી સુરક્ષા પ્રોટોકોલ અને તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી રહી છે. નો-ફ્લાય ઝોન એ સુનિશ્ચિત કરશે કે નાગરિક અને વાણિજ્યિક ઉડ્ડયનમાં કોઈ અવરોધ ન આવે. પરીક્ષણ પછી મિસાઈલના પ્રકાર અને તેની ક્ષમતાઓ વિશે વધુ માહિતી આપવામાં આવશે. ભારતનું આ મિસાઈલ પરીક્ષણ તેની વધતી સૈન્ય શક્તિ અને આત્મનિર્ભરતાનું પ્રતીક છે. અગ્નિ-પ્રાઇમ જેવા અદ્યતન હથિયારો ભારતને પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે મજબૂત બનાવે છે.

## વડાપ્રધાન મોદીના ૭૫મા જન્મદિવસની ઉજવણી માટે વડનગર સ્ટેશન પર ૭૫ છોડ વાવવામાં આવ્યા

"સ્વચ્છતા હી સેવા" (SHS) ૨૦૨૫ અભિયાન ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન યોજાઈ રહ્યું છે. આ અભિયાન ૨૦૧૪ માં શરૂ કરાયેલા સ્વચ્છ ભારત મિશનની ગતિ પર આધારિત છે અને સ્વચ્છતા પ્રત્યે રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ, પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન દ્વારા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વતન વડનગર સ્ટેશન પર "એક પેડ મા કે નામ" ના બેનર હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે, પ્રધાનમંત્રીના ૭૫મા જન્મદિવસની ઉજવણી માટે, તેમના મોટા ભાઈ શ્રી સોમાભાઈ મોદી અને અન્ય મહાનુભાવોએ માતૃપ્રેમ અને પર્યાવરણીય જાગૃતિના સન્માનમાં વડનગર સ્ટેશન પર સ્ટેશન પરિસરમાં ૭૫ છોડ વાવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન વડનગર સ્ટેશન પર આશરે ૪૦૦ લોકો હાજર હતા. ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશે ડીઆરએમ ઓફિસ ખાતે રેલ્વે કર્મચારીઓ અને અધિકારીઓને સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ પ્રસંગે, દરેક વ્યક્તિએ દર વર્ષે ૧૦૦ કલાક શ્રમદાનમાં યોગદાન આપવા અને ૧૦૦ અન્ય લોકોને પણ આવું કરવા માટે પ્રેરણા આપવાનું વચન આપ્યું હતું. આ સાથે ડિવિઝનમાં "સ્વચ્છતા પખવાડિયા" (સ્વચ્છતા પખવાડિયા) ની શરૂઆત થઈ, જે ૨ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી દરરોજ વિવિધ પ્રવૃત્તિઓ સાથે ઉજવવામાં આવશે. સ્વચ્છ અને હરિયાળા ભારત પ્રત્યેની અમારી સામૂહિક પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરતા, ૫૦૦ થી વધુ કર્મચારીઓએ ડિવિઝનલ રેલ્વે મેનેજરની ઓફિસ ખાતે સ્વચ્છતા પ્રતિજ્ઞા અને શ્રમદાન પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. ડિવિઝનલ રેલવે મેનેજરે શ્રેષ્ઠ સ્વૈચ્છિક કાર્ય કરનારા ત્રણ જૂથોને ₹૧૫,૦૦૦, ₹૧૦,૦૦૦ અને ₹૫,૦૦૦ ના રોકડ પુરસ્કારોની પણ જાહેરાત કરી. રેલ્વે કર્મચારીઓએ ડિવિઝનલ ઓફિસ, સાબરમતી, ચાંદલોડિયા, પાલનપુર, મહેસાણા, પાટણ, ભુજ, વડનગર સ્ટેશન અને ડીઝલ શેડ સહિત ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર સ્ટેશનો અને રેલ્વે પરિસરની સફાઈ કરી. આશરે ૧૫ ટ્રક કચરો એકત્રિત કરીને તેનો નિકાલ કરવામાં આવ્યો. સ્વચ્છતા અભિયાનની સફળતા સુનિશ્ચિત કરવા માટે, વ્યક્તિગત રેલ્વે અધિકારીઓના સંકલન હેઠળ રેલ્વે કર્મચારીઓના જૂથો બનાવવામાં આવ્યા હતા. એક પ્રશંસનીય પહેલમાં, સાબરમતીથી વડનગર સુધી એક ખાસ સ્વચ્છતા અભિયાન ટ્રેન ચલાવવામાં આવી હતી, જે "સ્વચ્છતા એ સેવા છે" ની ભાવનાને ધ્યાનમાં રાખીને માત્ર અંતરનું જ નહીં પરંતુ સ્વચ્છતા અને નાગરિક જવાબદારી પ્રત્યે સમર્પણનું પણ પ્રતીક બની હતી. આ કાર્યક્રમની શરૂઆત અમદાવાદના સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર (કોચિંગ) દ્વારા સાબરમતી રેલ્વે સ્ટેશન પર સ્વચ્છતા પ્રતિજ્ઞા સાથે થઈ, જેમાં રેલ્વે સ્ટાફ અને સમર્પિત NGO સ્વયંસેવકો હાજર રહ્યા. આ પ્રતિજ્ઞા સમારોહ સ્વચ્છતા, ટકાઉપણું અને સક્રિય નાગરિકતા પ્રત્યેની આપણી સામૂહિક પ્રતિબદ્ધતાનો એક શક્તિશાળી પુનરોચ્ચાર હતો. પ્રતિજ્ઞા બાદ, સાબરમતી સ્ટેશન પર એક વિશાળ શ્રમદાન (સ્વૈચ્છિક કાર્ય) અને સઘન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. દરેક ખૂણાને સમર્પણ અને એકતા સાથે સાફ કરવામાં આવ્યો, જેમાં બધા સહભાગીઓ - રેલ્વે સ્ટાફ, સ્વયંસેવકો અને અધિકારીઓ - ખભે ખભા મિલાવીને કામ કર્યું. ત્યારબાદ સ્વચ્છતા સ્પેશિયલ ટ્રેન તેની સફર શરૂ કરી, સાબરમતી, ખોડિયાર, કલોલ, ઝુલાસણ, ડાંગરવા, આંબલિયાસન, મહેસાણા, વિસનગર અને વડનગર જેવા મુખ્ય સ્ટેશનો પર રોકાઈ. દરેક સ્ટોપ પર, રેલ્વે કર્મચારીઓએ સ્વચ્છતા અભિયાન અને જનજાગૃતિ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લીધો, જેનાથી સ્ટેશન વધુ સ્વચ્છ અને મુસાફરો અને સમુદાય માટે વધુ આવકારદાયક બન્યું. આ ઝુંબેશને સફળ બનાવવા માટે અમદાવાદ વિભાગ મોટા પાયે પ્રચાર કરી રહ્યું છે અને ખાનગી સંસ્થાઓ, બિન-સરકારી સંસ્થાઓ (એનજીઓ) અને સામાજિક કાર્યકરો પણ તેમાં સક્રિયપણે સામેલ થઈ રહ્યા છે.

**કેટલી ગંદી માનસિકતા! કે જ્યાં પરિવારમાં પણ સ્ત્રીને અસુરક્ષાનો ભાવ થાય, સ્ત્રી શું અહીં તો દીકરી પણ.. જ્યાં જુવો ત્યાં અત્યાચાર અને બલાત્કાર!**

# વધ અને હત્યામાં ફેર છે! વધ અહિંસાની ભાવનાથી સામેની વ્યક્તિનાં ઉદ્ધાર માટે દૈવીય શક્તિથી કરવામાં આવે છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સતયુગ★★ સમય ચક્રનાં આ પડાવનું ચિંતન કરીએ તો, શિવ અને પાર્વતીનાં ગૃહ વિહારનો સમય. સતયુગમાં ગુણની રીતે ત્રિગુણાતીત એટલે સત્વ, રજસ, અને તમસથી પરેની માનસિકતા વધુ જોવા મળતી. આપ સૌને થશે કે આવું વિધાન કેમ ! કારણકે ત્યારે જ દુર્ગાનાં કાલી અને ચંડી સ્વરૂપનો ઉલ્લેખ છે! શુંભ નિશુંભ અને મહિષાસુર જેવા અનેક રાક્ષસોનાં વધની કથા છે. વધ અને હત્યામાં ફેર છે!**

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે હરિ મંદિરમાં પૂજા કરતી હતી, અને મન હવે તો થોડા દિવસમાં દોહિત્રી આવશે! એ મીઠી ઉલઝનમાં અટવાયેલું હતું, એટલે શંકર પર અભિષેક કરવાનો મંત્ર યા તે રૂદ્ર શિવા.. ગણેશ અને શ્રીયંત્રની પૂજામાં બોલાયો,પણ લાલજીનો વારો આવ્યો એટલે જમુનાજીમાં કેસર ઘોળી.. એમ જ બોલાયું! એટલે થયું કે જેની એક એક લીલા ઋજુ અને મધુર છે, એમા ભૂલ કેમ થાય! પછી તો ચિંતનની ધારા મમતાના તાંતણે સમય ચક્રનાં પૈડે છેક સતયુગ સુધી પહોંચી, અને દરેક કાળનાં મુખ્ય ગુણ અને એની સામે સમતોલ કરતાં મુખ્ય ભાવની ભૂમિકાનું સુંદર છણાવટ ભર્યું ચિંતન સહજ જ હદયમાં મંદાકિનીનાં ખળખળ કરતાં નીર જેમ વહ્યું.

સતયુગ★★ સમય ચક્રનાં આ પડાવનું ચિંતન કરીએ તો, શિવ અને પાર્વતીનાં ગૃહ વિહારનો સમય. સતયુગમાં ગુણની રીતે ત્રિગુણાતીત એટલે સત્વ, રજસ, અને તમસથી પરેની માનસિકતા વધુ જોવા મળતી. આપ સૌને થશે કે આવું વિધાન કેમ ! કારણકે ત્યારે જ દુર્ગાનાં કાલી અને ચંડી સ્વરૂપનો ઉલ્લેખ છે! શુંભ નિશુંભ અને મહિષાસુર જેવા અનેક રાક્ષસોનાં વધની કથા છે. વધ અને હત્યામાં ફેર છે! વધ અહિંસાની ભાવનાથી અને સામેની વ્યક્તિનાં ઉદ્ધાર માટે ઈશ્વરીય શક્તિ દ્વારા કરવામાં આવે છે, એમાં બદલાની કોઈ ભાવના હોતી નથી! જ્યારે હત્યા તમસ ગુણની પ્રધાનતા એ આચરેલું એક ક્રૂર કર્મ છે! જે મોટેભાગે કોઈને કોઈ પ્રકારનાં બદલાની ભાવનાથી કરવામાં આવે છે. એટલે આજના સમાજમાં અંતરમાં ત્રિગુણાતીત ભાવ નિત્ય રાખવો અથવા બુદ્ધિની એ કક્ષા સુધી જવું અશક્ય છે.

ત્રેતાયુગ★★ સમયનો આ મોડ તપાસીએ તો ખ્યાલ આવશે કે, ભગવાન શ્રીરામ સહિત રાજા દશરથનો આખો પરિવાર સત્વ ગુણની પ્રધાનતા ધરાવે છે! સૌ કૈકેયી માટે કદાચ સંમત ન થાય, કારણ કે એનાં કારણે અયોધ્યામાં રામરાજ્ય ૧૪ વર્ષ બાદ થયું! પરંતુ આ વનવાસની ઘટનાનું મૂળ રાજા દશરથ એ આપેલા બે વચનો છે! કૈકેયી એ રાજા દશરથને જીવનાં જોખમે યુદ્ધમાં મદદ કરી એટલે દશરથ દ્વારા એને બે વચન મળ્યાં. કૈકેયી પતિવ્રતા ધર્મ નિભાવ્યો, અને દશરથ રાજાએ પણ વચન માટે પુત્રને વનવાસની આજ્ઞા કરી! પુત્ર એ પિતાનાં વચનને કોઈ દલીલ વગર સ્વીકારી!



સીતા એટલે કે રામની પત્ની એ પોતાને વનવાસની કોઈ આજ્ઞા નહોતી, છતાં પતિ સાથે ગયાં, લક્ષ્મણ પણ ભાતૃપ્રેમ માટે સાથે ગયા! ભરતને રાજગાદી મળી છતાં નંદીગ્રામ એટલે કે શ્રીરામ જેમ વનમાં રહ્યા! ટૂંકમાં આખો પરિવાર સત્ય અને મર્યાદાને અનુસર્યો, કે એમ કહો કે સત્વ ગુણની પ્રધાનતા સિદ્ધ કરી. આનાં પરથી કહી શકાય કે એ સમયનાં સમાજમાં તપ કર્મની બોલબાલા હતી, તો મિથિલા જેવી નગરીમાં વેદ વેદાંતનો શાસ્ત્રાર્થ રાજ ભવનમાં પણ થતો,આમ સત્વની પ્રધાનતા હતી.ત્રેતાયુગમાં વચનનાં સત્યને કારણે સમાજમાં ન્યાય થતો, અને એ રીતે સમાજ વ્યવસ્થા સ્વસ્થ રહી શકી.

દ્વાપર★★ દ્વાપર એટલે કૌરવ પાંડવ વચ્ચેનાં ભીષણ યુધ્ધનો સમય ! જરાં પાછળ નજર કરીએ તો રામ અને રાવણમાં માનવ દાનવ, જ્યારે કૌરવ પાંડવ તો માનવ માનવ કરતાં પણ ભાઈ ભાઈ હતા! અને અહીં પણ યુદ્ધનો મુખ્ય મુદ્દો તો રાજગાદી અને સ્ત્રી જ હતો! પણ એકંદરે સમાજ રજસની પ્રધાનતાને કારણે ભોગ પ્રેરિત સુખ પાછળ દોડતો હતો, અને એટલે જ જોઈ શકાય છે, ધૃત ક્રિડા, મદીરા પાન અને સતત મારું મારું ની અવદશા! દશરથને ત્રણ રાણી જ્યારે દ્રૌપદીને પાંચ પતિ! પણ એ જ સમયમાં શ્રીકૃષ્ણ ચરિત્રની અવતાર લીલા જોઈએ તો પૃથ્વી પર પ્રેમ તત્વની પુષ્ટિ માટે સત્યને વિઘટિત કર્યું, અથવા એમ કહો કે પરમ સત્યને અનુસર્યા, અને ગોકુળના ગોપ, ગોપી, ગાયથી, શરૂ કરીને જીવનનાં અંતિમ ચરણ સુધી સૌમાં પ્રેમને પ્રસાદ જેમ વહેંચ્યો! છતાં પોતે પ્રેમથી વંચિત રહ્યાં. જે જે પ્યારું લાગ્યું, જીંદગીએ એ જ એની પાસેથી છીનવી લીધું! કાળની ગતિ તો જુવો! ઈશ્વર અવતારનું પણ એક પારધીનાં હાથે મૃત્યુ! એનાં પરથી કહી શકાય કે દ્વાપરમાં ભોગની કે સુખની બોલબાલા હતી, અને રજસ ગુણની પ્રધાનતા, અને એમાં સમતોલન જાળવવા માટે કે ન્યાય માટે કૃષ્ણની પ્રેમ ભાવની પૂર્તિ એ જ સમાજ ટકી શક્યો.

કળીયુગ★★ કળીયુગની પૌરાણિક દંતકથા મુજબ પરિક્ષિતના બાણથી ઘવાયેલા કળીયુગ એ થોડા આશ્રય સ્થાન માંગ્યા હતાં, અને રાજા એ કહ્યું હતું કે તું પ્રત્યક્ષ રહી નહીં શકે, પણ માનવીનાં અંતરમાં વિસ્તરીને તારું સામ્રાજ્ય બનાવી શકીશ, અને એમ કરતાં કરતાં આજે તો એનું વિસ્તરણ અધધધ... સમયનાં આજનાં દોરની વાત કરવા જેવી જ નથી, છતાં કરીએ તો ગુણની બાબત આજે સમાજમાં ૮૦/૨૦ નો રેશિયો છે. જેમાં ૮૦% તમસ અને ૨૦% માં રજસ, સત્વ ગુણની પ્રધાનતા જોવાં મળે છે. રામચરિત માનસમાં તુલસીદાસજી એ કળીયુગનું જે વર્ણન કરેલ છે, એ વાંચીએ ત્યારે આપણને એમ થાય કે, શું આપણો સમાજ આવો છે? કેટલી ગંદી માનસિકતા! કે જ્યાં પરિવારમાં પણ સ્ત્રીને અસુરક્ષાનો ભાવ થાય, સ્ત્રી શું અહીં તો દીકરી પણ.. જ્યાં જુવો ત્યાં અત્યાચાર અને બલાત્કાર! કામ ભાવની પૂર્તિ માટે ન જાણે કેટલુ અધ પતન.. તો ક્યાંક જીત માટે કે સિદ્ધિ માટે તામસી તંત્રનાં પ્રયોગો! અરેરાટી થઈ જાય એવાં. તમસની પ્રધાનતાને કારણે સમાજમાં આક્રમક વલણ વધતું જાય છે, જેને કારણે હિંસા પ્રર્વતી રહી છે. આ હિંસાને ઓછી કરવા માટે સત્ય પ્રેરક ન્યાય કામ આવે નહીં! તો પ્રેમ, હુંફ, લાગણીથી એકલ દોકલનો ઉદ્ધાર કે સુધારો શક્ય છે! પણ કરુણા એક એવો ભાવ છે, જે તમસની આક્રમકતાને ઓછી કરી શકે! કરુણા ભલભલા ગુનાહને માફ કરી સ્વીકાર કરે છે, અને બુદ્ધ પુરુષોનાં કે સંતોની કરુણાનાં ઉત્તમ ભાવથી જ સમાજમાં આટલી વિકૃતિ હોવા છતાં ટકી શક્યો છે. આમ તો ચોવીસ અવતારની કથામાં કળીયુગમાં કલ્કી અવતારની વાત છે! પણ કુદકે ને ભૂસકે વધતી અરાજકતાને સમ કરવા કોઈ એક અવતાર અત્યારે આ વિષમ પરિસ્થિતિને કાબૂમાં લઈ શકે એમ નથી, એવું લાગતાં ઈશ્વરે બુદ્ધ પુરુષ કે સંતોનાં અવતારને પૃથ્વી પર મોકલવાનું નક્કી કર્યું હશે! મૂળ વાત એ છે કે કળીયુગ આપણે કારણે જ આટલો વિસ્તર્યો છે, તો સદગુરુ એ સૂચવેલી થોડી જાગૃતિ રાખીને જે જે એનાં સ્થાન બતાવ્યા છે, ત્યાંથી આપણે જ એને કાઢીને સમયને સતયુગ તરફ ગતિ કરાવી શકીશું! આપણે સૌ જાગૃતિ રાખી શકીએ એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**મન માં વિચારવા લાગ્યો કે અરે!આવા મોટા ગોંડલના મહારાજા પાસે મેં આવું કામ કરાવ્યું?**

# સંસારનું સૌથી મોટુંન્યાયાલય આપણું પોતાનું મન છે..કારણ કે,મનને બધી જ ખબર છે કે શું સાચું અને શું ખોટું છે...?



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વ્યવહાર શુદ્ધિ એ ગૃહસ્થાશ્રમનો પાયો છે. સર્વ પ્રત્યે સમભાવ અને કોઇના પણ પ્રત્યે કુભાવનો અભાવએ માનવી જીવનને પરિ પૂર્ણ કરવાની ચાવી છે.વૈષ્ણવ થઇને શિવજીના માટે કુભાવ રાખે એની ભક્તિ કદી ફળી નથીનેફળે નહીંએ સ્કંધમાં વ્યાસ ભગવાન બતાવે છે. કારણ કે શિવજી તો ભક્તિ સંપ્રદાયના આચાર્ય છે. ભગવાન શંકર તો જગદગુરુ છે.**

સૌને જય માતાજી,આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો માનવનો અવતાર પરમાત્માનું આરાધન કરવા માટે છે,તપ કરવા માટે છે.મનુષ્ય કેવળ ભોગપાછળ પાગલ બને તો પશુ અને મનુષ્ય માં ભેદ શું?મનુષ્યને પ્રભુએ બુદ્ધિ આપી છે, પશુને નહીં.આવતી કાલની ચિંતા માનવ કરે છે,પશુ કરતાં નથી. કરી શકતાં નથી.પશુ ઓ તપ કરી શકતાં નથી દેવો પણ તપ કરી શકતા નથી. દેવો પુણ્યનો ભોગ ભોગવી શકે છે. તપશ્ચર્યાનો અધિકાર મનુષ્યોને. મનુષ્ય વિવેકથી ભોગ ભોગવી તપશ્ચર્યા કરી શકે છે.તપના અનેક પ્રકારો છે. દુઃખ સહન કરી સત્કર્મ કરે એને તપ કહે છે. ઉપાસના કરવી એ તપ છે.અમાસ-પૂર્ણિમાના દિવસો ને પવિત્ર માન્યા છે,તે દિવસે ઉપવાસ કરવો.પરોપકારમાં શરીર ઘસાવવુંએ પણ તપ છે,પરંતુ ગીતાજીમાં તપની સુંદર વ્યાખ્યા આપી છે. ગીતાજી કહે છે કે,ભાવસંશુદ્ધિ એ મોટું માનસિક તપ છે. ભાવસંશુદ્ધિ એટલે અંતઃકરણની પવિત્રતા. સર્વમાં ઈશ્વરનો ભાવ રાખવો એ તપ છે. સર્વમાં ઈશ્વર વિરાજેલા છે એવો અનુભવ કરવો એ મહાન તપ છે. અંતઃકરણની પવિત્રતાથી સદા સર્વદા હૃદયમાં શાંતિ અને પ્રસન્નતા રહેશે. પ્રિય અને સત્ય બોલવુંએ વાણીનું તપ છે. પવિત્રતા સરળતા,બ્રહ્મચર્ય, અહિંસા આ શરીર સંબંધીના તપ છે. સર્વમાં સદભાવ-સમભાવ રાખનારના મનમાં કામ આવતો નથી.વિકાર અને વાસનાનો વિનાશ કરવા આ શ્રેષ્ઠ ઉપાય છે. સર્વમાં સદભાવ રાખે, સર્વમાં ઈશ્વરનો ભાવ રાખે અને સત્કર્મ કરે તો તે સફળ થાય છે. દક્ષ પ્રજાપતિ યજ્ઞ કરતાં તેમાં શુદ્ધભાવ-સમભાવ ન રાખ્યો, કુભાવ રાખ્યો. તેથી યજ્ઞમાં વિઘ્ન આવ્યું. માટે કોઈ પ્રત્યે કુભાવ ન રાખો. ધર્મ સફળ થાય છે સદભાવથી. સદભાવ વગરનો દક્ષનો ધર્મ અધર્મ બન્યો.દક્ષ પ્રજાપતિના યજ્ઞની કથાનો ઉદ્દેશ હરિહરનો અભેદ બનાવવાનો છે. ધર્મની વાત કરી, હવે અધર્મની વાત કરે છે. ધર્મનું કુટુંબ જોયું, હવે અધર્મને પણ ઓળખો. અધર્મના વંશથી ચેતવાનું છે. સ્કંધ ચાર અધ્યાય આઠના પહેલા પાંચ શ્લોકમાં અધર્મના વંશજો બતાવ્યા છે.આ અગત્યના શ્લોકો છે. કારણ પુણ્ય ન કરો તો કાંઈ નહીં,પણ પાપ તો ન જ કરો. અધર્મની પત્નીનું નામ મૃષાદેવી-મિથ્યાભાષણ કરવાની કુટેવ. તેમાંથી થયો દંભનો જન્મ. લોકોને વૈષ્ણવ કહેવડાવવાની ઈચ્છા છે, પરંતુ કોઈને સાચા વૈષ્ણવ થવાની ઈચ્છા નથી. દંભનો પુત્ર લોભ અને લોભનો પુત્ર ક્રોધ છે.ક્રોધની પત્ની દુરુક્તિ એટલેકે કર્કશવાણી.મહાભારતના યુદ્ધનું અને રામાયણના કરુણ પ્રસંગોનું મૂળ કર્કશ વાણી છે. વાણીનું તપ તૂટે ત્યાં કલહ એટલે કલિ કહે મારું કામ.દુર્યોધનનો પગ લપસ્યો અને તે પડ્યો એટલે ભીમ બોલ્યો, આંધળાનો દીકરો આંધળો! દુર્યોધનને આ શબ્દો માથાના ઘા જેવા લાગ્યા એટલે મહાભારતનો આરંભ થયો. સીતાજીએ લક્ષ્મણને કર્કશવાણી માં ઠપકો આપ્યો,તેથી લક્ષ્મણજી ને વિના ઈચ્છાએ મારીચ રાક્ષસ ના છળકપટ ભર્યા શબ્દો પાછળ જવું પડ્યું.લક્ષ્મણની ગેરહાજરી માં રાવણ સીતાને ઊઠાવી ગયો અને રામાયણ શરૂ થયું.માટે કર્કશ વાણી કોઈ દિવસ બોલવા નહીં. આટલા દુર્ગુણોથી બચો તો ઘણું છે.કર્કશ વાણીમાંથી થયો કળિ. કલહનું રૂપ તે કળિ.વાણીનાં તપ નો નાશ. નામદેવ દરજીનો ધંધો કરતા,ગોરા કુંભારકામનો ધંધો કરતા,સેના નાવી હજામનો ધંધો કરતા.એ દરેકને પોતપોતાના ધંધામાંથી જ્ઞાન મળેલું છે. વ્યવહારમાં શુદ્ધિ આવી એટલે જીત્યા.

વ્યવહાર શુદ્ધિ એ ગૃહસ્થાશ્રમનો પાયો છે.સર્વ પ્રત્યે સમભાવ અને કોઈના પણ પ્રત્યે કુભાવનો અભાવએ માનવીજીવનને પરિ પૂર્ણ કરવાની ચાવી છે.વૈષ્ણવ થઈને શિવજીના માટે કુભાવ રાખે એની ભક્તિ કદી ફળી નથીનેફળે નહીંએ સ્કંધમાં વ્યાસ ભગવાન બતાવે છે. કારણ કે શિવજી તો ભક્તિ સંપ્રદાયના આચાર્ય છે. ભગવાન શંકર તો જગદગુરુ છે. પ્રજાપતિના યજ્ઞમાં ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા નહોતા,કારણ કે શંકર ભગવાનનું અપમાન થાય ત્યાં પોતે કેવી રીતે જઈ શકે? શિવજીમાં કુભાવ રાખનાર કામ, ક્રોધ, લોભ, મદ, મસ્તર અને મોહનો શિકાર બને છે. શિવજીમાં કુભાવ રાખનારને કદી બ્રહ્મજ્ઞાન થતું નથી. એટલે દક્ષનો યજ્ઞ દક્ષને મારનારો બન્યો. દક્ષના મનમાં યોજકોને પણ સજા થઈ હતી. દક્ષના યજ્ઞમાં શિવપૂજન થયા પછી ભગવાન વિષ્ણુ પધાર્યા હતા.

શિવજીએ તો કામને બાળીને ભસ્મ કર્યો હતો.રુદ્રનો જન્મ થાય છે. શિવજીનો જન્મ નથી થતો. મહારુદ્ર શિવ અજન્મા છે. ભગવાન શંકર વિશ્વનાથ છે, વિશ્વેશ્વર છે. એમનો દરબાર સદા ખુલ્લો. જગત જેનો ત્યાગ કરે તેને શિવજી અપનાવે છે.શિવ સ્વરૂપ મંગલમય છે.મથુરામાં ભૂતનાથનું મંદિર છે.દિવસે બ્રાહ્મણો પૂજા કરે છે, રાત્રે ભૂતો એમની પૂજા કરે છે. સાધારણ જીવ લગ્ન કરવા જાય છે ત્યારે કાળ એની છાતી પર ચડી બેસે છે,પણ ભગવાન શંકર લગ્ન કરવા ગયાત્યારે તેમના હૃદયમાં શ્રીકૃષ્ણ છે અને હાથમાં માળા છે જેના હૃદયમાં શ્રીકૃષ્ણ છે એને વળી શ્રૃંગારની શું જરૂર છે? હરિ-હરપૂર્ણ એક સ્વરૂપ છે.જીવ જ્યારે શિવ સાથે લગ્ન કરે છે ત્યારે જ શ્રેય થાય છે. સંપત્તિથી શાંતિ મળતી નથી. સંપત્તિથી વિકારસાધના વધે છે એટલે ધર્મ પ્રકરણ પહેલું અને અર્થ પ્રકરણ પછી છે. હવે અર્થ પ્રકરણ આવે છે. આમાં ધ્રુવજીનું આખ્યાન આવે છે. દેશમાં વધતી જતી આરજકતા પ્રજાની મુશ્કેલી વચ્ચે આજના ભગવદ્ ગીતા જ્ઞાનના અંતિમ ફકરામાં રાજય રાષ્ટ્ર શાસક કેવા હોવા જોઈએ તે અંગે એક વાત કરીએ.નગરજનોના દુઃખદર્દ જાણવા ગોંડલના મહારાજા શ્રી ભગવતસિંહજી સાદા પોશાકમાં ફરી રહયા હતા ત્યાં રસ્તે ચાલતા એકખટારો કીચડમાં ફસાઈગયેલો જોયો.ખટારાવાળો ઘણુંઘણું મથે, પણ કેમેય કરીને ખટારો બહાર ન નીકળે.ખટારાવાળાએ બૂમ પાડી, 'અરે,ઓ ભાઈ!જરા અહીં આવો તો!આ ખટારો કાઢવામાં મદદ કરશો તો તમારો ઘણો ઉપકાર.'

સાદા પોશાકમાં રહેલા મહારાજા એની પાસે આવ્યા.ખટારાને બહાર કાઢવા ભારે જોરથી ધક્કો લગાવવા માંડયો.ઘણી મહેનતને અંતે ખટારો કાદવમાંથી બહાર કાઢ્યો.જોશભેર ધક્કો મારતા મહારાજાની ટોપી નીચે પડી ગઈ. એની નીચેનો મુગટજોઈને ખટારા વાળો તો શરમિંદો બની ગયો. મન માં વિચારવા લાગ્યો કે અરે!આવા મોટા ગોંડલના મહારાજા પાસે મેં આવું કામ કરાવ્યું? હવે મારું આવી બન્યું.મારાં સોએ વર્ષ પૂરાં થઈ ગયાં.મહારાજા નક્કી એને એની ભૂલ માટે ફાંસી આપશે.ખટારાવાળો તરત દોડીને મહારાજાના પગમાં પડયો.ભારે આજીજીપૂર્વક માફી માગતાં કહ્યું 'હજૂર,મને માફ કરો.હું તમને ઓળખી શક્યો નહીં.તમારા વેશ પરિવર્તનને લીધે તમને હુંઓળખી શક્યો નહીં.મહારાજ મારાથી ઘણો મોટો અપરાધ થઈ ગયો છે. મને માફ કરો.માફ કરો!' મહારાજા કહે,'અરે ભાઈ! તારું કામ તે રાજનું કામ,અને રાજા થઈને મારે રાજનું કામ તો કરવું પડે ને!'' આમ બોલીને ગોંડલ મહારાજા હસતા હસતા ચાલ્યા ગયા. આ વાત અમને એટલા માટે યાદ આવી કે રાજકર્તાએ પ્રજાનો પ્રેમાળ સેવક છે અને એ હકીકત છે કે જે રાજકારણી લોકસેવા કરે છે,એને લોકો પોતાના હૃદયમાં સદાને માટે સ્થાન આપે છે.આજે ક્યાંક એવી પરિસ્થિતિ છેકે જ્યાં રાજકારણી પોતાને ઊંચા આસને બેઠેલો રાજવી માને છેઅનેપ્રજાને નીચી નજરે જુએ છે.પ્રજા આવા રાજકારણીને લાંબો સમય સાંખી લેતી નથી. આ સમયે નેપાળ દેશમાં ભ્રષ્ટાચાર બેરોજગારીથી ત્રસ્ત પ્રજાનો આક્રોશ જાગ્યો તે સૌ કોઈએ જોયું. જ્યારે પ્રજાનો આક્રોશ જાગે છે,ત્યારે ભલભલાં રાજ સિંહાસનો ઉથલી પડે છે. આજે દેશમાં આવું જ કંઈક ધરબાયેલું છે.રાજકારણમાં આવનારે સેવાની ભાવનાથી આવવું જોઈએ.જોકે આજ ઘણે સ્થળે અવળીગંગા જોવા મળે છે રાજકારણી સેવાનાં બદલે મેવાનો વધારે વિચાર જ કરતા હોય છે.વાચક ચાહક મિત્રો સૌને સારું લાગે તે જરૂરી નથી કડવું સત્ય પણ કહેવું જોઈએ. શાસકે તો.. આજે સિમેન્ટ કોંક્રિટ રેત પથ્થર વૃક્ષો સ્વચ્છતાના નામે જે ચાલે છે તેનાથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે પણ ગળામાંથી રાડ નીકળતી નથી સમજાય તો ધન્યવાદ બાકી જય શ્રી રામ!!

# રાજ કુન્દ્રા કેસમાં ટ્વિસ્ટ રૂ.૬૦ કરોડમાં નેહા ધુપિયા અને બિપાશા બાસુનો પણ હિસ્સો



## રાજ કુન્દ્રાને પોલિસે બેસ્ટ ડીલ શો માટે તૈયાર કરાયેલા કન્ટેન્ટના વીડિયો પણ સબમિટ કરવા કહેવાયું

મુંબઈ પોલિસના ધ ઈકોનોમિક ઓફેન્સ વિંગના અધિકારીઓએ ૬૦ કરોડની છેતરપિંડીના કેસમાં સઘન તપાસ હાથ ધરી છે. જેમાં બિઝનેસમેન અને શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુંદ્રાની લગભગ ૫ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. તેને આવતા અઠવાડિયે ફરી એક વખત પૂછપરછ માટે સમન પાઠવવામાં આવે એવી શક્યતા છે. ત્યારે હવે કેટલાક એવા અહેવાલો છે કે રાજ કુન્દ્રાએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે તેની આ ૬૦ કરોડની રકમનો ઘણો હિસ્સો નેહા ધુપિયા અને બિપ ાશા બાસુને ફી પેટે ચુકવાયો છે. જોકે આ અહેવાલો મુજબ તપાસમાં તેણે હજુ ઘણા મુદ્દાઓ પર મોં ખોલ્યું નથી.એક સુત્રએ આઈએએનએસ એજન્સીને જણાવ્યા અનુસાર, અધિકારીઓને ૬૦ કરોડમાંથી લગભગ ૨૫ કરોડ જેટલી રકમનો તાળો મળી ગયો છે. જેને કંપનીના ખાતામાંથી વિવિધ એક્ટ્રેસના ખાતામાં ટ્રાન્સફર કરાયા છે, જેમાં શિલ્પા શેટ્ટી ઉપરાંત બિપાશા બાસુ અને નેહા ધુપિયાનો સમાવેશ થાય છે. કેટલાંક વ્યવહારો બાલાજી ટેલિફિલ્મસ સાથે પણ સંકળાયેલા હોવાના અહેવાલો છે. તપાસ અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે નોટબંધી દરમિયાન કંપનીના નાણાંકીય ખર્ચ પર દબાણ આવ્યું હતું, જેના કારણે શંકાસ્પદ નાણાના વ્યવહારો શરૂ થયા હતા જેની તપાસ હવે ચાલુ છે. આ ટ્રાન્સફરના પુરાવા ઈઓ દ્વારા સુરક્ષિત કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે.આ ઉપરાંત રાજ કુન્દ્રાને પોલિસે બેસ્ટ ડીલ શો માટે તૈયાર કરાયેલા કન્ટેન્ટના વીડિયો પણ સબમિટ કરવા કહેવાયું છે. મુંબઈ પોલિસે પણ આ અંગે એક નિવેદન જાહેર કર્યું છે, જેમાં કહેવાયું છે કે, ‘‘કહેવાતા ૬૦ કરોડના કેસમાં એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા વિરુદ્ધ તપાસ ચાલુ છે. રાજ કુન્દ્રાને મુંબઈ પોલિસના ઈઓડબલ્યુ દ્વારા સમન પાઠવાયું હતું.

# દિવ્યા ખોસલાએ ફિલર સર્જરી કરાવતા સ્ટાર્સની ટીકા કરી

**દિવ્યાએ કહ્યું કે કેટલાંક લોકોએ એવું પણ કહેલું કે તેનો ગોળ-મટોળ ચહેરો ઇન્ડસ્ટ્રીના ધારા-ધોરણો માટે યોગ્ય નથી**

એક્ટર દિવ્યા ખોસલાએ તાજેતરમાં કયલી જેનર અને કેટલીક બોલિવૂડ એક્ટ્રેસની બોટોક્સ સર્જરી તેમજ ફિલિંગ સર્જરી કરાવીને કુદરતી સૌંદર્યને ખરાબ કરતા હોવાની વાત કરીને ટીકા કરી છે. તેણે કહ્યું, ‘‘બધાં જ ચહેરાં સરખાં જ લાગે છે.’’દિવ્યાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું, ‘‘આજકાલ, બધા જ ચહેરા લગભગ સરખા જ લાગે છે. જે લોકો મુંબઈના ડોક્ટર પાસે જાય છે એ સરખા દેખાય છે અને જે દુબઈના ડોક્ટર પાસે જાય છે એ સરખા દેખાય છે. એમનો ચહેરો જોઈને ખબર પડે કે કોણ કયા ડોક્ટર પાસે ગયું હતું. તમને ખબર પડી જાય છે, એ લોકો કયા ડોક્ટર પાસે, કયા વિસ્તારમાં કે કયા શહેરમાં ગયાં હતાં. ’’દિવ્યાએ કહ્યું કે કેટલાંક લોકોએ એવું પણ કહેલું કે તેનો ગોળ-મટોળ



ચહેરો ઈન્ડસ્ટ્રીના ધારા-ધોરણો માટે યોગ્ય નથી. પરંતુ તેને તેનાથી કોઈ ફરક પડતો નથી. ‘‘મને મેક અપ કે અરીસાનું કોઈ ઘેલું નથી.’’દિવ્યાએ કહ્યું કે તે અન્યોએ નક્કી કરેલાં સુંદરતાનાં ધારા-ધોરણોને શરણે થતી નથી. કાયલી જેનર જેવા સેલેબ્રિટીની ટીકા કરતા દિવ્યાએ કહ્યું, ‘‘તમે આ વસ્તુઓથી જેટલાં દુર રહો એટલું સારું છે. આપણે કાયલી જેનરને જોઈ છે. એ ઘણી યુવાન છે પણ તેણે એટલી સર્જરી કરાવી છે કે હવે તેની ઉંમર વધુ દેખાય છે. આપણે બધાએ સમજવું જોઈએ અને સહજ-કુદરતી રીતે જ ઉંમર વધે એમ વધવા દેવાની, બની શકે કે આપણે પહેલાં લાગતાં હતાં, તેનાથી વધુ સુંદર બનતાં જઈએ. વાત આપણી જાતને જેવાં છીએ તેવાં જ રાખવાની છે.’’દિવ્યા ખોસલાની નીલ નિતિન મુકેશ સાથેની ફિલ્મ ‘એક ચતુર નાર’ શુક્રવારે ફિલ્મ રિલીઝ થઈ છે, જેમાં દિવ્યા મમતા મિશ્રા નામની એક જરૂરિયાતમંદ પરિવારમાંથી આવતી સ્ત્રીનો રોલ કરે છે, જે તેના પુત્ર અને સાસુ સાથેના ઘરને એકલાં હાથે સંભાળે છે. નીલ નિતિન મુકેશ એક બિઝનેસમેનનો રોલ કરે છે, તેનો ફોન ચોરવામાં સફળ થાય છે.

# સાજિદ નડિયાવાલાએ ફિલ્મ વિવેચકો ધમકી આપતા હોવાનો દાવો કર્યો

**કેટલાંક વિવેચકોએ છબિ ખરડાવાની ધમકી આપીને પૈસાની માગણી કરી હોવાનું નિવેદન બહાર પાડ્યું**

નડિયાદવાલા ગ્રાન્ડસન અનેટરટેઈન્મેન્ટ બોલિવૂડનું સૌથી જાણીતું પ્રોડક્શન હાઉસ છે. જે છેલ્લા ૭૫ વર્ષથી ફિલ્મ પ્રોડક્શનના ક્ષેત્રે કામ કરે છે. તેમણે એક કડક નિવેદન બહાર પાડ્યું છે, જેમાં ફિલ્મ વિવેચન બાબતે અસૈદ્ધાંતિક કામગિરી થતા હોવાની ચિંતા વ્યક્ત કરી છે. પ્રોડક્શન હાઉસના ઓફિશિયલ સોસિયલ મીડિયા પેજ પર આ અંગે સ્પષ્ટતા કરાઈ છે અને તેમના વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને સહકારના દાવા સાથે કહેવાયું છે કે કંપનીએ ક્યારેય તટસ્થ વિવેચન કે સર્જનાત્મક ટીકા અંગે વાંધો ઉઠાવ્યો નથી.



નિવેદનમાં જણાવાયું છે કે તટસ્થ ટીકા ફિલ્મ માટે જરૂરે છે, તે ફિલ્મ મેકરને આગળ વધવામાં અને સર્વાંગી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની તંદુરસ્તી માટે જરૂરી છે.નિવેદનમાં ખુલાસો કરાયો છે કે તાજેતરમાં તેમની સામે કેટલાંક ખંડણી અને ગેરવ્યાજબી રકમી માગણીના પુરાવા સામે આવ્યા છે. કેટલાંક ચોક્કસ વ્યક્તિઓ દ્વારા તેમની માગણી ન સંતોષાઈ તો અમારી, ડિરેક્ટર્સ અને કલાકારોની છબિ ખરડાવવાની ધમકી સાથે પૈસાની માગણી કરવામાં આવી છે. હવે આ કામમાં સંડોવાયેલાં વ્યક્તિઓ વિરુદ્ધ પ્રોડક્શન હાઉસ કરાયદેસરના પગલા લેવા જઈ રહ્યું છે. કંપનીએ નિવેદનમાં એવો પણ દાવો કર્યો છે કે, તેમનો હેતુ ખરા ફિલ્મ વિવેચકો અને વ્યક્તિગત વિવેચકો કે યુટ્યુબર્સ જેઓ તંદુરસ્ત ચર્ચા કરે છે, તેમના પર નિશાન સાધવાનો નથી. નિવેદનમાં કહેવાયું, ‘‘અમે ઈમનાદારીથી થતાં કામની કદર કરીએ છીએ અને દિલથી તેમના ફિલ્મ ઈન્ડસ્ટ્રીની તંદુરસ્ત પ્રક્રિયાઓમાં પ્રદાનને આવકારીએ છીએ.’’ આમ સર્જનાત્મક વિવેચન આવકાર્ય છે પરંતુ ધમકી અને અને અસૈદ્ધાંતિક બાબતો સામે કાયદેસરના પગલાં લેવાશે. નિવેદનમાં કહેવાયું, ‘‘અમે ઈમનાદારીથી થતાં કામની કદર કરીએ છીએ અને દિલથી તેમના ફિલ્મ ઈન્ડસ્ટ્રીની તંદુરસ્ત પ્રક્રિયાઓમાં પ્રદાનને આવકારીએ છીએ.’’ આમ સર્જનાત્મક વિવેચન આવકાર્ય છે પરંતુ ધમકી અને અને અસૈદ્ધાંતિક બાબતો સામે કાયદેસરના પગલાં લેવાશે.

## ‘માત્ર એ જ વાર્તા મહત્વની છે, જે તમે તમારા માટે લખો છો’

# ‘મેં હંમેશા મારી શરતો પર જીંદગી જીવી છે’ : મલાઈકા અરોરા



## અર્જુન સાથે રિલેશનશિપમાં હતી ત્યારે લોકોએ મલાઈકાને તેની ઉંમરને લઈને ટ્રોલ કરી હતી

બોલિવૂડની એક્ટ્રેસ મલાઈકા અરોરા તેના હોટ અંદાજ અને ડાન્સ સિવાય કોઈ પણ મુદ્દે બિંદાસ અભિપ્રાય આપવા માટે જાણીતી છે. મલાઈકા તેની પર્સનલ લાઈફ અને રિલેશનશિપ અને ફેશનના મુદ્દે કોઈપણ જાતના ભય વગર પોતાની પ્રતિક્રિયા આપે છે. હવે ફરી એકવાર મલાઈકાએ જણાવ્યું કે કેવી રીતે તે ટ્રોલર્સનો સામનો કરે છે. એક ઈન્ટરવ્યૂમાં મલાઈકાએ જણાવ્યું કે, ‘લોકો તમને હંમેશા કહેતા રહે છે કે તમે શું હોવા જોઈએ અને શું ન હોવા જોઈએ. લોકોએ તો મારી કારકિર્દીથી લઈને મારા કપડાં અને મારા સંબંધો દરેક બાબતમાં મને જજ કરી છે. પરંતુ, જે દિવસે મેં પોતાને સમજાવવાનું બંધ કરી દીધું, એ જ દિવસે મને સાચી આઝાદી મળી હોય તેવો અનુભવ થયો. મારી સૌથી મોટી શીખ એ છે કે માત્ર એ જ વાર્તા મહત્ત્વની છે, જે તમે તમારા માટે જાતે લખો છો.મલાઈકાએ વધુમાં જણાવ્યું કે, ‘મેં મારી લાઈફ પોતાની શરતો મુજબ જીવી છે, પછી તે ફેશન હોય, ફિટનેસ હોય કે વ્યક્તિગત નિર્ણયો હોય. મારૂં માનવું છે કે સાચો આત્મવિશ્વાસ પોતાના પ્રત્યે ઈમાનદાર રહેવાથી આવે છે. હા, આત્મસંદેહ સ્વાભાવિક છે. પણ મારા માટે આત્મવિશ્વાસનો અર્થ મુશ્કેલીઓ હોવા છતાં પણ શાલીનતા સાથે આગળ વધવું એ છે.મલાઈકા હંમેશા તેના સંબંધોને લઈને ચર્ચામાં આવે છે. વર્ષ ૨૦૧૭માં અરબાઝ ખાન સાથે છૂટાછેડા લીધા બાદ એક્ટર અર્જુન કપૂર સાથે મલાઈકાના રિલેશનશિપની ચર્ચા થવા લાગી. રિપોર્ટ પ્રમાણે બંનેએ અમુક વર્ષ સુધી એકબીજાને ડેટ કરતા રહ્યા, પણ ગયા વર્ષે મલાઈકાનું અર્જુન સાથે બ્રેકઅપ થઈ ગયું. અર્જુન સાથે રિલેશનશિપમાં હતી ત્યારે લોકોએ મલાઈકાને તેની ઉંમરને લઈને ટ્રોલ કરી હતી. જોકે મલાઈકા બિંદાસ રહી અને ખુલ્લેઆમ અર્જુન પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતી રહી.



**વરુણ ધવને કલાકારો અને તેમની ઓળખનો દુરુપ યોગ અટકાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો**

# જાહન્વી સોશિયલ મીડિયા પર પોતાની મરજી વિરુદ્ધ ફેક તસવીરોથી ચિંતિત

આજકાલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિવિધ ટૂલની મદદથી અનેક પ્રકારની નકલી તસવીરો બની રહી છે અને આવી અસંખ્ય તસવીરો સોશિયલ મીડિયો પર પોસ્ટ થઈ રહી છે. આ સ્થિતિમાં ઘણા લોકોની તસવીરોનો દરુપયોગ પણ ખુબ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે, ખાસ કરીને ફિલ્મ અને ટીવીના કલાકારોની વિવિધ પ્રકારની ફેક તસવીરો બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવે છે. તાજેતરમાં જાહન્વી કપૂર અને વરુણ ધવનની ‘સન્ની સંસ્કારી કી તુલસી કુમારી’ના ટ્રેલર લોંચની ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં વરુણ ધવન અન જાહન્વી કપૂરે એઆઈથી થતાં નુકસાન અને તેના ગેરફાયદાની વાત કરી હતી. જાહન્વી કપૂરે એઆઈના કારણે કલાકારોની વધી રહેલી ચિંતા બાબતે વાત કરતાં જણાવ્યું, ‘‘જ્યારે હું સોશિયલ મીડિયા પર જોઉં છું, તો મારી ઈચ્છા વિરુદ્ધ મારી અનેક તસવીરો સોશિયલ મીડિયા પર અપલોડ થતી હોય છે. તમે અને હું સમજી જઈશું કે આ એઆઈ ઈમેજ છે, પરંતુ સામાન્ય માણસને લાગશે કે આ તો આવું પહેરીને પહોંચી ગઈ.’’ જાહન્વીએ પોતાના એ બાબતે જુનવાણી વિચારોવાળી ગણાવીને સર્જનાત્મકતા



**વરુણે પણ જાહન્વીના વિચારો સાથે સહમતી દર્શાવી**

અને આધારભૂત માહિતીના મહત્વની પણ વાત કરી હતી. વરુણે પણ જાહન્વીના આ વિચારો સાથે સહમતી દર્શાવતા જણાવ્યું હતું કે એક તરફ ટેક્નોલોજીએ નવા દ્વાર ખોલી નાખ્યા છે, ત્યારે બીજી તરફ તેના ગંભીર નકારાત્મક પરિણામો પણ છે. વરુણે જણાવ્યું, ‘‘ટેક્નોલોજીથી ચોક્કસ મદદ મળે છે, પરંતુ તેની નકારાત્મક બાબતો પણ છે. કાયદા અને નિયમોએ કલાકારો અને તેમની ઓળખનો દુરુપયોગ થતો અટકાવવાની જરૂર છે.’’

## વડાપ્રધાનના જન્મદિવસ પર બાયોપિક ‘મા વંદે’ની જાહેરાત

# Maa Vande : સાઉથ સિનેમામાં દર્શાવાશે પીએમ મોદીની જીવનકથા



વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૭૫મા જન્મદિવસ પર સાઉથ સિનેમા તરફથી મોટી સરપ્રાઈઝ મળી છે. મલયાલમ સિનેમાના સુપરસ્ટાર અને માર્કો ફિલ્મ ફેમ ઉન્ની મુકુંદને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જીવન પર આધારિત ફિલ્મ ‘મા વંદે’ની જાહેરાત કરી છે. તેમણે જાહેરાત સાથે વડાપ્રધાનને તેમના જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. ‘મા વંદે’નું ફર્સ્ટ લૂક પોસ્ટર પણ રિલીઝ કરવામાં આવ્યું છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું પ્રેરણાદાયી જીવન હંમેશા ફિલ્મ નિર્માતાઓનું પ્રિય રહ્યું છે. હિન્દી સિનેમાએ તેમના જીવનના સંઘર્ષો વિશે ઘણી ઉત્તમ ફિલ્મો બનાવી છે. હવે દક્ષિણ ભારતીય સિનેમાનો વારો છે, અને તે પીએમ મોદીની વાર્તાને પડદા પર જીવંત કરવા માટે તૈયાર છે.દેશના વડાપ્રધાનના જન્મદિવસના ખાસ પ્રસંગે અભિનેતા ઉન્ની મુકુંદને તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ફિલ્મ ‘‘મા વંદે’’ની સત્તાવાર જાહેરાત કરી હતી. આ ફિલ્મમાં પીએમ મોદીના જીવન, સંઘર્ષ અને સફળતાઓનું વિગતવાર વર્ણન કરવામાં આવશે.પીએમ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા મલયાલમ સુપરસ્ટારે કેપ્શનમાં લખ્યું કે, ‘મને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે હું કાર્તિ કુમાર દ્વારા દિગ્દર્શિત મારી આગામી ફિલ્મ મા વંદેમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર દામોદરદાસ મોદીની ભૂમિકા ભજવીશ. હું અમદાવાદમાં મોટો થયો છું અને બાળપ ણમાં હું તેમને મુખ્યમંત્રી તરીકે જાણતો હતો. વર્ષો પછી એપ્રિલ ૨૦૨૩માં મને તેમને રૂબરૂ મળવાનો લહાવો મળ્યો હતો. એક અભિનેતા તરીકે, પડદા પર તેમની ભૂમિકા ભજવવી એ ખૂબ જ ઉર્જાવાન અને પ્રેરણાદાયક છે. મા વંદે દરેક ભારતીય ભાષામાં વિશ્વભરમાં રિલીઝ થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, તમને મારા જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ. મને હજુ પણ અમારી મુલાકાતના બે શબ્દો યાદ છેઃ ઝૂકવાનું નહીં.’

**અનુરાગ કશ્યપનું ચોંકાવનારું નિવેદન**

**અનુરાગ કશ્યપની આગામી ફિલ્મ ‘નિશાનચી’ ૧૯ સપ્ટેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે**

# મને વિરાટ કોહલીની બાયોપિક બનાવવામાં રસ નથી’: અનુરાગ

ભારતીય ક્રિકેટ ટીમના ઘણા દિગ્ગજ ખેલાડીઓની બાયોપિક બનાવવામાં આવી છે, જેમાં પૂર્વ કેપ્ટન એમએસ ધોની, માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર અને મિતાલી રાજના નામ ટોપ પર છે. આજના યુગમાં વિરાટ કોહલીનો પણ એવો જ ક્રેઝ છે. ભારતીય ક્રિકેટમાં તેનું ખાસ સ્થાન છે. તેના લાખો ફોલોઅર્સ છે. ત્યારે હવે આ વચ્ચેબોલિવૂડ ડાયરેક્ટર અનુરાગ કશ્યપે પોતાના ફેવરિટ ક્રિકેટર્સમાંથી એક વિરાટ કોહલીની બાયોપિક પર વાત કરી છે. અનુરાગને એક ઈન્ટરવ્યુમાં પ ૂછવામાં આવ્યું કે, શું તમે વિરાટ કોહલીની બાયોપિક બનાવવા માગો છો? તેના જવાબમાં ડાયરેક્ટરે કહ્યું કે, ના મને વિરાટ કોહલીની બાયોપિક બનાવવામાં રસ નથી. અનુરાગ કશ્યપે કહ્યું કે, ‘મને નથી લાગતું કે, હું આ કરવા માગીશ, કારણ કે, તે પહેલાથી જ ઘણા લોકોનો, ઘણા બાળકોનો હીરો છે. જો મારે કોઈ બાયોપિક બનાવવી હશે તો હું મુશ્કેલ સબ્જેક્ટ પસંદ કરીશ, કોઈ વ્યક્તિનું જીવન.’વિરાટ કોહલી અંગે ડાયરેક્ટરે કહ્યું કે, ‘તે ખૂબ જ શાનદાર માણસ છે. હું



તેને પર્સનલી જાણું છું. તે ખૂબ જ ઓથેન્ટિક વ્યક્તિ છે. તે ખૂબ જ ઈમોશનલ છે. તે એક અદ્ભુત વ્યક્તિ છે. વિરાટ કોહલી ભારતના સૌથી શાનદાર ક્રિકેટર્સમાંથી એક છે. તેણે ૧૮ વર્ષની ઉંમરે તેમના પિતા ગુમાવ્યા હતા. તેની લવ લાઈફ પણ ચર્ચામાં રહી છે.’અનુરાગ કશ્યપની વાત કરીએ તો તેની ફિલ્મ ‘નિશાનચી’ ૧૯ સપ્ટેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. બાલ ઠાકરેનો પૌત્ર ઐશ્વર્ય ઠાકરે આ ફિલ્મથી ડેબ્યૂ કરી રહ્યો છે. તેના લાખો ફોલોઅર્સ છે. ત્યારે હવે આ વચ્ચેબોલિવૂડ ડાયરેક્ટર અનુરાગ કશ્યપે પોતાના ફેવરિટ ક્રિકેટર્સમાંથી એક વિરાટ કોહલીની બાયોપિક પર વાત કરી છે. અનુરાગને એક ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું કે, શું તમે વિરાટ કોહલીની બાયોપિક બનાવવા માગો છો? તેના જવાબમાં ડાયરેક્ટરે કહ્યું કે, ના મને વિરાટ કોહલીની બાયોપિક બનાવવામાં રસ નથી. અનુરાગ કશ્યપે કહ્યું કે, ‘મને નથી લાગતું કે, હું આ કરવા માગીશ, કારણ કે, તે પહેલાથી જ ઘણા લોકોનો, ઘણા બાળકોનો હીરો છે. જો મારે કોઈ બાયોપિક બનાવવી હશે તો હું મુશ્કેલ સબ્જેક્ટ પસંદ કરીશ, કોઈ વ્યક્તિનું જીવન.’વિરાટ કોહલી અંગે ડાયરેક્ટરે કહ્યું કે, ‘તે ખૂબ જ શાનદાર માણસ છે. હું તેને પર્સનલી જાણું છું. તે ખૂબ જ ઓથેન્ટિક વ્યક્તિ છે. તે ખૂબ જ ઈમોશનલ છે. તે એક અદ્ભુત વ્યક્તિ છે. વિરાટ કોહલી ભારતના સૌથી શાનદાર ક્રિકેટર્સમાંથી એક છે. તેણે ૧૮ વર્ષની ઉંમરે તેમના પિતા ગુમાવ્યા હતા. તેની લવ લાઈફ પણ ચર્ચામાં રહી છે.’અનુરાગ કશ્યપની વાત કરીએ તો તેની ફિલ્મ ‘નિશાનચી’ ૧૯ સપ્ટેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. બાલ ઠાકરેનો પૌત્ર ઐશ્વર્ય ઠાકરે આ ફિલ્મથી ડેબ્યૂ કરી રહ્યો છે.

# સ્વચ્છતા માટે નડિયાદનો અનોખો પ્રયાસ : નડિયાદ મહાનગરપાલિકા દ્વારા વિશાળ સ્વચ્છતા રેલી યોજાઈ

**" સ્વચ્છતા એ કોઈ અભિયાન નથી પણ જીવનમાં વણી લેવાની બાબત છે."**



। (માહિતી) નડિયાદ, તા.૧૮ ।

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે તથા સ્વચ્છ ભારત મિશનના ૧૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે નડિયાદ મહાનગરપાલિકા દ્વારા આજે શાળાના બાળકોની સંતરામ મંદિર થી ઈપ્કોવાલા હોલ સુધી વિશાળ સ્વચ્છતા રેલી યોજાઈ હતી. સંતરામ મંદિર ખાતે રેલીનો પ્રારંભ કરાવતા સંતરામ મંદિરના મહંત શ્રી નિર્ગુણદાસજી મહારાજે આર્શીવચન પાઠવતા જણાવ્યું હતું કે,'' સ્વચ્છતા એ કોઈ અભિયાન નથી પણ જીવનમાં વણી લેવાની બાબત છે.'' ''સ્વચ્છતા એ કોઈ અભિયાન નહીં પણ સતત ચાલતી પ્રક્રિયા છે અને સૌની જવાબદારી છે.'' '' સ્વચ્છતા માટે પળ ના બગાડો, ગંદકી કરી જીવનના બગાડો.'' ''જેના ઘરનું ફળિયું ચોખ્ખું છે એ ઘરનું બાળક તંદુરસ્ત'', ''ગંદકી બનાવે દવાખાનાની સીડી'', ''સ્વચ્છતા એક ઉજ્જ્વળ ભવિષ્ય તરફનું પગલું છે.'' ''આપણી ધરતી આપણું ભવિષ્ય, એક બની સ્વચ્છ બનાવીએ.''.. આવા સ્લોગન સાથે આજે નડિયાદની શાળાના બાળકોની સ્વચ્છતા રેલીએ સ્થાનિકોમાં આકર્ષણ જમાવ્યું હતું. અને આ સંદર્ભે જ ઈપ્કોવાલા હોલ સુધી વિશાળ જનસભામાં વિદ્યાર્થીઓની ઉત્સાહભરી હાજરીમાં સવાદ પ્રવચન કરતા પંચાયતી રાજ સમિતિના અધ્યક્ષશ્રી અને ધારાસભ્યશ્રી પંકજ દેસાઈએ જણાવ્યું હતું કે, ''સ્વચ્છતામાં તમે સૌ ભાગીદાર બન્યા છો. સ્વચ્છતાની શરૂઆત આપણાથી કરીએ. આપણા ઘરથી કરીએ. સ્વચ્છતા કરવાથી અને તેની જાગૃતિ કહેવાથી સ્વચ્છ ભારત મિશન સાકાર થશે. તેમણે બાળકોને કહ્યું હતું કે,'' સ્વચ્છતા પોતાનાથી શરૂ કરવાની અને બીજા જોડે કરાવવાની શરૂઆત કરશો તો સ્વચ્છ ભારતનું સપનું ઝડપથી સાકાર થશે.'' આ તકે ધારાસભ્યશ્રીએ અનુરોધ કર્યો હતો કે,'' સ્વચ્છતા પ્રત્યે બાળકોને સ્કૂલમાંથી પણ માહિતગાર કરીને તેની ટેવો પાડવામાં આવે. ઉલ્લેખનીય છે કે આજરોજ ''સ્વચ્છોત્સવ અંતર્ગત સ્વચ્છતા પખવાડિયા નિમિત્તે નડિયાદ મહાનગરપાલિકા દ્વારા વેસ્ટ કલેક્શન કરતા ૭૦ વાહનોની લીલી જંડી આપીને નડિયાદ શહેરના ૧૩ વોર્ડ તેમજ આજુબાજુના ૧૦ ગામડાઓ માટે વાહનોને પ્રસ્થાન કરાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ધારાસભ્યશ્રીએ આ તકે જાહેરાત કરી હતી કે,'' જન પ્રતિનિધિઓ દ્વારા નડિયાદમાં ઘરદીઠ સૂકા અને ભીના કચરા માટે લીલા અને વાદળી ડસ્ટબીન આપવામાં આવશે. આ રેલીમાં શાળાના ૫૦૦ બાળકો ઉપરાંત આઈટીસી કંપનીએ મહાનગરપાલિકાના કર્મયોગીઓ સાથે ભાગીદારી નોંધાવી હતી.

# નડિયાદમાં બાળ વિકાસનો રંગીન ઉત્સવ એટલે....જિલ્લા પંચાયત નડિયાદ દ્વારા આયોજિત ભૂલકા મેળો ૨૦૨૫



। (માહિતી) નડિયાદ, તા.૧૮ ।

મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગની સંકલિત બાળ વિકાસ યોજનાની કચેરી અને જિલ્લા પંચાયત દ્વારા જિલ્લા કક્ષાના ભૂલકા મેળાનું સ્વામિનારાયણ મંદિર, યોગીફાર્મ, પીપલગ ખાતે આજરોજ આયોજન કરવામાં આવ્યું હતું. સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાએલા ભૂલકા મેળામાં વર્ષ ૨૦૨૨-૨૩ ના જિલ્લા કક્ષાના ૦૩ અને ઘટક કક્ષાના ૨૯ માતા યશોદા એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લાની આંગણવાડીઓના ભુલકાઓ દ્વારા સાંસ્કૃતિક અને દેશપ્રેમના મનોરંજન કાર્યક્રમે સૌનું આકર્ષણ જણાવ્યું હતું. જેમાં મહુધા તાલુકાના શેરી ગામની આંગણવાડીમાં અભ્યાસ કરતી ચાર વર્ષની વિદ્યાર્થીની ક્રિશા ચૌહાણે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું પાત્ર ભજવી રાષ્ટ્ર ગાન સંભળાવી સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. રાષ્ટ્રીય પોષણ માહ અંતર્ગત આ કાર્યક્રમમાં શ્રી અન્નની તેમજ ટેક હોમ રાશનની વાનગી સ્પર્ધાઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ મેળામાં ૧૫ જેટલા વૈજ્ઞાનિક અને પ્રાકૃતિક ટીચિંગ લર્નિંગ મટીરીયલ્સના નિદર્શન પણ કરવામાં આવ્યા હતા. જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કાર્યરત વિવિધ યોજનાઓ પૈકી પા પા પગલી પ્રોજેક્ટ હેઠળ ''ભૂલકા મેળા ''માં આંગણવાડીના ભૂલકાંઓના ઘડતરમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર આંગણવાડીની બહેનોને બિરદાવતા સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે,'' નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જડ (મૂળ) થી દુનિયાની સંસ્કૃતિ બાળકોમાં સિંચવા તેમજ રોપવા માટે સંકલિત બાળ વિકાસ યોજનાની તમામ માતૃ શક્તિને સન્માનવાનો આ પ્રસંગ છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણના પ્રોજેક્ટ ''પા પા પગલીર્ે; અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ અને તેનું આકલન કરવામાં, બાળકના જન્મથી લઈ ૬ વર્ષના સમયગાળો તેના વિકાસ માટે ખુબ મહત્વનો હોય છે. બાળકના વિકાસના શારીરિક, બૌધિક, સામાજિક, ભાવનાત્મક, સર્જનાત્મક અને ભાષાકીય આ તમામ છ પાસાઓ આંગણવાડીમાં બાળકોના વિકસાવવાની જવાબદારી વાલીઓ અને સરકારે સોપી છે તે સુપેરે નિભાવો છે અને સાચા અર્થમાં માતા યશોદા બનો છો .. ''

# અમદાવાદ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દ્વારા ક્ષતિગ્રસ્ત માર્ગોની મરામત કામગીરી પૂરજોશમાં





। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદ જિલ્લામાં ચોમાસુ હળવું થતાં ક્ષતિગ્રસ્ત માર્ગોના સમારકામની કામગીરી રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા પૂરજોશમાં ચાલી રહી છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા નાગરિક જીવનમાં રોજિંદા યાતાયાત માટે અતિ મહત્ત્વના એવા રોડ નેટવર્કની તત્કાલ મરામત હાથ ધરવાના દિશાનિર્દેશોના પગલે આ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) હેઠળ અમદાવાદ જિલ્લામાં કુલ ૧૦૪૧.૪૭ કિ.મી.ની લંબાઈના રસ્તાઓ આવેલા છે. રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદથી હાઈવે અને ગ્રામીણ માર્ગોને જ્યાં નુકસાન થયેલું છે, ત્યાં રોડ રિપેરિંગ અને પેચવર્ક કરીને રસ્તાઓને પુનઃ પૂર્વવત બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી અંતર્ગત વિરમગામ-બેચરાજી, ફેદરા-પીપળી, સાણંદ-બાવળા અને બગોદરા-ધંધુકા સહિતના મુખ્ય માર્ગો પેચવર્ક દ્વારા મરામત કરી માર્ગોને મોટરેબલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, રોડ મેઈન્ટેનન્સ અંતર્ગત અલગ અલગ સ્થળોએ જરૂરિયાત અનુસાર માર્ગ મરામતની કામગીરી કરવામાં આવી છે. જેમાં મીડિયન/ સેન્ટ્રલ વર્જ મેઈન્ટેનન્સ, થર્મોપ્લાસ્ટ પટ્ટાની કામગીરી, પેરાપેટ/રેલીંગ પેઈન્ટીંગની કામગીરી, જંગલ કટીંગ તથા વૃક્ષો પર ઘેરૂ - ચુનાની કામગીરી કરવામાં આવી રહી છે. માર્ગની સલામતી અને જાળવણીના ભાગરૂપે પેરાપેટ/રેલીંગ પેઈન્ટીંગની કામગીરીમાં ૫૦૭.૪૩ કિ.મી.ની લંબાઈની કરવાપાત્ર કામગીરી પૈકી ૨૩૭.૩ કિ.મી. ની લંબાઈ પરની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે, જ્યારે બાકી રહેલા ૨૭૦.૧૩ કિ.મી.ની લંબાઈ પર કામગીરી પ્રગતિમાં છે. અત્યાર સુધીમાં ૨૮૬.૩ કિ.મી.ની લંબાઈના રસ્તાઓ પર જંગલ કટીંગની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે, જ્યારે બીજા ૨૪૫.૩૫ કિ.મી. ની લંબાઈના માર્ગો પર કામગીરી પ્રગતિમાં છે. એ જ રીતે, સાઈન બોર્ડની કામગીરી અંતર્ગત કરવાપાત્ર ૨૫૯.૫ કિમી પૈકી ૨૪૨.૮ કિમીની લંબાઈ પર કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગુણવત્તાયુક્ત કામગીરી સુનિશ્ચિત કરીને બાકી રહેલી તમામ મરામત કામગીરી નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે તંત્ર કટિબદ્ધ છે, જેથી પ્રજાજનોને સુગમ અને સુરક્ષિત પરિવહનની સુવિધા મળી રહે.

### અઢી વર્ષ પછી પહેલીવાર કાર્તિકને મોંઢેથી ખોરાક લેતા જોઈને માતા બન્યાં ભાવુક

# સિવિલ હોસ્પિટલમાં અઢી વર્ષના બાળક પર અત્યંત જટિલ ગેસ્ટ્રિક પુલઅપ સર્જરી કરાઈ



। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદની સિવિલ હોસ્પિટલ જટિલમાં જટિલ સર્જરી થકી દર્દીઓને નવજીવન આપવા માટે દેશભરમાં જાણીતી છે અને એટલે જ ગુજરાત ઉપરાંત આસપાસનાં રાજ્યોમાંથી લોકો અહીં એક આશા સાથે સારવાર માટે આવતા હોય છે. લોકોના ભરોસાને વધુ મજબૂત કરતી વધુ એક અત્યંત જટિલ સર્જરી સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગના ડૉક્ટરોએ કરી બતાવી છે. ડૉક્ટરની ટીમ દ્વારા માત્ર અઢી વર્ષના કાર્તિક પર ગેસ્ટ્રીક પુલઅપ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી અને આ બાળક હવે સામાન્ય બાળકોની જેમ પોતાના મોંઢેથી ખાતું-પીતું થયું છે.

જન્મ્યા ત્યારથી જ ટ્યૂબ વડે બહારથી ભોજન લેવા મજબૂર બાળકને પહેલી વાર મોંઢેથી ખોરાક લેતાં જોઈને તેના માતા સહિતના પરિવારજનો ગદગદિત થઈ ગયા હતા. ભાવુક થયેલાં માતા-પિતાએ આંખમાં હરખનાં આંસુઓ સાથે સિવિલ હોસ્પિટલના ડૉક્ટરોનો આભાર માન્યો હતો.

ઉત્તર પ્રદેશનો અઢી વર્ષનો કાર્તિક અન્નનળી (ફૂડ પાઈપ)ની ઈસોફેજિયલ એટ્રિસિયા નામની જન્મજાત ખામીથી પીડાતો હતો. કાર્તિકના શરીરમાં જન્મથી જ અન્નનળી બનેલી જ નહોતી, એટલે એ તેના ગળામાં કાણું પાડીને ટ્યૂબ મૂકવી પડી હતી, જેથી સલીવા બહાર આવી શકે તથા હોજરી સુધી ભોજન પહોંચાડી શકાય.

આ ખામી અંગે વાત કરતાં સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક તથા પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી જણાવે છે કે ઈસોફેજિયલ એટ્રિસિયા એ ૪૦૦૦ બાળકોમાંથી એકમાં જોવા મળતી દુર્લભ જન્મજાત ખામી છે. સર્જરી સિવાય બીજો વિકલ્પ હોતો નથી. ગેસ્ટ્રિક પુલઅપ સર્જરીમાં હોજરીને ખેંચી તેમાંથી અન્નનળી બનાવવામાં આવે છે, જેથી બાળક મોંઢેથી ખોરાક લઈ શકે છે, સિવિલ હોસ્પિટલમાં આ અત્યંત જટિલ સર્જરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી છે. અગાઉ પણ આ જ પ્રકારની સર્જરી પીડિયાટિક સર્જરી વિભાગ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલી છે, તેમ ડૉ. જોષીએ જણાવ્યું હતું.

જિંદગીમાં 'સ્વાદ' અને સ્વાસ્થ્ય પ્રાપ્ત કરનાર કાર્તિકની વાત કરીએ તો મૂળ ઉત્તરપ્રદેશના વતની અને વ્યવસાયે સુથારી કામ કરતાં લાલમત પ્રજાપતિ અને સંજુબહેનનો પુત્ર છે. કાર્તિકનો જન્મ થયા પછી તરત તાત્કાલિક ધોરણે તેમણે ઉત્તર પ્રદેશમાં જ કોઈ ખાનગી હોસ્પિટલમાં બેથી ત્રણ લાખનો ખર્ચ કરીને ઓપરેશન કરીને ગળામાં કાણું પાડીને ટ્યૂબ મુકાવી હતી. આ ટ્યૂબ થકી જ કાર્તિકને ભોજન અપાતું અને તેનું જીવન ચાલતું હતું.

કાર્તિક પણ સામાન્ય બાળકની જેમ મોંથી ખોરાક લઈ શકે, એ માટે જરૂરી ઓપરેશન કરાવવા ખાનગી હોસ્પિટલમાં છથી આઠ લાખ ખર્ચ થાય એમ હતું. આર્થિક રીતે આટલો મોટો ખર્ચ પરિવારને પરવડી શકે એમ નહોતું. સિવિલ હોસ્પિટલમાં આવી સર્જરી કરવામાં આવે છે, એવું

# વસો તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા સ્વસ્થ નારી સશક્ત પરિવાર પખવાડીયા કાર્યક્રમનો શુભારંભ



। (માહિતી) નડિયાદ, તા.૧૮ ।

વસો તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વસો મુકામે આરોગ્ય વિભાગ દ્વારા સ્વસ્થ નારી સશક્ત પરિવાર પખવાડીયા કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં નરેન્દ્ર મોદી મેડિકલ અમદાવાદ ખાતેથી નિષ્ણાત ડોકટરોની ટીમ હાજર રહી અને જરૂરીયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક તપાસ અને સારવાર આપવામાં આવી. કેમ્પ દરમિયાન વિવિધ વિભાગોમાં કુલ ૪૩૪ દર્દીઓની તપાસ કરવામાં આવી જેમાં ગાયનેકોલોજી વિભાગના ૭૮, પીડીયાટિક વિભાગના ૬૯, મનોચિકિત્સક વિભાગના ૨૦, કાન-નાક-ગળા વિભાગના ૩૦, જનરલ સર્જરીના ૩૨, ચામડીના રોગ વિભાગના ૫૦, નેત્ર સર્જરીના ૧૫ અને જનરલ વિભાગના ૪૦ દર્દીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત, ૩૮ લોકોને આયુષ્માન કાર્ડનું વિતરણ પણ કાર્યક્રમ સ્થળે જ કરવામાં આવ્યું. આ પ્રસંગે ખેડા સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ, માતર ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમાર, જીલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, અગ્રણીશ્રી નયનાબેન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, જીલ્લા આરોગ્ય અધિકારી ડો. વી.એ. ધ્રુવે, સરપંચશ્રી અને અન્ય અધિકારીઓ સહિત મોટી સંખ્યામા લોકો ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાનશ્રીના પ્રેરણાદાયક સંબોધનને વર્ચ્યુઅલ માધ્યમથી વિશાળ સ્ક્રીન પર સાંભળવામાં આવ્યુ તથા આ સાથે જ પોષણ અંગે પોષણ શપથ લેવામાં આવી અને પોષણ માહની શરૂઆત કરવામા આવી.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૨૦ સપ્ટેમ્બરે લોથલ ખાતે નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ પ્રોજેક્ટ અંગેની સમીક્ષા બેઠક તેમજ નિરીક્ષણ કરશે

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિરાસત ભી વિકાસ ભી'ના ધ્યેયને 'નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ' સાકાર કરશે**

। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૨૦ સપ્ટેમ્બરના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે, ત્યારે અમદાવાદ જિલ્લાના લોથલ ખાતે નિર્માણ પામી રહેલા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ (NMHC) પ્રોજેક્ટ પ્રગતિની સમીક્ષા તેમજ અત્યાર સુધી તૈયાર થયેલા પ્રોજેક્ટનું નિરીક્ષણ પર કરશે. વડાપ્રધાનશ્રી સમગ્ર પ્રોજેક્ટની સમીક્ષા બેઠકમાં અધિકારીઓ સાથે ચર્ચા કરશે અને લોથલ ખાતે ચાલી રહેલા વિવિધ કામોની પ્રગતિ અંગેની વિસ્તૃત માહિતી પણ મેળવશે.ગુજરાતના અમદાવાદ જિલ્લામાં આવેલું લોથલ સિંધુ ખીણની સંસ્કૃતિના મુખ્ય વેપાર કેન્દ્રની સાથે-સાથે ભારતની સમુદ્ર શક્તિ અને સમૃદ્ધિનું પ્રતીક પણ હતું. આ ઐતિહાસિક સિંધુ સંસ્કૃતિના ઈતિહાસના સાક્ષી સમા લોથલમાં ભારતના ભવ્ય દરિયાઈ વારસાને દર્શાવતું 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ' (NMHC) નિર્માણ પામી રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે પાંચ પ્રણો આપ્યાં છે, તેમાંનું એક પ્રણ પ્રાચીન વિરાસતોનું સંવર્ધન કરવાનું છે, જે 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ'ના નિર્માણ થકી સાકાર થવા જઈ રહ્યું છે. 'વિકાસ ભી, વિરાસત ભી'ના ધ્યેયને નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ સાકાર કરશે 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ'માં ઈતિહાસ, શિક્ષણ, સંશોધન અને મનોરંજનનો સુભગ સમન્વય સર્જાશે. લોથલ પાંચેક હજાર વર્ષ પહેલાં માત્ર એક બંદર જ નહોતું, પરંતુ અહીં દરિયાઈ જહાજોની મરામત પણ થતી હતી, એ જ્વલંત ઈતિહાસ અહીં ફરી જીવંત થશે. આધુનિક ટેક્નોલૉજી થકી ભવ્ય દરિયાઈ પ્રાચીન વારસાની અનુભૂતિ કરાવવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિના કારણે આ અતિપ્રાચીન સ્થળનો ફરી વિકાસ શક્ય બન્યો છે. ગુજરાતની પ્રાચીન ધરોહરનું મહત્ત્વનું સ્થળ લોથલ એક મોટા પરિવર્તનનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. આમ, ગુજરાતના સમૃદ્ધ



પ્રાચીન સામુદ્રિક વારસાની વિરાસતને આધુનિક યુગના આયામો સાથે જોડીને નિર્માણ થઈ રહેલું આ મ્યુઝિયમ 'વિકાસ ભી, વિરાસત ભી'ના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ધ્યેયને સાકાર કરશે. હેરિટેજ કૉમ્પ્લેક્સના કારણે હજારો લોકો માટે રોજગારીની તકો ઉપલબ્ધ થશે આ હેરિટેજ કૉમ્પ્લેક્સ લોકો માટે એક પ્રવાસન સ્થળ ઉપરાંત અભ્યાસ માટેનું કેન્દ્ર બનશે. નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ એક નવા આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે અને વિશ્વના અન્ય આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમોની સમકક્ષ તેની સારસંભાળ લેવામાં આવશે. આ પ્રોજેક્ટ સમગ્ર ભાલ પ્રદેશની અર્થવ્યવસ્થા વિકસાવવામાં પણ મદદરૂપ સાબિત થશે. જેના પરિણામ સ્વરૂપે હજારો લોકો માટે રોજગારીની અનેક તકો અહીં સર્જાશે તેમજ સંખ્યાબંધ કુટીર ઉદ્યોગોના વિકાસની પણ અનેક રાહ ખુલશે. 'આત્મનિર્ભર ભારત' વિઝન થશે સાકાર, મેરિટાઈમ હેરિટેજ ટુરિઝમને મળશે પ્રોત્સાહન અત્રે ઉલ્લેખનીય છે કે, લોથલમાં હેરિટેજ મ્યુઝિયમનું નિર્માણ એ રીતે કરવામાં આવી રહ્યું છે કે ભારતનો સામાન્ય માણસ તેનો ઈતિહાસ સરળતાથી સમજી શકે. જેમાં અત્યંત આધુનિક ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને એ જ યુગને ફરી સજીવન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. લોથલ, હડપ્પન સંસ્કૃતિ સમયના અગ્રણી શહેરોમાંનું એક હતું અને સૌથી જૂના માનવસર્જિત ડોકયાર્ડની શોધ માટે તે જાણીતું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે પોતાના પૈસા વ્યર્થ કામમાં વાપરવાનું ટાળજો અને કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરાવશો. તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો. પ્રિયપાત્ર સાથે કૅન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે- આથી તમારી સામે આવતી તકોની પાછળ લાગો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે આઉટડૉર રમતો રમી શકો તેવા પ્રયાસ કરજો અથવાતો સવારે ધ્યાન તથા યોગ તમારી શારીરિક અને માનસિક સ્થિતિમાં લાભ લાવશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો?



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે કરેલ વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદૃશ્ય થઈ જશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે કામમાંથી થોડો વિરામ લઈને આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. કામના સ્થળે જો તમે વધુ પડતા ઉતાવળા કે ઉત્સાહી બનશો તો ગુસ્સાનું વર્ચસ્વ વધશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. આજે તમારા મધુર પ્રેમ જીવનમાં તમને અદભુતતાનો સ્વાદ માણવા મળશે.



**તુલા (ર,ત) :**

રચનાત્મક શોખ તમને નિરાંતવા રાખશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે. કારકિર્દીના સારી તક માટે કરાયેલી મુસાફરી કદાચ સાકાર થશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. આજે જો તમે કોઈને સલાહ આપશો-તો તે મેળવવા માટેની તૈયારી પણ રાખજો. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે. જમીનને લગતા મોટા સોદા પાર પાડવાની સ્થિતિમાં તમે હશો.



**ધન (ભ,ધ,ફ) :**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે.



**મકર (ખ,જ) :**

આજથી રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમને ખુષશ રાખવા માતા-પિતા તથા મિત્રો તેમનું શ્રેષ્ઠ આપશે. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે જીવનસાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ, અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? તમારો ભાગીદાર સહકાર પૂર્ણ તથા મદદરૂપ હશે. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો.




ગાંધીનગરઃ ગુજરાતના ગાંધીનગરમાં ગેરકાયદેસર અતિક્રમણ દૂર કરવા માટે અધિકારીઓ દ્વારા ડિમોલિશન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### નીરજ ચોપરાએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપની ફાઈનલમાં એન્ટ્રી

। (એજન્સી) ટોક્યો, તા.૧૮ ।

ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ ટોક્યોમાં ચાલી રહેલી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપની ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. તેણે ૮૪.૮૫ મીટરના અંતરે ભાલો ફેંકી ફાઈનલમાં સ્થાન હાંસલ કર્યું હતું. જેમાં પહેલાં થ્રોમાં જ ૮૪.૫ મીટરનું ક્વોલિફિકેશન માર્ક નોંધાયું હતું. પરંતુ નીરજ ચોપરાએ ૮૪.૮૫ મીટરના અંતરે ભાલો ફેંક્યો હતો. ફાઈનલમાં નીરજ ચોપરાનો સામનો પાકિસ્તાનના અરશદ નદીમ સાથે થઈ શકે છે. નીરજ ચોપરા સિવાય અન્ય કોઈપણ એથ્લેટ પહેલાં રાઉન્ડમાં ક્વોલિફાય થયો નથી. નીરજ ચોપરાના ગ્રૂપમાં છ એથ્લેટ હતા. હવે તે ગુરૂવારે ફાઈનલ મુકાબલામાં ઉતરશે. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ બાદ પ્રથમ વખત પાકિસ્તાનના અરશદ નદીમ સાથે ફાઈનલમાં મુકાબલો કરશે. પેરિસમાં અરશદે ૯૨.૯૭ મીટર થ્રો કરી ગોલ્ડ મેડલ જીત્યો હતો.

### મંદિરના ફંડમાંથી મેરેજ હોલ ન બનાવી શકાય કેમ કે ત્યાં અશ્લીલ ડાન્સ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

સુપ્રીમ કોર્ટે તમિલનાડુ સરકારના મેરેજ હોલ બનાવવા માટે મંદિરના ભંડોળનો ઉપયોગ કરવાના નિર્ણય સામે સખત વાંધો ઉઠાવ્યો છે અને જણાવ્યું કે, મંદિરના ભંડોળનો ઉપયોગ મેરેજ હોલ બનાવવા માટે ન કરી શકાય. મંગળવારે સુનાવણી દરમિયાન જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે કહ્યું કે, ધાર્મિક સ્થળોની મિલકતો અને પરિસરનો ઉપયોગ મેરેજ હોલ બનાવવા માટે કરી શકાતો નથી, કારણ કે આવા સ્થળોએ અશ્લીલ ડાન્સ અને ગીતો વગાડવામાં આવે તેવી શક્યતા છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, આવા હોલમાં માત્ર ડાન્સ અને સંગીત જ નહીં, પરંતુ દારૂ પીરસવા જેવી પ્રવૃત્તિઓ પણ થઈ શકે છે અને તેના પર કોઈ નિયંત્રણ નહીં રહેશે. જે ધાર્મિક સ્થળની પવિત્રતાને નુકસાન પહોંચાડી શકે છે. કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના આદેશ પર રોક લગાવવાનો ઈનકાર કરી દીધો, જેણે રાજ્ય સરકારના નિર્ણયને રદ કરી દીધો હતો.

### અમુકને જેલમાં નાંખો તો બધા સીધા થઈ જશે, પરાળી સળગાવવા મુદ્દે સુપ્રીમ કોર્ટ ભડકી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં પરાળી સળગાવવા બદલ આકરૂં વલણ દર્શાવતાં સૂચન કર્યું છે કે, વારંવાર નિયમોનો ભંગ કરતાં ખેડૂતોને જેલમાં મોકલવા જોઈએ, પરાળી સળગાવતાં અમુક લોકોને જેલભેગા કરશો તો તે બીજા માટે ઉદાહરણરૂપ બનશે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન પંચને પણ ત્રણ મહિનાની અંદર તમામ ત્રુટીઓ દૂર કરવા નિર્દેશ આપ્યો છે. દિલ્હી-એનસીઆરમાં દરવર્ષે ઓક્ટોબરમાં થતાં વાયુ પ્રદૂષણ સંબંધિત અરજીઓ પર સુનાવણી કરતાં દેશના સીજેઆઈ જસ્ટિસ બીઆર ગવઈએ આજે ૧૭ સપ્ટેમ્બરના રોજ ટિપ્પણી કરી હતી કે, પરાળી સળગાવતાં અમુક ખેડૂતો વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

---

### પાકિસ્તાન સાથે મેચ રમ્યા છતાં તેની અકલ ઠેકાણ રાખવામાં માહિર ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે નવી શરત મુકી

# નકવીના હાથથી ટ્રોફી નહીં લઉં, સૂર્યકુમાર યાદવની શરત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

એશિયા કપમાં પાકિસ્તાન સાથે મેચ રમ્યા છતાં તેની અકલ ઠેકાણ રાખવામાં માહિર ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે નવી શરત મુકી છે.

ભારત - પાકિસ્તાન મેચ દરમિયાન મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટે આ ટુર્નામેન્ટમાં બાકી રહેલી દરેક મેચમાંથી હટાવી લેવામાં આવ્યા પછી પાકિસ્તાન રાહતનો શ્વાસ લઈ રહ્યું છે. પરંતુ ભારતે જે નવી ચાલ રમી છે, તેનું પાકિસ્તાન શું કરશે, તેનો ઉકેલ શોધવામાં તેમને પરસેવો છૂટી જશે.

ભારતના કેપ્ટન સૂર્યકુમાર યાદવે એશિયન ક્રિકેટ કાઉન્સિસ



(ACC)ને સ્પષ્ટ કહી દીધુ કે, જો ભારતીય ટીમ ૨૮ સપ્ટેમ્બરે યોજાનારી ટુર્નામેન્ટમાં ફાઈનલમાં પહોંચે છે અને તે આ ટાઈટલ જીતી લે છે તો, આ ટાઈટલ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ મોહસિન નકવીના હાથે નહી સ્વીકારે. ઉલ્લેખનીય છે કે, મોહસીન નકવી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) ના ચેરમેન પણ છે, અને મોટી ટુર્નામેન્ટમાં રિવાજ રહ્યો છે કે ટુર્નામેન્ટના ચેરમેન વિજેતા ટીમને ટાઈટલ સોપે છે. ભારત દ્વારા આ મેસેજ ACC ને મોકલવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગત રવિવારે ભારત- પાકિસ્તાન સામેની મેચ રમાઈ ત્યારે ભારતની ઉદાસીનતા જોઈ પાકિસ્તાન આશ્ચર્યચકિત થઈ ગયું હતું. ભારતે મેચ પહેલા અને પછી પાકિસ્તાનના ખેલાડીઓ સાથે હાથ મિલાવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. જ્યારે બંને દેશોના કેપ્ટન ટોસ માટે મેદાન પર આવ્યા ત્યારે પણ હાથ મિલાવવાની પરંપરા તોડી દીધી. ટીમ ઈન્ડિયાએ મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટને આ અંગે પહેલાથી જ જાણ કરવામાં આવી હતી. જેથી તેઓએ ભારતીય ટીમનો આ મેસેજ પાકિસ્તાની કેપ્ટનને આપ્યો હતો.

એ પછી પાકિસ્તાને આઈસીસી પર એન્ડી પાયક્રોફ્ટને ટુર્નામેન્ટમાં તેમની બાકીની મેચોમાંથી દૂર કરવા દબાણ કર્યું હતું જેમા આઈસીસીએ સંમતિ આપી હતી.

પાકિસ્તાનનું કહેવું છે કે, આવા નિર્ણયો અગાઉથી લેવામાં આવ્યા હતા અને સંબંધિત બોર્ડને આ અંગે જાણ કરવામાં આવી છે. જેથી ટુર્નામેન્ટ દરમિયાન મેદાન પર આવી કોઈ શરમજનક સ્થિતિ ટાળી શકાય.

---

# ICC રેન્કિંગ : દુનિયાનો નંબર વન બોલર બન્યો વરુણ ચક્રવર્તી

। (એજન્સી) દુબઈ, તા.૧૮ ।

એશિયા કપ ૨૦૨૫માં ટીમ ઈન્ડિયા માટે રમી રહેલા ભારતીય ટીમના સ્પિનર બોલર વરુણ ચક્રવર્તીને લઈને એક સારા સમાચાર સામે આવ્યા છે. વરુણ ચક્રવર્તી દુનિયાનો નંબર વન T-20 બોલર બની ગયો છે. વરુણ ત્રીજો એવો ભારતીય બોલર છે જે T20I બોલિંગ રેક્રિંગમાં પ્રથમ સ્થાને છે. તેને આ સિદ્ધિ એશિયા કપમાં છઈ સામેની ભારતીય ટીમની પહેલી મેચમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ પ્રાપ્ત થઈ છે. તેની પહેલા જસપ્રીત બુમરાહ અને રવિ બિશ્નોઈએ આ કમાલ કર્યું હતું. વરુણ ચક્રવર્તી સિવાય માત્ર રવિ બિશ્નોઈ T20I રેક્રિંગમાં ટોપ ૧૦માં જગ્યા બનાવનાર ભારતીય ખેલાડી છે. T20I માં રવિ હવે ૮માં નંબર પર છે અને અક્ષર પટેલ ૧૨માં નંબરે છે. T20Iની રેન્કિંગમાં પહેલા સ્થાને આવવુ વરુણ ચક્રવર્તી માટે એક મોટી ઉપલબ્ધિ છે. તે તમિલનાડુનો પહેલા ખેલાડી છે જે T-20માં નંબર બોલર છે. વરુણ ચક્રવર્તીની T20 કારકિર્દીની વાત કરીએ તો આ ખેલાડીએ અત્યાર સુધી કમાલનું પ્રદર્શન કર્યું છે. ૩૪ વર્ષના આ બોલરે ૨૦૨૧મા T20 આંતરરાષ્ટ્રીયમાં ડેબ્યુ કર્યું હતું. આ ખેલાડીએ અત્યાર સુધી 20 T20I મેચ રમી છે અને તેણે ૩૫ વિકેટ હાસિલ કર્યા છે. વરુણની T20માં ઈકોનોમી રેટ માત્ર ૬.૮૩ છે અને તે ૨ વાર T20 માં પાંચ વિકેટ હાસિલ કરી ચૂક્યો છે.

---

### અફઘાનિસ્તાનના બોલર રાશિદ ખાનની સિદ્ધિ

# રાશિદે ભારતના સ્ટાર બોલર ભુવનેશ્વર કુમારનો રેકોર્ડ તોડ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન વચ્ચે રમાયેલી એશિયા કપની ૯મી મેચમાં બાંગ્લાદેશે જીત મેળવી છે. આ મેચ અબુ ધાબીના શેખ ઝાયેદ સ્ટેડિયમમાં રમાઈ હતી. પહેલા બેટિંગ કરતા બાંગ્લાદેશે ૧૫૪ રન બનાવ્યા હતા, પરંતુ અફઘાનિસ્તાન ફક્ત ૧૪૬ રન જ બનાવી શક્યું અને ૮ રનથી મેચ હારી ગયું. જો કે, આ મેચમાં અફઘાનિસ્તાનના દિગ્ગજ બોલર રાશિદ ખાને ઐતિહાસિક સિદ્ધિ મેળવીને બધાને ચોંકાવી દીધા છે. સાથે જ રાશિદે ભારતના સ્ટાર બોલર ભુવનેશ્વર કુમારનો રેકોર્ડ તોડ્યો છે. બાંગ્લાદેશ સામે રાશિદ ખાને ૪ ઓવરમાં ૨૬ રન આપીને ૬.૫૦ની ઈકોનોમી રેટથી ૨ વિકેટ



લીધી. આમ કરીને રાશિદે ્૨૦માં સૌથી વધુ વિકેટ લેવાના ભુવનેશ્વર કુમારના રેકોર્ડને તોડી નાખ્યો છે. ્૨૦ એશિયા કપમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલામાં હવે રાશિદ ખાન નંબર ૧ બોલર બની ગયો છે. રાશિદે આ સિદ્ધિ માત્ર ૧૦ મેચ મેળવી છે.

એશિયા કપના ટોપ ૫ બોલર

રાશિદ ખાન - ૧૪ વિકેટ (અફઘાનિસ્તાન)

ભુવનેશ્વર કુમાર - ૧૩ વિકેટ (ભારત)

વાનિંદુ હસરંગા - ૧૨ વિકેટ (શ્રીલંકા)

અમજદ જાવેદ - ૧૨ વિકેટ (યુએઈ)

હાર્દિક પંડ્યા - ૧૨ વિકેટ (ભારત)

રાશિદ ખાને તેમના ્૨૦ કરિયરની શરૂઆત વર્ષ ૨૦૧૫માં ઝિમ્બાબ્વે સામે કરી હતી. તે હાલમાં ્૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં નંબર ૧ ખેલાડી છે. રાશિદે તેમના ્૨૦ કરિયરમાં ૧૦૨ મેચોની ૧૦૨ ઈનિંગ્સમાં ૧૩.૭૦ ની સરેરાશ અને ૬.૧૩ની ઈકોનોમી રેટથી ૧૭૩ વિકેટ લીધી છે. આ સમયગાળા દરમિયાન તેમનું બેસ્ટ પ્રદર્શન ૫/૩ છે. તેમણે બે વખત ૫ ઇંચ વિકેટ પણ લીધી છે.

---

### કરી ભાવુક પોસ્ટ, તેણે એક વીડિયો શેર કરીને ચાહકોને ભાવુક કર્યા છે

# એશિયા કપ વચ્ચે શ્રેયસ ઐયરના ઘરે શોકનો માહોલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

એશિયા કપ વચ્ચે સ્ટાર ક્રિકેટર શ્રેયસ ઐયરના ઘરે શોકનો માહોલ છે. એશિયા કપ પહેલા ઐયર સમાચારોમાં હતો કારણ કે તેને ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો હતો. એશિયા કપ શરૂ થયો ત્યાં સુધી પ્રશ્ન એ રહ્યો કે તેને ટીમમાં કેમ સામેલ કરવામાં ના આવ્યો. હવે, તેણે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને ચાહકોને ભાવુક કર્યા છે.

શ્રેયસ ઐયરે એક ભાવુક વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં ઐયર અને તેના પાલતુ શ્વાન સાથે જોવા મળે છે. ઐયરે તેના ડોગ સાથેની કેટલીક યાદો શેર કરી છે, કારણ કે તે હવે આ દુનિયામાં



નથી. વીડિયો પોસ્ટ કરીને, ઐયરે લખ્યું, ''રેસ્ટ ઈઝી માય એન્જલ...'' ઐયરની પોસ્ટમાં ચાહકો પણ ભાવુક દેખાયા. પંજાબ કિંગ્સે કોમેન્ટ બોક્સમાં ''રેસ્ટ ઈન પીસ'' પણ લખ્યું. શ્રેયસ ઐયરે ટીમ ઈન્ડિયામાં વાપસી કરી શકે છે. એશિયા કપમાંથી તેની બાદબાકીએ પસંદગીકારો પર પ્રશ્નો ઉભા કર્યા. જો કે, ત્યારબાદ બીસીસીઆઈએ ઐયરને કેપ્ટનશીપ સોંપી છે. ઓસ્ટ્રેલિયા એ સામે બે મલ્ટી-ડે મેચ અને ત્રણ વનડે મેચ રમશે. બીસીસીઆઈએ મલ્ટી-ડે મેચ માટે શ્રેયસ ઐયરને ઈન્ડિયા એનો કેપ્ટન બનાવ્યો છે.

શ્રેયસ ઐયરને ભારતના ઈંગ્લેન્ડ પ્રવાસમાંથી પણ બહાર કરવામાં આવ્યો હતો. તેની જગ્યાએ કરુણ નાયરને તક મળી. જોકે, કરુણ નાયર આઠ વર્ષ પછી ટીમ ઈન્ડિયામાં વાપસી કરવામાં નિષ્ફળ રહ્યો. હવે, ઐયર ભારતીય ટીમમાં પાછા ફરે તેવી અપેક્ષા રાખી શકાય છે. એશિયા કપ પછી ભારતીય ટીમ વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ શ્રેણી રમશે. આ શ્રેણીમાં ઐયર વાપસી કરે છે કે નહીં તે જોવું રસપ્રદ રહેશે.

---

### હાઈકોર્ટે તમામ દલીલો ફગાવી

# પિતા ધનિક હોય તો પણ માતાથી બાળકની કસ્ટડી નહીં લઈ શકે

### બાળકની કસ્ટડી નક્કી કરતી વખતે માતા-પિતાની નાણાંકીય સ્થિતિ કરતાં બાળકનું કલ્યાણ અને સુખાકારી પ્રાથમિકતા હોવી જોઈએ

। (એજન્સી) લદ્દાખ, તા.૧૮ ।

જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટે એક મહત્ત્વના નિર્ણયમાં જણાવ્યું હતું કે, માતાને ફક્ત એટલા માટે બાળકની કસ્ટડી આપવાનો ઈનકાર ન કરી શકાય કારણ કે તે પિતા જેટલી આર્થિક રીતે સક્ષમ નથી. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, બાળકની કસ્ટડી નક્કી કરતી વખતે માતા-પિતાની નાણાંકીય સ્થિતિ કરતાં બાળકનું કલ્યાણ અને સુખાકારી પ્રાથમિકતા હોવી જોઈએ. કોર્ટે જણાવ્યું હતું કે માતાની નબળી આર્થિક સ્થિતિનો અર્થ એ નથી કે તે બાળકની સંભાળ રાખવામાં અસમર્થ છે. જસ્ટિસ જાવેદ ઈકબાલ વાનીએ જણાવ્યું હતું કે માતાની ભાવનાત્મક સંભાળ અને સતત સાથ બાળકો માટે પિતાની આર્થિક સુખાકારી કરતાં વધુ મહત્ત્વની છે. મળતી માહિતી મુજબ, એક માતાએ શ્રીનગરમાં નીચલી કોર્ટના નિર્ણયને પડકારતી અરજીમાં આ આદેશ આપવામાં આવ્યો હતો. ટ્રાયલ કોર્ટે માતા દ્વારા પહેલા આપવામાં આવેલા એક આશ્વાસનને ટાંકીને બાળકની કસ્ટડી પિતાને સોંપવાનો આદેશ કતર્યો હતો. કોર્ટે એવું પણ કહ્યું હતું કે, પિતા વિદેશ (કતર)માં રહીને બાળકને વધુ સારી આર્થિક સુવિધા આપી શકે છે. જોકે, હાઈકોર્ટે આ તર્કને નકારી દીધો અને કહ્યું કે, કસ્ટડીનો નિર્ણય ન તો કોઈ એક ફરજના ઉલ્લંઘનના આધારે હોય શકે અને ન તો ફક્ત પિતાની આર્થિક ક્ષમતા પર. જસ્ટિસ વાનીએ કહ્યું કે, માતાની અપેક્ષાકૃત ઓછી આવક બાળકની સંભાળ માટે તેને અયોગ્ય નથી બનાવતી. વેલફેર શબ્દની વ્યાખ્યા ફક્ત શારીરિક જરૂરિયાત પૂરતી સીમિત નથી. પરંતુ, તેમાં બાળકોનો નૈતિક અને ભાવનાત્મક વિકાસ પણ સામેલ છે. સગીર બાળકોના ભરણ-પોષણમાં માતાની ભૂમિકાને કોર્ટમાં વારંવાર સર્વોપરી માનવામાં આવે છે. જ્યાં સુધી માતાનું આચરણ બાળકોના કલ્યાણ માટે સીધી રીતે પ્રભાવિત ન કરે, ત્યાં સુધી કસ્ટડી તેના પાસેથી છીનવી ન શકાય.

---

### સૂરજ માલીએ સ્થાનિક ભાજપ ધારાસભ્ય અર્જુન લાલ જિંગરનું પણ નામ લીધું છે અને આરોપ લગાવ્યો છે

# પાણીનો મુદ્દો ઉઠાવનારા ઈન્ફ્લુએન્સર સાથે મારપીટ

। ચિત્તોડગઢ, તા.૧૮ ।

રાજસ્થાનમાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. રાજસ્થાનના ચિત્તોડગઢમાં એક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે આરોપ લગાવ્યો છે કે, મેં ઈન્સ્ટાગ્રામ પર મારા વિસ્તારમાં પાણીની અછતનો મુદ્દો ઉઠાવ્યા બાદ ગુંડાઓ દ્વારા મારા પર હુમલો કરવામાં આવ્યો હતો અને મારા પગ તોડી નાખવામાં આવ્યા. ઈન્ફ્લુએન્સરે પોલીસ ફરિયાદ નોંધાવી છે. સૂરજ માલીએ સ્થાનિક ભાજપ ધારાસભ્ય અર્જુન લાલ જિંગરનું પણ નામ લીધું છે અને આરોપ લગાવ્યો કે તેના ઈશારે જ ગુંડાઓએ મારી પર હુમલો કર્યો હતો.

એક અહેવાલ પ્રમાણે જિંગરે આરોપોનો સીધો જવાબ નથી આપ્યો. જોકે, તેણે કહ્યું કે માલી પર થયેલો હુમલો ખૂબ જ નિંદનીય છે અને તેને કોઈપણ રીતે સહન કરવામાં આવશે નહીં. ચિત્તોડગઢના કાપાસનના રહેવાસી માલીએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, હું સોમવારે સાંજે લગભગ ૫:૧૫ વાગ્યે પોતાની શિફ્ટ પૂર્ણ કરીને ફેક્ટરીથી ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે રસ્તામાં હાઈવે પર મારી બાઈકની સામે એક વ્હાઈટ સ્કોર્પિયો કાર આવીને ઉભી રહી અને તેમાંથી ૬-૭ લોકો બહાર નીકળ્યા અને લોખંડના સળિયા અને પાઈપથી મારા પર હુમલો કર્યો. તેઓએ મને ધમકાવીને કહ્યું કે, તું રોજ પાણીની વાત કરે છે, આજે અમે તને મારીને પાણીમાં ફેંકી દઈશું. પોતાની ફરિયાદમાં સ્થાનિક ભાજપ ધારાસભ્ય અર્જુન લાલ જિંગરનું નામ લેતા માલીએ જણાવ્યું કે, હુમલા પાછળ ધારાસભ્યનો હાથ છે.

માલીએ દાવો કર્યો હતો કે, વીડિયો અપલોડ કરવા માટે મને અગાઉ પણ ધારાસભ્યના ઈશારે ધમકી આપવામાં આવી હતી કે, જો તેં આ વીડિયો બનાવ્યો અને અપલોડ કર્યો, તો તારી સારવાર થઈ જશે.

તેણે કહ્યું કે હુમલાખોરોએ ારી સાથે જે મિત્ર હતો ઉદય લાલ ભીલ તેને પણ ધમકી આપી અને કહ્યું કે, ભાગી જા નહીંતર માર્યો જઈશ. આ ગુંડાઓએ કહ્યું કે, જે પણ પાણીનો મુદ્દો ઉઠાવવાની હિંમત કરશે તેને પાઠ ભણાવવામાં આવશે.

માલીના મિત્ર ઓમ પ્રકાશે જણાવ્યું કે, માલીએ મને જણાવ્યું કે, તેઓ તેને કિડનેપ કરવા માગતા હતા અને તેને કારમાં નાખવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ તેણે પોતાના મિત્ર ઉદય લાલને પકડી રાખ્યો હતો અને તેને જવા નહોતો દીધો. તેથી તેણે લોખંડના સળિયા અને પાઈપથી મારવાનું શરૂ કરી દીધું. જેવી ગાડી રોકાઈ અને આજુબાજુ લોકો એકઠા થઈ જતા, તેઓ ત્યાંથી ભાગી ગયા.

તેની ફરિયાદ બાદ સ્થાનિક પોલીસે હત્યાનો પ્રયાસ અને રમખાણો સહિત અનેક કલમો હેઠળ ક્ષૈંઇ નોંધી છે. કાપાસન પોલીસ સ્ટેશનના એસએચઓ રતન સિંહે જણાવ્યું કે, અજાણ્યા વ્યક્તિઓ સામે ક્ષૈંઇ દાખલ કરી લેવામાં આવી છે અને પોલીસે કેટલાક સાક્ષીઓના નિવેદનો પણ નોંધ્યા છે. સૂરજ પાછળ બેઠો હતો અને તેનો મિત્ર (ઉદય લાલ) ગાડી ચલાવી રહ્યો હતો. હજુ સુધી કોઈની અટકાયત કરવામાં આવી નથી. પ્રકાશે જણાવ્યું કે, માલી થોડા મહિનાઓથી વીડિયો બનાવી રહ્યો હતો. થોડા દિવસ પહેલા તે જે કંપનીમાં કામ કરે છે તેણે તેને કહ્યું કે તારા પર દબાણ છે અને તારે વીડિયો બનાવવાનું અને પોસ્ટ કરવાનું બંધ કરી દેવું જોઈએ. તે સંમત થયો અને કહ્યું કે, હું હવે વીડિયો પોસ્ટ નહીં કરીશ. જોકે, તેણે તાજેતરમાં ફરીથી કેટલાક વીડિયો પોસ્ટ કર્યા. કંપનીએ તેને પાછો બોલાવ્યો અને તેના પિતા સાથે પણ વાત કરી. પિતાએ તેમને ખાતરી આપી કે, હવે તે વીડિયો નહીં બનાવશે, અને તે તેના પર સંમત પણ થઈ ગયો.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૦મી સપ્ટેમ્બરે ગુજરાતનાં પ્રવાસે, ભાવનગરમાં ભવ્ય રોડ શો!

। (એજન્સી) ભાવનગર, તા.૧૮ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવનાર શનિવારે ૨૦ સપ્ટેમ્બરે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આ એક દિવસની ગુજરાત મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી ભાવનગરમાં કરોડોના વિકાસકાર્યોનું લોકાર્પણ તથા નવા વિકાસકાર્યોનું ઉદ્ઘાટન કરવાના છે, જેથી ભાવનગરમાં તેમના આગમનની તડામાર તૈયારીઓ હાલ ચાલી રહી છે. ત્યારે PM નરેન્દ્ર મોદી ભાવનગરમાં ભવ્ય રોડ શો યોજશે તેવી માહિતી હાલ સામે આવી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ૨૦મી સપ્ટેમ્બરે ભાવનગર શહેરમાં મહિલા સર્કલથી PM મોદીના આ ભવ્ય રોડ શોની શરૂઆત થશે, જે બાદમાં ઘોઘા સર્કલ તથા રૂપાણી સર્કલ થઈને જવાહર મેદાન સુધી પહોંચશે. જ્યાં જવાહર મેદાન ખાતે વડાપ્રધાન જંગી સભાને સંબોધન કરશે. ત્યારે મોદીની આ મુલાકાત સૌરાષ્ટ્ર અને ખાસ કરીને ભાવનગરના વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. પીએમ મોદી ભાવનગર સભા સ્થળ પહોંચે એ પહેલા પીએમ મોદીના રોડ શોને લઈને જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે સ્થાનિક નેતાઓ પણ રોડ શોને લઈને તૈયારીમાં જોતરાઈ ગયા છે. મહત્વનું છે કે, થોડા દિવસ અગાઉ ઓગસ્ટના અંતમાં પણ PM મોદી ગુજરાત મુલાકાતે આવ્યા હતા, ત્યારે અમદાવાદ શહેરમાં પણ તેઓએ રોડ શો યોજીને જનતાનું અભિવાદન ઝીલ્યું હતું, ત્યારે આગામી ૨૦ તારીખે આવો જ ભવ્ય રોડ શો ભાવનગરમાં પણ યોજાવા જઈ રહ્યો છે. તે દિવસે ભાવનગરમાં કેટલાક રૂટને ડાયવર્ટ કરવામાં આવશે. નોંધનીય છે કે, પીએમ નરેન્દ્ર મોદી ૨૦મી સપ્ટેમ્બરે લોથલની મુલાકાત પણ લેવાના છે, જ્યાં લગભગ રૂ. ૪૫૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ પ્રોજેક્ટ અંગે સમીક્ષા કરવાના છે. આમ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આગામી ૨૦ તારીખનો એક દિવસીય ગુજરાત પ્રવાસ ભાવનગર સહિત સૌરાષ્ટ્ર માટે પણ મહત્વ પૂર્ણ માનવામાં આવી રહ્યો છે. કારણ કે, આ મુલાકાતને આવનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પણ મહત્વની માનવામાં આવી રહી છે.

### આ વર્ષે પણ ૩ કરોડનું દૂધ વેચવાનું લક્ષ્યાંક

# બનાસકાંઠાના માનીબેને ૨૦૨૪-૨૫માં ૧.૯૪ કરોડનું દૂધ વેચ્યું

### ૧૬ પરિવારને રોજગારી, દૂધ દોહન કામગીરી માટે મશીનરી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૮ ।

દેશના સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવા અને તેના માધ્યમથી દેશના દરેક ગામડાના ખેડૂતો અને પશુપાલકોને સમૃદ્ધ બનાવવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન છે. આ વિઝન પર આગળ વધતા માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય સહકારી ક્ષેત્રમાં સમગ્ર દેશમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. સહકાર ક્ષેત્રે થયેલા વ્યાપક પ્રયાસોના પરિણામે આજે રાજ્યના પશુપાલકો સમૃદ્ધ થઈ રહ્યાં છે અને ખાસ કરીને મહિલાઓ આત્મનિર્ભર બનીને સમાજને પ્રેરણા આપી રહી છે. આવી જ એક સાફલ્યગાથા બનાસકાંઠાના માનીબેનની છે જેમણે વર્ષ ૨૦૨૪-૨૫માં ?૧ કરોડ ૯૪ લાખનું દૂધ ભરાવીને બનાસકાંઠા જિલ્લામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વર્ષે તેઓ ?૩ કરોડનું દૂધ વેચવાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તૈયારી કરી રહ્યાં છે. કાંકરેજ તાલુકાના કસરા ગામે રહેતા ૬૫ વર્ષીય માનુબેન જેસુંગભાઈ ચૌધરી સ્થાનિક ધી પટેલવાસ (કસરા) દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં દરરોજ ૧૧૦૦ લિટર દૂધ ભરાવે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં તેમણે ૩,૪૭,૧૮૦ લીટર દૂધ ભરાવ્યું હતું જેનું મૂલ્ય રૂ.૧,૯૪,૦૫,૦૪૭ થાય છે. તેમની આ સિદ્ધિના લીધે તેમણે આ વર્ષે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ''શ્રેષ્ઠ બનાસ લક્ષ્મી'' શ્રેણીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. બનાસકાંઠાના બાદરપુરા ખાતે તાજેતરમાં યોજાયેલી સામાન્ય સભામાં તેમને આ સિદ્ધી બદલ સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. માનુબેન આ સફળતાને નવી ઉંચાઈએ લઈ જવા માંગે છે. તેમના પરિવારમાં ત્રણ દીકરાઓ પૈકી સૌથી નાના વિપુલભાઈએ જણાવ્યું હતું કે, ''બનાસ ડેરી તરફથી યોગ્ય માર્ગદર્શન મળી રહ્યું છે અને અમે આ ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છીએ. અમારી પાસે ૨૦૧૧માં ૧૦થી ૧૨ જેટલી ગાય અને ભેંસ હતી જેની સંખ્યા હવે ૨૩૦થી વધુ થઈ ગઈ છે. અમારી પાસે



અત્યારે ૧૪૦ મોટી ભેંસ, ૯૦ ગાય અને ૭૦ જેટલા નાના બચ્ચા છે. આ વર્ષે અમે ૧૦૦ ભેંસ ખરીદીને દૂધ ઉત્પાદનને વધારવા માંગીએ છીએ. આ વર્ષના અંતે અમે ત્રણ કરોડથી વધુ મૂલ્યનું દૂધ વેચવા માટે તૈયારી કરી રહ્યા છીએ.'' માનુબેનના પરિવાર દ્વારા ગાયો અને ભેંસોની જાળવણી માટે શેડની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમની પાસે બન્ની, મહેસાણી અને મુરાહ પ્રજાતિની ભેંસો છે તેમજ એચ એફ ગાયોની સાથે ચાર દેશી કાંકરેજ પ્રજાતિની ગાય પણ ઉપલબ્ધ છે. પશુપાલનની આ કામગીરીમાં અત્યારે માનુબેન સાથે ૧૬ જેટલા પરિવાર સંકળાયેલા છે. ગાય અને ભેંસોના દૂધ દોહનની કામગીરી માટે મશીનરીનો ઉપયોગ કરવામાં આવે છે. પશુપાલનની તમામ કામગીરીમાં તેમના પરિવારના સભ્યો પણ સક્રિયપણે સહયોગ આપીને આત્મનિર્ભર બનાવાની પ્રેરણા આપી રહ્યા છે. વિપુલભાઈના જણાવ્યા અનુસાર, ''અમે ત્રણેય ભાઈઓ ગ્રેજ્યુએટ છીએ અને અમે સૌ આ કામગીરીમાં સંકળાયેલા છીએ. પશુપાલન ક્ષેત્રમાં આવક વધવાથી ઘણા નવયુવાનોને આ કામમાં સામેલ થવાની પ્રેરણા મળશે.''

### લોથલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષ પ્રોજેક્ટ કરશે સમીક્ષા!

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાત મુલાકાતે સમયે લોથલ કરશે વિઝીટ

### લોથલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ

। (એજન્સી) લોથલ, તા.૧૮ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એકદિવસીય ગુજરાતના પશ્ચિમ સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર એવા ભાવનગર મુલાકાતે આવી રહ્યા છે. ભાવનગર મુલાકાત બાદ પીએમ નરેન્દ્ર મોદી લોથલની મુલાકાત લેવાના છે. વિશ્વપ્રસિદ્ધ લોથલ પુરાતત્વ સ્થળની રૂબરૂ મુલાકાત લેશે કે જ્યાં સિંધુ ઘાટી સંસ્કૃતિના વૈભવ અને હેરિટેજ મ્યુઝિયમનું અવલોકન કરીને રાજ્યના સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપશે. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ધોલેરા અને લોથલ બંને સ્થળોના અધિકારીઓ તથા પ્રોજેક્ટ ટીમો સાથે સમીક્ષા કરશે, તેમજ પ્રદેશના વિકાસ, રોજગાર સર્જન અને આંતરરાષ્ટ્રીય રોકાણના નવા અવસરો પર વિચારવિમર્શ કરશે. મહત્વનું છે કે, લોથલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે જે હડપ્પન સંસ્કૃતિના ગુજરાત ખાતે લોથલમાં આર્કિયોલોજિસ્ટ્સને પ્રાપ્ત થયેલા ૫૦૦૦ વર્ષ અગાઉના પણ વિકસિત એવા ડોકયાર્ડના સ્થાને વિકસિત કરવામાં આવી રહ્યું છે. આ ૫૦૦૦ વર્ષ જૂના લોથલને જીવંત કરતો મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સમાં પ્રોજેક્ટ સમીક્ષા પીએમ મોદી કરવાના છે. આ આખો પ્રોજેક્ટ ત્રણ ફેઝમાં આકાર લઈ રહ્યો છે. જેનો પ્રથમ ફેઝ પૂર્ણ થઈ રહ્યો છે. ધોળકા વિધાનસભાના ધારાસભ્ય કિરીટસિંહ ડાભીએ લોથલના પ્રોજેક્ટ અંગે જણાવ્યું કે, લોથલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ તૈયાર થઈ જશે ત્યારે ત્યાં લોકોને ૫૦૦૦ વર્ષ અગાઉ ભારત કઈ રીતે સમુદ્ર માર્ગે વ્યાપાર કરતું, આપણી એ સમયની જીવનશૈલી અને સભ્યતા કેવી હતી એનો તાદૃશ અનુભવ મળશે. ૫૦૦૦ વર્ષ અગાઉ આપણે મેરિટાઈમ ક્ષેત્રે કેટલા વિકસિત હતા અથવા તો આપણી પાસે તેનું કેટલું જ્ઞાન હતું તેની જાણકારી આ કોમ્પ્લેક્સની મુલાકાત પર પ્રાપ્ત થશે. અદલ લોથલ સંસ્કૃતિને અહીં જીવંત કરાશે જેથી મુલાકાતી અહીં આવશે તો તેઓને ૫૦૦૦ વર્ષ જૂની સભ્યતા, કાર્યશૈલીનો અને જીવનશૈલીનો અનુભવ થશે. મુલાકાતીઓ અહીં ૫૦૦૦ વર્ષ અગાઉ જે રીતે દુકાનો લગાવાતી એવી દુકાનોમાંથી ખરીદી કરી શકશે અને ખરીદી માટે એ જ સમયમાં જે રીતે સિક્કાઓનો ઉપયોગ થતો એ કરવાનો રહેશે.

### નવરાત્રિ પર્વને લઇ આયોજકો માટે મોટા સમાચાર

# ગરબાની મંજૂરી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવશે

### પાર્ટી પ્લોટ અને કલબો માટેના રાસ-ગરબાના કાર્યક્રમો માટે કાર્યક્રમની મંજુરી મામલતદાર તરફથી આપી શકાશે નહી

। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં આગામી નવરાત્રીના તહેવારને ધ્યાનમાં રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ દ્વારા ગરબાના આયોજન માટે એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામું મુખ્યત્વે શાંતિ અને સુરક્ષા જાળવવાના હેતુથી બહાર પાડવામાં આવ્યું છે, જેનો અમલ પાર્ટી પ્લોટ અને ક્લબમાં થતા ગરબાના કાર્યક્રમોને લાગુ પડશે. આ જાહેરનામા મુજબ, ટિકિટ અથવા પાસવાળા પાર્ટી પ્લોટ અને ક્લબમાં યોજાતા રાસ-ગરબાના કાર્યક્રમોની મંજૂરી હવેથી મામલતદાર દ્વારા આપવામાં આવશે નહીં. આ મંજૂરી સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDM) દ્વારા આપવામાં આવશે. આયોજકોએ મંજૂરી મેળવવા માટે SDMનો સંપર્ક કરવો પડશે. સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રે ૧૨.૦૦ વાગ્યા સુધી જ કાર્યક્રમની મંજૂરી આપવામાં આવશે. રાત્રે ૧૨.૦૦ વાગ્યા પછી કોઈપણ જગ્યાએ માઈક કે લાઉડસ્પીકર ચાલુ રાખી શકાશે નહીં. જો આ સમય પછી લાઉડસ્પીકર ચાલુ જણાશે, તો કાર્યક્રમના આયોજક અને સાઉન્ડ સિસ્ટમવાળા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જાહેરનામામાં સુરક્ષાને લગતા પણ કેટલાક કડક નિયમો મૂકવામાં આવ્યા છે જેમાં ગરબાના આયોજકોએ પ્રાઈવેટ સિક્યુરિટી મારફતે એન્ટી સબોટેજ ચેકિંગ કરાવવું અને સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત રાખવી. પાર્કિંગ અને કાર્યક્રમની જગ્યાએ પૂરતી સંખ્યામાં CCTV કેમેરા ગોઠવવા. આયોજકોએ ઈલેક્ટ્રિક ફીટીંગ યોગ્ય હોવાનું પ્રમાણપત્ર મામલતદારને રજૂ કરવું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નિયમો મુજબ, ગ્રામ્ય વિસ્તારમાં પણ જરૂરી અગ્નિશામક સાધનો રાખવા. MCB/ MILLB લગાવવું ફરજિયાત છે.

## પ્રશ્નોનું નિરાકરણ ન આવતા ૧૦૦ ભૂતપૂર્વ સૈનિકોએ પક્ષ છોડ્યો

। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

ગુજરાતના માજી સૈનિકો તેમની પડતર માંગણીઓને લઈને છેલ્લા પાંચ વર્ષથી અવારનવાર લેખિત અને મૌખિકમાં સરકારને રજૂઆત કરી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી માજી સૈનિકો ગાંધીનગરમાં એકઠા થઈને આંદોલન પર ઉતર્યા છે. તેવામાં પ્રશ્નોનું નિરાકરણ ન આવતા માજી સૈનિક સેવા ફાઉન્ડેશન ગુજરાતના અધ્યક્ષ જીતેન્દ્ર નિમાવત સહિત ૧૦૦ જેટલાં ભાજપમાં જોડાયેલા માજી સૈનિકોએ પોતાનું રાજીનામું ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલને સોંપ્યું છે. માજી સૈનિક સેવા ફાઉન્ડેશન ગુજરાતના અધિકૃત લેટરહેડમાં જણાવ્યું છે કે, સમસ્ત ગુજરાતના માજી સૈનિકો દ્વારા વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ તથા લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ભાજપ પક્ષ માટે પુરા દિલથી ઉમદા કામગીરી કરીને પાર્ટીને વિજયમાં મોટા ફાળો આપ્યો. પરંતુ સરકારે અમારી મહેનતને અવગણીને અમારા પ્રશ્નોનો હજુ સુધી નિકાલ કરવામાં આવ્યો નથી. માજી સૈનિકોએ જણાવ્યું કે, અમે બહોળી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયા હોવા છતાં માજી સૈનિકોના કલ્યાણ માટેના નિયમો તથા જાહેરનામાઓ થયેલા છે, એ નિયમોનું પાલન સરકાર દ્વારા ના કરાવી શકતા હોય અને જો સરકાર અમારું ના સાંભળતી હોય તો સામાન્ય જનતાનું શું સાંભળે? એટલે હવે તમામ માજી સૈનિકોએ ભારતીય જનતા પાર્ટીમાંથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે.

### પક્ષ છોડવા મુદ્દે કોંગ્રેસના નેતા પ્રતાપ દૂધાતનો

# મારે ઘરે કોઈનું દુઃખદ અવસાન થયું હોવાથી મેં ગેરહાજર રિપોર્ટ મુક્યો હતો

### અમરેલીમાં કોંગ્રેસના પ્રશિક્ષણ શિબિરમાં ગેરહાજર રહેલા સૌરાષ્ટ્રના દિગ્ગજ નેતા પ્રતાપ દૂધાતે સ્પષ્ટતા કરી

। (માહિતી) જુનાગઢ, તા.૧૮ ।

જુનાગઢમાં આયોજિત કોંગ્રેસના પ્રશિક્ષણ શિબિરમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દૂધાતની સૂચક ગેરહાજરી જોવા મળી. કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દૂધાત કોંગ્રેસના કાર્યક્રમમાં ગેરહાજર જોવા મળ્યા. ત્યારે રાષ્ટ્રીય નેતૃત્વએ પ્રતાપ દુધાતની ગેરહાજરીની ગંભીરતા નોંધ લીધી છે. અગાઉની શિબિરમાં પણ પ્રતાપ દુધાત હાજર ન રહ્યા હતા. આ બાદ પ્રતાપ દૂધાતને હાંકી કાઢવાની ચર્ચાઓ શરૂ થઈ હતી. ત્યારે આ મામલે પ્રતાપ દૂધાતનો મોટો ખુલાસો આવ્યો છે. કોંગ્રેસની પ્રાશિક્ષણ શિબિરમાં ગેરહાજરનો મુદ્દો વકર્યા બાદ પ્રતાપ દૂધાતે ખુલાસો કરતા કહ્યું કે, કોંગ્રેસ છોડવાની કોઈ વાત નથી. મારે ઘરે કોઈનું દુઃખદ અવસાન થયું હોવાથી મેં ગેરહાજર રિપોર્ટ મુક્યો હતો. પ્રદેશ પ્રમુખની રજા પણ લીધી હતી. પાર્ટીમાંથી કોઈએ હાઈકમાન્ડને મિસગાઈડ કર્યા છે, તેનો જવાબ કોંગ્રેસ આપશે. આગળ કોંગ્રેસના નેતાએ કહ્યું કે, હાઈકમાન્ડ જવાબ આપશે એટલે કોંગ્રેસમાં ક્યાંય અંદર ખાને વિરોધ હોવાની ચર્ચા થઈ રહી છે. આજે હું સરદાર યાત્રામાં જોડાયો છું, માં ખોડલના દર્શન કરવા આવ્યો છું. આવનારા દિવસોમાં પણ લોકોના પ્રશ્ન માટે લડીશ. હાલ પક્ષમાં નિષ્ક્રિય રહેવાનું કારણ પારિવારિક હતું, જે અમુક રાજકીય લોકોને ખબર હતી. મારા માટે મારા પરિવારથી વિશેષ મારે કંઈ ન હોઈ શકે. તો બીજી તરફ, પ્રતાપ દુધાતે નામ લીધા વગર પાર્ટીમાં કેટલાક લોકો કિન્નખોરી રાખતા હોવાનો આક્ષેપ કર્યો. તેમણે આ મુદ્દે કહ્યું કે, જે લોકોએ અટકચાળો કર્યો છે તે મીડિયા મારફતે ખબર પડી જશે. પ્રતાપ દુધાતે શિસ્ત બહાર ક્યારે કામ કર્યું નથી અને કરશે પણ નહીં.

### ભક્તો માટે કરાઈ ખાસ વ્યવસ્થા

# પાવાગઢ શક્તિપીઠ ખાતે મંદિરના દર્શનના સમયમાં ફેરફાર કરાશે

। (એજન્સી) પાવાગઢ, તા.૧૮ ।

સુપ્રસિદ્ધ યાત્રાધામ શક્તિપીઠ પાવાગઢ ખાતે નવરાત્રિ દરમિયાન મંદિરના દર્શન સમયમાં ફેરફાર કરાયો છે. નોંધનીય છે કે, આસો માસની નવરાત્રિનો પાવન પર્વ પર લાખોની સંખ્યામાં ભક્તો દર્શન માટે આવતા હોય છે. ભક્તો આરતી અને માતાના દર્શનનો લ્હાવો લઈ શકે તે માટે પાવાગઢ ટ્રસ્ટે ખાસ આયોજન કર્યું છે. નવરાત્રિ દરમિયાન પાવાગઢ મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં ૨૦મી અને ૨૧મી સપ્ટેમ્બર (અમાસ) તેમજ ૨૩મી સપ્ટેમ્બર પહેલા નોરતે સવારે ૫ વાગ્યે મંદિરના દ્વાર ખુલશે અને રાત્રે ૮ વાગ્યે બંધ થશે. જ્યારે ૨૩મીથી ૨૬મી સપ્ટેમ્બર દરમિયાન દરરોજ સવારે ૬થી રાત્રે ૮ સુધી દર્શન મળશે. પાંચમા નોરતે (૨૭મી સપ્ટેમ્બર) સવારે ૫ વાગ્યે, જ્યારે છઠ્ઠા નોરતે (૨૮મી સપ્ટેમ્બર) સવારે ૪ વાગ્યે દ્વાર ખુલશે. સાતમા અને આઠમા નોરતે (૨૯મી અને ૩૦મી સપ્ટેમ્બર) સવારે ૫ વાગ્યે, જ્યારે નવમા નોરતેથી પૂનમ સુધી (પહેલીથી ચોથી ઓક્ટોબર) સવારે ૬ વાગ્યે દ્વાર ખુલશે. પૂનમના દિવસે પાંચમી અને છઠ્ઠી ઑક્ટોબરે સવારે ૫ વાગ્યે દર્શન શરૂ થશે. ઉલ્લેખનીય છે કે, નવરાત્રિમાં ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખી વિવિધ સુવિધાઓ પણ ગોઠવાઈ છે. ગુજરાત એસટી નિગમ દ્વારા પાવાગઢ તળેટીથી માચી સુધી રોજ ૫૦થી ૬૦ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.

### દૂધધારા ડેરીની ચૂંટણી પહેલા સાંસદનો ગંભીર આક્ષેપ

# જેની પાસે વધુ પૈસા હશે તે જીતશે : મનસુખ વસાવા

। (એજન્સી) ભરૂચ, તા.૧૮ ।

ભરૂચ દૂધધારા ડેરીની આવતીકાલે શુક્રવારે (૧૯મી સપ્ટેમ્બર) ચૂંટણી યોજાવાની છે. જેમાં ચૂંટણી પહેલા સાંસદ મનસુખ વસાવાનું નિવેદન સામે આવ્યું છે. વસાવાએ ગંભીર આક્ષેપ કર્યા કે, જેની પાસે વધુ પૈસા હશે તે જીતશે. ભાજપના સાંસદ મનસુખ વસાવાએ આક્ષેપ કર્યા કે, ભરૂચમાં સહકારી સંસ્થાઓ મૂળ હેતુથી વિખેરાઈ ગઈ છે, ત્યારે સહકારી માળખાનું શુદ્ધિકરણ જરૂરી બની ગયું છે. સહકારી સંસ્થાઓની ચૂંટણી ખરીદફરોત થઈ રહી છે. જેની પાસે વધુ પૈસા હશે તે જીતશે. ચૂંટણી પ્રક્રિયાની અંતિમ વિગતો પ્રમાણે, કુલ ૨૧ ઉમેદવારી પત્ર પરત ખેંચાયા છે અને ૧ બેઠક બિનહરીફ છે. હવે ૧૪ બેઠકો માટે આવતીકાલે ૧૯ સપ્ટેમ્બરે મતદાન યોજાવાનું છે. મળતી માહિતી અનુસાર, ભરૂચ દૂધધારા ડેરીની ચૂંટણીમાં વાગરાના ધારાસભ્ય અરુણસિંહ રાણાએ ભાજપના ઉમેદવારોની પેનલ સામે વિકાસ પેનલ ચૂંટણી મેદાને ઉતારી છે. તેમણે કહ્યું કે, સસ્પેન્ડ કરવાનો કોઈ અર્થ નથી. આનાથી કોઈ ફરક પડે નહીં. અમારી વિકાસ પેનલ ચૂંટણી લડશે અને જીતશે કેમકે, કાર્યકરોનો સાથ-સહકાર છે. નોંધનીય છે કે, દૂધધારા ડેરીની મલાઈદાર ચૂંટણી માટે અરૂણસિંહ રાણાની પેનલના ૩ ઉમેદવારો અને ઘનશ્યામ પટેલની પેનલના ૧૨ ઉમેદવારોને પ્રદેશ ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવ્યું હતું.

### સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ

# પાલિકાના ચીફ ઓફિસરની સરકારી કાર ખાડામાં ખાબકી

। (એજન્સી) ગોધરા, તા.૧૮ ।

ગોધરા શહેરના ભાગોળ વિસ્તારમાં એક મસમોટો ખાડો પડી જતાં વાહનચાલકોમાં અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. અનેક વાહનો આ ખાડામાં ખાબકતા હોવાથી સ્થાનિકો લોકો દ્વારા અનેક વખત નગરપાલિકાની રજૂઆત કરાઈ છે. તેમ છતાં પાલિકા આંખ આડા કાન કરી છે. હદ તો ત્યારે થઈ કે, થોડા દિવસો પહેલા ખુદ પાલિકાના ચીફ ઓફિસરની સરકારી કાર ખાડામાં ખાબકી હતી, તેમ છતાં આ ખાડાને પુરવાની તસ્દી લેવામાં આવી નથી. ગોધરા શહેરમાં છેલ્લા એક વર્ષમાં બનાવવામાં આવેલા નવા રસ્તાઓની હાલત વરસાદ બાદ કથળી ગઈ છે. રસ્તાઓ પર મોટા ખાડા પડી જતાં શહેરીજનો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આ દરમિયાન ભાગોળ વિસ્તારમાં મસમોટો ખાડો વાહનચાલકો માટે માથાનો દુઃખાવો બન્યો છે. આ ખાડાને લઈને નગરપાલિકાને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ પગલાં લેવાયા નથી. જેના કરાણે સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, શહેરના મુખ્ય માર્ગો જેવા કે ભુરાવાવ ચાર રસ્તા નજીક યોગેશ્વર સોસાયટી રોડ, નવીન ઓવરબ્રિજ, ઉશહેરા ભાગોળ માર્ગ, ગીધવાણી રોડ, બસ સ્ટેશન માર્ગ, મોદીની વાડીથી સહેય ભાગોળ માર્ગ અને જાફરાબાદ વાવડી વિસ્તારના માર્ગો પર મોટા ખાડા પડ્યા છે.આ અંગે સ્થાનિકોએ જિલ્લા સેવાસદન કચેરીમાં લેખિત રજૂઆત કરી છે.





